આંતરભારતીય પુસ્તકમાળા

પંજાબની લોકકથા

સંપાદક

હરિભજન સિંહ

અનુવાદિકા

ગીતાંજલિ પરીખ

એકः सूते सकलम्

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN 81-237-3279-1

પહેલી આવૃત્તિ 1977 (શક 1898)
બીજી આવૃત્તિ 2000 (શક 1922)

Original title : Kissa Punjab *(Punjabi)*
Gujarati title : Punjabni Lokakatha

રૂ. 35.00

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
એ-5 ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110 016 દ્વારા પ્રકાશિત

અનુક્રમણિકા

ભૂમિકા

પંજાબી ભાષા અને પંજાબી સંસ્કૃતિને પોતાની ધરતી નજીક રહેવાનો શોખ છે. અલબત્ત, પંજાબી લોકો સંસ્કૃતિના પ્રત્યેક નવા અને આંટીઘૂંટીવાળા વિસ્તારને અપનાવવા તૈયાર રહે છે, પરંતુ એ પોતાની પ્રથમ – પુરાણી અને સાદી જીવનસરણી પ્રત્યે વફાદાર રહે છે. ધર્મ અને કલા બંને ક્ષેત્ર આ સાદગીના સાક્ષી પૂરે છે. આ માટીમાંથી ઊગેલો ધર્મ ગૂંચવણભર્યો નથી, ન તો નૃત્ય-સંગીત-કવિતા કે સ્થાપત્ય આંટીઘૂંટીવાળાં છે. નવીનતાને ખૂબ ઝડપથી સ્વીકારનાર પંજાબ કોઈક સાદગીને કારણે જ સ્થિર રહ્યું છે અને એનાં મૂળ પોતાની પુરાણી અને ઊંડી પરંપરામાં ટકી રહ્યાં છે.

નવીનતા અને પરંપરાનું આ સ્વાભાવિક સંમિશ્રણ જ પંજાબી કથાઓનો વિશિષ્ટ ગુણ છે. મધ્યકાલીન પંજાબે બહારથી આવનાર હુમલાખોરો પાસેથી ઘણું મેળવ્યું, પણ પોતાની સાદગીના જોરે એને એ રીતે પોતાના બીબામાં ઢાળી દીધું કે આનું અસલી સ્વરૂપ દેશી છે કે પરદેશી એ ઓળખવું પણ મુશ્કેલ છે. જો ભાષાને તપાસીએ તો લાગે, આ શબ્દ વિદેશી છે અને કાવ્યની આ પ્રસાદી હુમલાખોરોની સાથે જ પંજાબમાં આવી વસી હશે. પણ બલિહારી પંજાબી કવિઓની કે એમણે પોતાની ધરતીમાંથી જ હીર-રાંઝા, મિરજા-સાહિબાં, સોહની-મહીવાલ, સસ્સી-પુન્નૂ, પૂરન ભગત અને રાજા રસાલૂની એવી કથાઓ પેદા કરી કે આજે એના વિના પંજાબી કાવ્યપરંપરાની કલ્પના પણ ન થઈ શકે. પંજાબીઓ અજાણ્યાઓને પણ ખૂબ પ્રેમથી પોતાના કુટુંબના સભ્યો બનાવી લે છે, એ વાતનો થોડોક ખ્યાલ, સોહની-મહીવાલ અને સસ્સી-પુન્નૂના નાયકો પરથી મળી શકે એમ છે. ગુજરાતની નજીક, કુંભારણ સોહનીના પ્રેમમાં બંદીવાન, પંજાબનો ભેંસનો ગોવાળ, સુંદર, સોહામણો મહીવાલ મધ્ય એશિયાના રાજકુટુંબ સાથે સંબંધ ધરાવતો હતો. આ જ રીતે સસ્સી પણ ધોબીઓનાં ઘરે ઊછરીને મોટી થઈ હતી, પણ એનો પ્રેમી પુન્નૂ કોઈક પરદેશી બલૂચી હતો, જે રણની મુશ્કેલ મુસાફરી ખેડી અહીં પહોંચ્યો હતો. સહતીનો પ્રેમી મુરાદ પણ બલૂચી હતો. પોતાના હૃદયની નિકટની કથાઓમાં પણ પંજાબી કવિઓએ પરદેશીઓને નાયક બનાવ્યા છે. આ જ

પંજાબી જીવન અને પંજાબી કલાની સ્વાભાવિક ચમત્કૃતિ છે અને એક ખૂબીની વાત એ છે કે આ કથાઓમાં ક્યાંય પણ દેશ-પરદેશ વચ્ચે સંઘર્ષ નથી આવતો. કોઈ નાયક પરદેશી હોવાને કારણે અસ્વીકૃત નથી થતો. પુન્નૂ સાથે તો સસ્સીના પિતાએ આનંદથી પોતાની પુત્રીનાં લગ્ન કરાવી આપ્યાં હતાં. બિનપંજાબીને પોતાના સ્વભાવ અનુસાર કેળવી લેવો અને એના પોતાના કુટુંબનો સભ્ય બનાવી લેવો એ વાત કેવળ પંજાબી કાવ્ય પૂરતી જ સીમિત નથી, પણ સમસ્ત પંજાબની વિશિષ્ટતા છે. પંજાબી ભાષા, પંજાબી સ્થાપત્યકલા અને પંજાબી સંગીતમાં પણ આ જ વ્યવહારકૂશળતા દેખાય છે. પંજાબના ઉદાર અને સતત વિકાસશીલ સ્વભાવનો આ જ વિલક્ષણ ગુણ છે.

પંજાબી લોકકથાઓએ કેવળ પરદેશીઓને જ પંજાબી નથી બનાવ્યા, પણ પંજાબી નવયુવાનોને પણ પરદેશમાં જ પ્રેમી બનતા દર્શાવ્યા છે. પંજાબી કથાઓ મધ્યકાળની ઊપજ છે. જ્યારે રેલવે, રસ્તા અને જહાજ જેવા આવાગમનનાં સાધનો નહોતાં ત્યારે 'પચાસ-સો કોશ' અને 'નવસો માઈલ ચાલ્યાં'-માં કોઈ ફરક નહોતો. નદીઓ પર પુલ નહોતા. શ્રાવણની નદી અને જેઠ-અષાઢનું રણ પાર કરવું સરખું જ મુશ્કેલ હતું. 'જા ધીયે રાવી, ના કોઈ આવી ના કોઈ જાવી' (બેટી, રાવી પાર જા, ત્યાં તને મળવા કોઈ જઈ નહીં શકે અને કોઈ એ તરફથી આવી પણ નહીં શકે.) આ કહેવત સૈકાઓથી લોકોની જીભે ચડેલી છે. લોકસત્ય તો એ છે કે નદીને પેલે પાર એ જ આપણે માટે પરદેશ હતો. આ પ્રકારની લોકચેતનાના વાતાવરણમાં હીર-રાંઝાની કથા અસ્તિત્વમાં આવી. પંજાબી લોકકથાઓના બધા નાયક મુસાફરીની પરિસ્થિતિમાં છે અને પંજાબની પ્રેમભાવનાને મુસાફરી સાથે ગાઢ સંબંધ છે. પોતાના ઘરથી વિખૂટા પડેલા રાંઝાએ જ્યારે હીરને હાથમાં લાકડી લઈ તીવ્ર ક્રોધમાં જોઈ ત્યારે કહેવા લાગ્યો :

રાંઝા આખદા એહ જહાન સુપના,
મર જાવણા ઈ નૈનાં વાલીયે ની ।
તેરે જયે પિઆરિયાં એહ લાજમ,
આયે ગયે મુસાફરાં પાલીયે ની ॥

(રાંઝા કહે છે, આ દુનિયા સપનું છે. ઓ નયનોવાળી, તારે મરી જવાનું છે. માટે હે પ્યારી, એ જરૂરી છે કે તું મુસાફરોનું પાલનપોષણ કર.)

મુસાફરી અને પ્રેમનો એકબીજા સાથે અતૂટ સંબંધ બાંધી વારિશાહે પંજાબી ચારિત્ર્યના આ ઊંડા સુપ્ત તત્ત્વ તરફ ઇશારો કર્યો છે. પંજાબી કથાઓના નાયક જ નહીં, લોકનાયક પણ પોતાનાં ઘરોથી વિખૂટા પડીને જ પંજાબી પ્રેમને કાબેલ બન્યા

છે. પંજાબના સર્વોત્તમ લોકનાયક ગુરુ નાનકનું ઉદાહરણ તો આપણી સામે છે જ. એમણે પોતાના કર્મપ્રધાન જીવનનો ઘણોખરો સમય ચારે દિશાઓની મુસાફરીમાં જ વિતાવ્યો. પંજાબી સંસ્કૃતિ અને આઝાદી ખાતર સંગ્રામ આદરનાર ગુરુ ગોવિંદસિંહ પણ આખી ઉંમર — પ્રકાશથી જ્યોતિ જ્યોતમાં સમાવા સુધી — પોતાના મૂળ વતન માઝાથી દૂર રહ્યાં. આજે પણ પંજાબી મહત્ત્વાકાંક્ષા દૂરની સફર ખેડવાની પ્રતીક્ષા કરે છે. એવું લાગે છે કે પંજાબી પ્રતિભા પોતાના ઘરથી વિખૂટી પડીને જ પ્રામાણિક પ્રકાશ પ્રાપ્ત કરે છે. પ્રેમકથાઓના નાયક રાંઝા વગેરે પોતાનાં ઘરોથી દૂર પોતાનાં પરાક્રમ દાખવે છે. પૂરન ભગત, રાજા રસાલૂ અને દુલ્લા ભટ્ટી વગેરે ભક્ત અને સાહસિક નાયક પણ આ જ દિશામાં ચાલે છે. પૂરન તો સાવકી માના સ્ત્રી-ચરિત્રનો શિકાર બની ઘરથી બેઘર બનેલો, પણ રાજા રસાલૂએ પોતાની ઇચ્છાથી પોતાનું ઘર છોડેલું. બંનેને પ્રેમ પ્રાપ્ત થયેલો, પછી ભલે બંનેને સાધૂ-જતિની જેમ જીવવાનો શોખ હતો. રાણી સુંદરાંએ પૂરનને પોતાનો બનાવવા પ્રયત્ન કર્યો. સુંદરાં કોઈક એવા પ્રદેશની રાણી હતી, જ્યાં સ્ત્રીઓનો જ હુકમ ચાલતો હતો. સ્પષ્ટ છે કે પંજાબની બહારના કોઈ પ્રાંત પ્રતિ આ નિર્દેશ છે. રાજા રસાલૂએ સિરી કોટના રાજા સિરકપની નવજાત પુત્રી કોકલાંને પોતાની જીવનસંગિની રૂપે સ્વીકારી. સિરકપનો દેશ પણ પંજાબની બહાર છે, એવું અનુમાન કરવામાં આવે છે.

દુલ્લા પંજાબમાં જ જન્મી મોટો થયો. એની આખી જિંદગી આ જ ધરતી પર વીતી, પરંતુ એણે પોતાના માટે કામ જ કંઈ એવું શોધી કાઢ્યું કે એ પોતાને ઘરે ઠરીને બેસી શકતો નહોતો. આપણા નાયક ઘરવિહોણા જ નહીં, મિત્રવિહોણા પણ છે. જિંદગીની સફર તો આપણે સૌએ એકલા જ ખેડવાની છે. એમાં આપણો કોઈ સાથી નથી. આ ઘરવિહોણી, મિત્ર-વિહોણી જિંદગીમાં આપણને કેવળ પરદેશી દુનિયાની પ્રેમભાવનાનો આધાર છે, જે ઈશ્વરની માફક દુઃખદર્દની ક્ષણોમાં નિકટ આવી, આપણી પાસે પહોંચે છે. આ પ્રેમભાવના જ દેશ-વિદેશનો ભેદ અને અંતર મિટાવી દે છે. આ અંતર દૂર થયા પછી જ પંજાબી પ્રતિભા પોતાના અસલી પ્રકાશમાં આવે છે.

આ લોકનાયકોની કથાઓને આપણા સમર્થ કવિઓએ શબ્દદેહ જરૂર આપ્યો છે, પણ મોટા કવિઓના હાથમાં આવ્યા પહેલાં જ આ કથાઓ પંજાબી લોકમાનસમાં ઊંડી ઊતરી ચૂકી છે. પંજાબી કવિઓએ કેવળ નાયકો જ નહીં, કેટલીક કથાકથનીઓ પણ બહારના સ્રોતમાંથી પ્રાપ્ત કરી છે, લયલા-મજનૂ, શીરીં-ફરહાદ, સૈફ-ઉલમલૂક, યૂસુફ-જુલૈખાં આદિ વાર્તાઓ પણ આપણા કવિઓને પસંદ પડી. એને અપનાવી કવિઓએ સુંદર કથાઓ રચી. કેટલીક પંજાબી કથાઓ ભારતની પુરાણી અને પ્રચલિત કથાઓ સાથે પણ સંબંધ ધરાવે છે. પરંતુ પંજાબી

લોકમાનસે પોતાની ધરતીમાંથી સ્વતઃ ઊગી નીકળેલ કથાઓને જે માન્યતા આપી, એ બીજી કોઈ કથાને ન મળી. પંજાબની ચાર અમર કથાઓએ ચાર પંજાબી કવિઓનાં નામ, દુનિયા છે ત્યાં સુધી રોશન કરી દીધાં છે. કવિનાં નામ અને કથાઓનાં નામ એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. હીર-વારિસ, સસ્સી-હાશિમ, સોહણી-ફઝલશાહનાં નામો તો લોકોની જીભના ટેરવે છે. પીલૂનો મિરજા અને કાદરયારનો પૂરન ભગત પણ આ રીતે એની સાથે સાથે જ યાદ કરવામાં આવે છે. કવિ અને નાયક વચ્ચે કોઈ પ્રકારની ભેદરેખા દોરી શકાય તેમ નથી. આવા અભિન્ન સંબંધનું કારણ એ છે કે કાવ્ય કથાનું રૂપ ધારણ કરતાં પહેલાં આ કથાઓ લોકમાનસનું સહજ અંગ બની ગઈ હતી. જ્યારે વારિસ, હાશમ, પીલૂ વગેરે સમર્થ કવિઓનાં કાવ્યો લોકોને પસંદ પડ્યાં તો સહજ રીતે જ એ લોકમાનસમાં સ્થાન પામી ગયાં. દરેક કથા સાથે સંબંધિત લોકકાવ્યનો કોઈ ને કોઈ ભાગ આજે પણ શોધી શકાય એમ છે :

ચલો સઈયો ચલ વેરૂણ ચલીયે,
રાંઝે દા ચુબારા ની ।
હીર નિમાણી ઇટ્ટાં ઢોવે,
રાંઝા ઢોવે ગારા ની ॥

(સખીઓ, ચાલો, રાંઝાનો ચબૂતરો જોવા જઈએ. બિચારી હીર ઈંટો ઊંચકી રહી છે અને રાંઝા માટી ઉઠાવે છે.)

સોહણી હિજર દે દીવે પઈ બાલદી,
કોઈ ખબર લયાવે મહીવાલ દી ।

(સોહણી વિરહના દીપ જલાવે છે. કોઈક મહીવાલના સમાચાર લાવે.)

ના જાવીં રાંઝા વે,
સાનૂં બહરે ગમાં વિચ્ચ રોડ કે ।

(રાંઝા, અમને દુઃખના દરિયામાં ધકેલીને ન જતો.)

કોઈ જાવો સઈયો ની,
રાંઝણ નૂં લ્યાવો મોડ કે ।

(સખી જાઓ, કોઈ જઈ રાંઝાને પાછો લાવો.)

ચલ નિયાં કરાઈ યે વે,
રાંઝણા તૂ કાલા મૈં ગોરી ।

(ચાલો, જઈને ન્યાય કરાવીએ, રાંઝા, તુ કાળો છે. હું ગોરી છું.)

આવી જાતના અનેક કાવ્યાંશ લોકો પોતે રચતા રહ્યા છે. થોડા વખત સુધી લોકોને મોંએ ચડ્યા, પછી ભુલાઈ ગયા. પણ દુલ્લા ભટ્ટી અને સુંદરી સંબંધી એક અંશ તો અમર થઈ ગયો છે. આજ સુધી 'લોહડી'ના દિવસે છોકરાઓ આ જ સંભળાવી 'લોહડી' માગે છે. આ વાર્તા લોકો ભૂલી ગયા છે, પણ ખબર નહીં, કઈ શુભ ઘડીએ કોઈ લોકકવિએ નિમ્નલિખિત કડીઓ જોડી દીધી. એ લોકજીભે એવી ચડી ગઈ છે કે એને ભૂલવી મુશ્કેલ છે :

સુંદર મુંદરિયે હો
તેરા કૌન વિચારા, હો
દુલ્લા ભટ્ટીવાલા, હો
દુલ્લે ધી બ્યાહી, હો
સેર શક્કર આઈ, હો
કુડી દે બોઝે પાઈ, હો
કુડી દા લાલ પટાકા, હો
કુડી દા સાલૂ પાટા, હો
સાલૂ કૌન સમેટે, હો
ચાચા ગાલી દેસે, હો
ચાચે ચૂરી કુટ્ટી, હો
જિમીંદારાં લુટ્ટી, હો
જિમીંદાર સદાયે, હો
ગિન-ગિન પૌલે લાયે, હો

આ પ્રામાણિક લોકગીત છે, જેમાં કથાના દોરા આગળપાછળ ગૂંચવાઈ ગયા છે. લોકગીતની આ પ્રકૃતિ છે. કથા તો લોકોને ખબર જ હોય છે. લોકકવિ એને પોતાને રુચે તેવું રૂપ દઈ દે છે. સુંદરી માવિહોણી હતી. એના પિતાની છત્રછાયા પણ એને માથે નહોતી. કાકા જમીનદાર હતા. એ પ્રાંતમાંથી અકબર બાદશાહ પસાર થવાના હતા. જમીનદારોએ નક્કી કર્યું કે સુંદરીને બાદશાહની સામે રજૂ કરવી. ગામની સૌથી સુંદર (લાલ ફટાકડો) અને સૌથી ગરીબ (ફાટેલાં લૂગડાંવાળી) છોકરીની રક્ષા કરવા 'કોણ બિચારું' આવે ? વાત દુલ્લા ભટ્ટીના કાને પહોંચી. દુલ્લા દીનદુઃખીનો શુભચિંતક હતો. એણે તરત પોતાની દીકરીની માફક સુંદરીનાં લગ્ન લઈ લીધાં. ઉતાવળમાં લગ્નની ધામધૂમ પણ ન થઈ શકી. 'શેર સાકરથી' જ લગ્નનાં શુકન કરવામાં આવ્યાં. પણ એણે જમીનદારોની બૂરી હાલત કરી નાખી. આ રીતે લોકગીતોમાંથી નીકળીને જ પંજાબી લોકનાયકોએ કથાઓની દુનિયામાં પોતાનું સ્થાન મેળવ્યું. કાવ્ય-નાયક થવા પહેલાં જ એ લોક-કાવ્યનાયક

અને કાવ્ય-નાયક બની ચૂક્યા હતા. આ બધા લોકનાયકો, પંજાબના સીધાસાદા લોકધર્મ પ્રતિ નિર્દેશ કરે છે. પંજાબી લોકધર્મનું લગભગ બધું વર્ણન 'સુંદર-મુંદરિયે'નાં લોકગીત તથા બીજા પંજાબી કથાઓમાં મળે છે. પંજાબે લાલ ફટાકડા જેવા સૌંદર્યને કોઈ ને કોઈ રીતે ફાટેલ લૂંગડાંવાળી ગરીબી સાથે જોડી રાખ્યું છે. કુંભારણ સોહની, ધોબણ સસ્સી, ભેંસ ચારનાર અજીમબેગ, ભેંસ ચારનાર રાંઝા પંજાબના ખૂબસૂરત પરંતુ ગરીબ યૌવનનાં જ પ્રતીક છે. રાજાના પુત્ર પૂરન અને રસાલૂની લોકકથા પણ લોકપ્રિય થઈ. આનું મુખ્ય કારણ તો એ જ કે એમણે રાજકુમાર હોવા છતાં રાજપાટને લાત મારી ગરીબીની હાલતમાં ઘૂમ્યા કર્યું. પંજાબી લોકપ્રતિભાએ પોતાની સ્વીકૃતિની મહોર ગરીબ સૌંદર્ય પર મારી છે. લોકસ્વીકૃતિની બીજી કસોટી છે સદાચાર. આ ગીતમાં દુલ્લાએ સુંદરીને પુત્રી બનાવી લીધી. હીર-રાંઝાના પ્રેમ પર પાંચે પીરના હાથ છે. પૂરનને ગુરુ ગોરખનાથનું વરદાન મળ્યું છે. આ પ્રકારનાં નાનાં મોટાં વૃત્તાંત લગભગ દરેક કથામાં મળે છે. પ્રેમ હો કે ફકીરી, ચોરી હો કે સાધુપણું, દરેક જગ્યાએ સદાચાર એક ધાર્મિક સચ્ચાઈની માફક હાજર છે. સદાચારે ગરીબીને આગવા પ્રકારની અમીરી દીધી છે.

આપણી કથાઓનો ત્રીજો મહત્ત્વપૂર્ણ ગુણ છે વ્યક્તિની સ્વાતંત્ર્ય-ભાવના. ઘણી વાર કુટુંબ આ સ્વતંત્રતાના માર્ગમાં અવરોધ નાખે છે, પણ વ્યક્તિ કૌટુંબિક બંધનો પાર કરવા ઇચ્છે છે. વ્યક્તિ અને કુટુંબ વચ્ચેનું ઘર્ષણ, પંજાબી કથાઓનું એક એવું લક્ષણ છે, જેના વિના કથાની કલ્પના જ ન થઈ શકે. પંજાબના પ્રેમીઓ સાંસ્કૃતિક સંયમમાં રહેવા ઇચ્છે છે. પણ કૌટુંબિક બંધનમાં રહેવું એમને માન્ય નથી. પ્રત્યેક પંજાબી સર્વસ્વીકૃત સંસ્કૃતિને આધીન રહેવાનું તો સ્વીકારે છે, પણ એ મર્યાદામાં રહીને એટલું તો ઇચ્છે જ છે કે પોતાની જિંદગીના નિર્ણયો પોતે જ કરે. જ્યાં પણ વ્યક્તિના ભાગ્યનો નિર્ણય કુટુંબ કરવા જાય છે ત્યાં ઘર્ષણ પેદા થઈ જાય છે. સુંદરીના કાકા, સુંદરીની મરજી વિરુદ્ધ, એને બાદશાહની વિલાસિતાનું સાધન બનાવવા ઇચ્છે છે, ત્યાંથી જ લોકધર્મ એનો વિરોધ કરે છે. હીર, સોહની અને સાહિબાં પણ પોતાનાં લગ્નનો નિર્ણય પોતે કરવા માટે પોતાના કુટુંબ સામે ઝૂઝે છે. સસ્સીને પોતાના કુટુંબની સ્વીકૃતિ મળી જાય છે, પણ એના પતિનું કુટુંબ અવરોધ ઊભો કરી દે છે. પૂરનનાં દુઃખોની કથાની શરૂઆત જ સાવકી મા અને રાજા પિતાના સ્વૈચ્છિક નિર્ણયોને કારણે થાય છે. રસાલૂની કથા પણ અફર સ્વતંત્રતાના પ્રચંડ વેગની કથા છે. મધ્ય કાળની સમગ્ર સાહિત્યસૃષ્ટિમાં કદાચ પંજાબી નાયક-નાયિકાઓનો સ્વભાવ સૌથી વિશેષ વિલક્ષણ છે. કૌટુંબિક પ્રતિબંધો સામેનો આવો પ્રચંડ વિરોધ બીજે ક્યાંય નથી મળતો. સમાજ એક અત્યંત

બળવાન, પરંતુ અમૂર્ત યથાર્થ છે. આપણી કથાઓમાં અસ્પષ્ટ સમાજવિરોધને સ્થાન નથી. લોકકથાઓ લોકજીવનની ખૂબ નિકટ છે અને કવિઓએ સમાજના નિકટતમ અને સ્પષ્ટ વિવરણ તરફ જ ધ્યાન આપ્યું છે. સમાજનું સૌથી પ્રબળ અને સ્પષ્ટ અંગ પરિવાર છે. મધ્યકાલીન પંજાબી રચનાઓમાં આનું આધુનિક વર્ણન એક પડકારની માફક રજૂ થયું છે. નોંધવા જેવું એ છે કે આ કથાઓનાં પાત્રો આખરી શ્વાસ સુધી પોતાની સ્વતંત્રતા પ્રતિ વફાદાર રહે છે, પણ ક્યાંય સંયમની સીમાનું ઉલ્લંઘન કરતાં નથી. હીર પોતાના કઠિન સંઘર્ષથી રાંઝાને પ્રાપ્ત કરી લે છે, છતાં ત્યાર બાદ એ પોતાનાં માબાપની સંમતિ મેળવવા ઇચ્છે છે અને એમને આધીન રહીને જ પોતાનું નવું જીવન શરૂ કરવા ઇચ્છે છે. પુન્નૂના ચાલી ગયા પછી સસ્સી એની પાછળ દોડે છે. સોહની પોતાના પ્રથમ પ્રેમ પ્રતિ વફાદાર રહી પોતાના પ્રેમીને મળે છે, પણ સામાજિક રીતરિવાજો અનુસાર થયેલાં લગ્ન નથી તોડી શકતી. જોગી બન્યા પછી પણ પૂરનના મનમાં માબાપ પ્રતિ આદરભાવ રહે છે. સાવકી માને પણ વરદાન આપવા એ ફરી પોતાના શહેરમાં આવે છે. આ પ્રકારનાં અનેક દૃષ્ટાંતો આ કથાઓમાં મળશે. એનાથી એટલું પુરવાર થશે કે પંજાબી આચરણ પોતાની સ્વતંત્રતાને સામાજિક સંયમની મર્યાદામાં રાખવા માગે છે. પણ જો સંયમ બંધન બની વ્યક્તિગત સ્વતંત્રતાનું ગળું રૂંધે તો એના વિરોધ માટે દૃઢતાથી ખડો થઈ જાય છે. આઝાદીને ક્યાંય પણ સ્વચ્છંદી થવાની અનુમતિ નથી, પણ સંયમને પણ બંધન બની જવાની અનુમતિ નથી.

પંજાબી લોકમાનસે લોકકથાઓને જેટલો પ્રેમ આપ્યો છે એટલો બીજા કોઈ કાવ્યરૂપને નથી આપ્યો. મધ્યકાલીન પંજાબી સાહિત્યની અમુક ધારણાઓ તો કોઈક કોઈક લોકસમૂહનો ધર્મ બની ગઈ છે. એ આપણા મનમાં ખૂબ ઊંડી ઊતરી ગઈ છે, પણ સમગ્ર પંજાબી જનતામાં એને એકસરખી સ્વીકૃતિ નથી મળી. પંજાબી કથાઓનાં શરીર અને આત્મા પણ ધર્મ સાથે સંબંધ ધરાવે છે. આ એક વિશિષ્ટ લોકધર્મ છે, જે સંસ્થાઓની પકડથી મુક્ત છે. ખરેખર તો પંજાબી લોકવ્યવહારમાં લોકધર્મનો જ વાસ છે. એનો સીધોસાદો અર્થ એ છે કે પંજાબી જ્યાં જન્મ્યા, ઊછર્યા ત્યાંની જ રહેણીકરણી અપનાવી લીધી, પણ અંતરના સત્યને નિઃસંકોચ પ્રગટ કર્યું. અંતરના સત્યને બેલગામ ન થવા દીધું, પણ બહારના સત્યને પોતાને નાથવાની મંજૂરી પણ ન આપી. સદાચારનો મધ્યમ માર્ગ જ પંજાબી વ્યવહાર અને પંજાબી લોકકથાનો માર્ગ છે. દૈનિક જીવનમાં પણ આ જ માર્ગે ચાલી શકાય.

સંક્ષેપમાં સાદગી, સદાચાર, સ્વતંત્રતા અને સંયમની સંયુક્ત સૃષ્ટિ જ પંજાબી લોકકથાઓની સૃષ્ટિ છે.

— **હરિભજન સિંહ**

હીર-રાંઝા

મોહન સિંહ

હીરની કથા મોગલો હિંદુસ્તાનમાં આવ્યા તેના થોડા સમય પહેલાંની જ છે. આ એ સમય હતો જ્યારે રજપૂતો નવા નવા મુસલમાન બન્યા હતા. સિયાલ ધારનગરના રજપૂતો હતા. સન 1258માં રાય શંકરના સુપુત્ર રાય સિયાલે બાબા ફરીદ શકરગંજના હસ્તે ઇસ્લામ સ્વીકાર્યો હતો. આ લોકોએ મુસલમાન બન્યા પછી પણ હિંદુ રીત-રિવાજો ચાલુ રાખ્યા હતા. આ લોકો પોતાની સ્ત્રીઓને પરદામાં રાખતા નહોતા. તુર્કો જેવાં ભૂરાં વસ્ત્રો પહેરવાં અને પિત્તળનાં વાસણોનો ઉપયોગ પણ એમને ત્યાં વર્જિત હતો. સિયાલ જ્યારે પહેલવહેલા અહીં આવ્યા ત્યારે એમના પૂર્વજ મલખાને 1162માં ઝંગ વસાવ્યું. ચૂચક પણ સિયાલોનો એક સરદાર હતો. હીર આ જ મહિર ચૂચકની પુત્રી હતી. મિહરી હોવાને કારણે એ ખૂબ લાડકોડમાં ઊછરી હતી. એનું કામ સખીઓ સાથે મળી હીંચકે ઝૂલવાનું, ચિનાબ નદીમાં નાહવાનું અથવા વસંતની જેમ સજાવેલી પોતાની નાનકડી હોડીમાં બેસી ચિનાબને કિનારે આવી સઘન કુંજોનું સૌંદર્ય નિહાળવાનું હતું અથવા તો પાણીના ખોળે ક્રીડા કરતાં કરતાં સૂર્યોદયના દૃશ્યનો અને દિવસ આથમતાં રંગીન પડછાયાની લીલાનો આનંદ લૂંટવાનું હતું. હીર જેમ યુવાન, તંદુરસ્ત, શોખીન અને નીડર હતી, એમ એ અત્યંત સુંદર પણ હતી. યુવાની અને રૂપના સુમેળે ગજબ કરી દીધો હતો. એની ચાલ નવાબના હાથી જેવી હતી અને એનો ઠસ્સો ગરુડ જેવો હતો. ભારતીય પરંપરા અનુસાર એ 'મોહિની અને ઇન્દ્રાણી' હતી, એમ ઈરાની પરંપરા અનુસાર, એ 'પુતલી પીકને દી, નકશ રૂમ વાલે, ગુઝઝી રહે ન હીર હજાર વિચ્વોં' હતી.[1]

ઝંગના અગ્રણી હોવા ઉપરાંત ચિનાબના ઘાટોનો વહીવટ પણ ચૂચકના હાથમાં હતો. ત્યાં મુસાફરોને સામે કાંઠે લઈ જવા માટે કેટલીયે હોડીઓ ઊભી રહેતી. આખો દિવસ મુસાફરો અને સોદાગરો ઘાટ પાર કર્યા કરતા. દરેક મુસાફરની પહેલી નજર હીરની હોડી પર પડતી. હીરના મલ્લાહ લુડ્ડને આ હોડી ખૂબ શણગારીને રાખી હતી. આ ખાલી હોડીને જોતાં જ મુસાફરોની આંખોમાં

1. ચીની પૂતળી, ચંચળ ચહેરાવાળી હીર હજારોમાં છુપાવી છૂપે એવી નહોતી.

અનુપમ સપનાં જાગવા માંડતાં, પરંતુ જેને હીરનાં પણ દર્શન થઈ જતાં એ તો સાક્ષાત્ નશાનું રૂપ બની જતા. આમ, મુસાફરો અને સોદાગરો દ્વારા હીરનાં રૂપ અને યૌવનની વાતો દૂર દૂર સુધી ફેલાઈ ચૂકી હતી.

તખ્ત હજારા ઝંગથી એંશી માઈલ દૂર હતું. ત્યાં પણ હીરના સૌંદર્યની વાતો પહોંચી ચૂકી હતી અને ત્યાંનાં યુવાન છોકરા-છોકરીઓ હીરના નામથી પરિચિત થઈ ગયાં હતાં. તખ્ત હજારાના ચૌધરીનું નામ મૌજૂ હતું અને એ જાતે રાંઝા જાટ હતો. એને આઠ દીકરાઓ હતા. એમાં ધીદો સૌથી નાનો, સુંદર અને નાજુક હતો. પિતાના મૃત્યુ પછી ભાઈઓએ જમીનની માપણી કરી ભાગ પાડી લીધા. પોતે તો સારી જમીન કબજે કરી લીધી અને ઉજ્જડ અને વેરાન જમીન ધીદોને સોંપી દીધી. પિતાનો લાડકો પુત્ર હોવાને કારણે રાંઝાએ કદી ખેતીનું કામ કર્યું નહોતું એટલે એણે ખેતીવાડી તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું અને નફકરો થઈ મંડ્યો ગલીકૂંચીઓમાં ઘૂમવા. રાંઝાની ભાભીઓ એના પર વારી જતી હતી. થોડા દિવસ સુધી તો એમણે એમને લાડ કર્યાં. પણ પછી એમણે જોયું કે આ તો કેવળ તેલથી વાળ સમારવા અને વાંસળી વગાડવાને જ લાયક છે એટલે એમણે એને ટોણાં મારવાં શરૂ કરી દીધાં. જો રાંઝા પોતાની ભાભીઓના પ્રેમનો જરાક પણ બદલો આપતો હોત તો કદાચ એ એને આટલાં ટોણાં ન મારત, પણ રાંઝાનો સ્વભાવ વિચિત્ર હતો. એની યુવાની ખૂબ વેપરવા અને નફકરી હતી. એટલે એક દિવસ એની સૌથી નાની ભાભીએ મહેણું માર્યું, 'જો તને અમારી પરવા નથી તો જા, સિયાલોની હીર પરણી લાવ.'

ભાભીના મહેણાએ રાંઝાનું દિલ ઉદાસ કરી દીધું અને 'હત્થ વંઝલી, જુત્તિયાં ભાર કચ્છે, રાંઝા હો તુરેયા વારિસશાહ જેહા.'[1] પહેલી રાત એણે રસ્તામાં એક મસ્જિદમાં ગુજારી, ત્યાં એક મુલ્લા સાથે તકરાર પણ થઈ ગઈ. બીજે દિવસે ઊઠી રાંઝા પોતાના માર્ગે ચાલી નીકળ્યો. અંતે પડાવ નાખતો નાખતો એ ચિનાબના ઘાટે પહોંચ્યો. સામે લુડ્ડન નાવિક પોતાની નાવ છોડવા તૈયાર ઊભો હતો. રાંઝાએ રબ્બ(ખુદા)નું નામ લઈ લુડ્ડનને પાર પહોંચાડવાની વિનંતી કરી. પણ હૃષ્ટપુષ્ટ નાવિકે રાંઝાને ધક્કો મારી દૂર ફેંકી દીધો અને નાવ પાણીમાં ધકેલી દીધી. લુડ્ડનની સ્ત્રીઓએ જેવું રાંઝાનું રૂપ જોયું કે એની આસપાસ ટોળે વળી બેસી ગઈ અને એની સારવાર કરવા માંડી. જ્યારે રાંઝાનો થાક ઊતર્યો ત્યારે એણે વાંસળી વગાડવાની શરૂ કરી. પછી શું ? ઘાટનાં બધાં સ્ત્રી-પુરુષો એની આસપાસ એકઠાં થઈ ગયાં. લુડ્ડનની સ્ત્રીઓ રાંઝા પર એટલી મોહિત થઈ ગઈ કે એને હીરની

---

1. હાથમાં વાંસળી, બગલમાં જોડા દબાવી રાંઝા વારિસશાહની માફક ઘરેથી નીકળી પડ્યો.

હોડીમાં લઈ ગઈ. ત્યાં રેશમી પડદામાં હીરનું બિછાનું બિછાવેલું હતું. રાંઝા ખૂબ લાંબો રસ્તો કાપીને આવ્યો હતો. પથારીમાં પડતાં જ સૂઈ ગયો. જ્યારે હીરને ખબર પડી કે લુડ્ડને એના બિછાના પર કોઈ પરદેશીને સુવાડ્યો છે ત્યારે એ ક્રોધથી લાલપીળી થઈ ગઈ અને પોતાની સખીઓ સાથે દોડતી ત્યાં આવી. આવતાં જ એણે લાકડી મારી મારીને લુડ્ડનને લોહીલુહાણ કરી નાખ્યો. પછી એ ઝડપથી હોડી તરફ આગળ વધી. પરદેશીને પોતાના બિછાનામાં સૂતેલો જોઈ એણે ક્રોધમાં એક લાકડી મારી પણ 'રાંઝે ઉઠ કે આખિયા, વાહ સજન, હીર હસ કે મેહરબાન હોઈ.'[1]

હીરની આંખમાં એક નવું તેજ ચમકી ઊઠ્યું, હોડીના પડદા ખેંચી એ રાંઝાની પાસે પલંગની ધારે બેસી ગઈ. કોણ જાણે કેટલો વખત અલકમલકની વાતો થતી રહી. જ્યારે હીરે પોતાનો પ્રેમ પ્રગટ કર્યો તો રાંઝાએ કહ્યું, 'જો તું મને ત્રિંજનો[2] અને હિંડોળામાં મસ્ત થઈ ભૂલી જવાની હો, તો હમણાં જ કહી દે.'

હીરે ખૂબ ગંભીરતાથી કહ્યું,

મૈનૂં બાબલે દી કસમ રાંઝિયા વે,
મરે માંઊં જે તુધ થીં મુખ મોડાં ।
અન્નીં હોયે કે નૈન પ્રાન જાવણ,
તેરે બાઝ જો કૌન્ત મૈં હોર-લોડાં ।
મૈં તાં ધુર દરગાહ થીં લિઆ રાંઝા,
થીવાં સૂર જે પ્રીત દી રીત તોડાં ।[3]

જ્યારે બંને તરફથી પાકા કોલકરાર થઈ ગયા તો હીરે ખૂબ ચતુરાઈથી પોતાનાં મા-બાપને રાજી કરી, રાંઝાને ભેંસો ચારવા માટે નોકર તરીકે રાખી લીધો. ચૂચકે ઘણું કહ્યું, કે આ છોકરો તો મને ઘણો સુંદર અને નાજુક લાગે છે; 'એહ મંઝીં દે નહીં દરકાર દા એ.'[4] આ તો આપણી ભેંસોને બીજાની ભેંસો સાથે ભેળવી દેશે. જ્યાં જંગલી જનાવરો ખુલ્લેઆમ ભટકે છે એ જંગલની તકલીફો આનાથી નહીં સહન થાય. પરંતુ હીરે એમ કહીને બાપને સંતોષ કરાવી દીધો :

1. રાંઝાએ ઊઠીને કહ્યું, 'વાહ સજન', હીર હસીને ખુશ થઈ.

2. ચરખો કાંતનારાની મંડળી.

3. રાંઝા, મને મારા પિતાના સોગંદ, જો હું તારાથી મોં ફેરવું તો મારી મા મરી જાય. તારા સિવાય હું બીજા કોઈ પતિની ઇચ્છા કરું તો હું આંધળી થઈ મરી જાઉં. મેં તો રાંઝાને સીધો દરગાહથી મેળવ્યો છે. જો પ્રીતની રીત તોડું તો હું સૂવર થઈ જાઉં.

4. આ ભેંસો ચારવા માટે યોગ્ય નથી.

બડા ચતર તે અકલ દા કોઠ નટ્ઠા,
મંઝીં બહુત સંભાલ કે ચારદા એ ।
હિક્કે નાલ પિઆર દે હૂંગ દે કે,
સોટા સિંગ તે મૂલ ના મરદા એ ।[1]

વાત એમ બની કે રાંઝાએ બાર વર્ષો સુધી સિયાલોની ભેંસો ચારી. એ રોજ ભેંસોને નદીકિનારે જંગલમાં લઈ જતો અને સાંજે વાંસળીના અવાજની પાછળ પાછળ એ ઘરે આવી જતી. હીર રોજ ચૂરમાનો કટોરો ભરી જંગલમાં પહોંચતી. ત્યાં બંને ભેગાં મળી ચૂરમું ખાતાં અને મહોબતનાં વણસ્પર્શ્યાં શિખરો પર પહોંચી જંગલના સઘન અંધકારમાં ક્યાંક ક્યાંક દેખા દેતાં. નદીની સ્વર્ણ રંગી લહેરોની લીલાનો આનંદ લૂંટતાં. પરંતુ પ્રેમ અને કસ્તૂરી ક્યાં સુધી છુપાવી શકાય ? થોડા જ વખતમાં આખા ઝંગમાં હીર-રાંઝાના પ્રેમનું પ્રકરણ ચર્ચાવા લાગ્યું. જેટલાં મોં એટલી વાતો. પરંતુ હીર-રાંઝાની જોડી એટલી શોભતી હતી કે કોઈને ખોટું ન લાગ્યું, બલકે દરેકે એના પર પડદો પાડી દીધો.

પણ આ પ્રેમનાટકમાં એક ઉપદ્રવી આવી ઘૂસ્યો હતો. એ હતો હીરનો કાકો કૈદોં લંગડો. કૈદોંનો દેખાવ જ કંઈક વિચિત્ર હતો. માથે કલંદર ટોપી, ગળે મુંજની માળા, હાથમાં ખપ્પર, ભાંગ-ચરસનો શોખીન, ગામની બહાર ઝૂંપડીમાં રહેતો હતો. પોપટ, તેતર, મરઘાં-મરઘી પાળવાનો શોખીન હતો. વાત એમ હતી કે અડધો જાટ અને અડધો ફકીર હતો. એણે ભાંગનાં અડ્ડા પર ભાંગ પી પીને આખી જિંદગી કાઢી હતી. એ બીજા ફકીરો જેવો છડેછડો હતો. પ્રેમ-મહોબતને ફૂલતાં-ફાલતાં જોઈને જલવું એને માટે સ્વાભાવિક હતું. હીર અને એની સખીઓ રાંઝા સાથે બેસી ચૂરમું ખાય અને પછી જંગલમાં લાલ કચોરીની રમત રમે એ તો એનાથી કેમ સહન થાય ! એટલે એક દિવસ હીરની પાછળ પાછળ જંગલમાં પહોંચી ગયો. હીર નદીએ પાણી લેવા ગયેલી ને રાંઝા એકલો બેઠો બેઠો ચૂરમું ખાતો હતો. કૈદોંએ ખૂબ આજીજીપૂર્વક રાંઝા પાસેથી થોડું ચૂરમું માગ્યું. રાંઝાએ કટોરો જ આગળ ધરી દીધો ને કહ્યું, 'મુઠ્ઠો ભરીને લઈ લો.' કૈદોંએ મુઠ્ઠી ભરી ચૂરમું લઈ લીધું ને લંગડાતો લંગડાતો ગામ તરફ ભાગ્યો. હીર જ્યારે પાણી ભરીને પાછી આવી ત્યારે રાંઝાના ભોળપણ પર ખૂબ ખિજાઈ. એને ખબર હતી કે લંગડો પોતાની આદત મુજબ ગામમાં પહોંચી શોર મચાવશે. કૈદોં હજી ગામ સુધી પહોંચ્યો પણ નહોતો કે હીરે દોડીને એને પકડી લીધો. એની ટોપી, માળા

---

1. આ છોકરો ખૂબ હોશિયાર અને અક્કલનો ભંડાર છે. ખૂબ સાવધાનીથી ભેંસો ચારે છે. પ્રેમથી બોલાવે છે અને ભેંસનાં શીંગડાં પર કદી ડંડા નથી મારતો.

અને મુંજની દોરી ખેંચી એને બેહાલ કરી દીધો. બધું ચૂરમું માટીમાં વેરાઈ ગયું. પણ હીર જેવી ગઈ કે કૈદોંએ ચૂરમાનો એક એક ટુકડો માટીમાંથી વીણી લીધો ને ગામમાં જઈ શોરબકોર કરી મૂક્યો. ચૂચક અને મલકીને ખૂબ શરમ આવી. હીરના ભાઈ સુલતાને તલવાર ઉઠાવી કહેવા માંડ્યું : ‘હું એ નોકરના કટકેકટકા કરી નાખીશ.’ એમણે રાંઝાને ધુત્કારીને કાઢી મૂક્યો. પણ આ પ્રસંગથી હીરે હાર ન સ્વીકારી, બલકે એણે ખૂબ હિંમતથી પોતાના ભાઈ સુલતાનને કહ્યું :

અક્ખાં લગ્ગીઆં મુડન ન વીર મેરે,
વે મૈં ઘોલ ઘત્તી બલિહારિયાં વે ।
વહન પયે દરિયા ના કદી રુકદે,
ભાવેં માર દેખો બન્હાં ભારિયાં વે ।
ખૂન નિકલનો કદી ના રુકદા એ,
જિત્થે લગીયાં તેજ કટારિયાં વે ।[1]

બાર વર્ષની મહેનત પર પાણી ફરી વળતું જોઈ રાંઝા કોઈ ખૂણે જઈને સૂઈ ગયો. પણ બીજે દિવસે જ્યારે ભેંસોને જંગલમાં લઈ જવા લાગ્યા તો રાંઝા વિના ભેંસો ચાલી જ નહીં. ચારા પાસે બાંધી તો એમણે સાનીને મોં પણ ન લગાવ્યું. અંતે હારીને ચૂચક અને મલકીએ કૂટનીતિ વાપરી અને રાંઝાને મનાવી ફરી ભેંસો સાથે મોકલી દીધો અને હીરને પણ સમજાવી દીધી કે આટલી બદનામી પછી તારે જંગલમાં જવું ઠીક નથી. અંદરોઅંદર એમણે નિર્ણય કરી લીધો હતો કે જેમ બને તેમ જલદી હીરનાં લગ્ન કરી નાખશું અને નોકરની બલા આપોઆપ છૂટી જશે. પણ આખા ગામની સહાનુભૂતિ હીર-રાંઝા તરફ હતી. ઉપરાંત હીરમાં પણ ખૂબ ચતુરાઈ હતી. એણે તરત મિઠ્ઠી હજામના ઘરને મિલનસ્થાન બનાવી લીધું. રાંઝા ભેંસોને જંગલમાં છોડી મિઠ્ઠી હજામના ઘરે આવી જતો અને બન્ને મન ભરીને વાતો કરતાં. ક્યારેક ક્યારેક નદીએ નાહવાનો કાર્યક્રમ ઘડતાં. હીર પોતાની સખીઓ સહિત રાંઝા સાથે નાહતી.

એસ તખ્ત હજારે દે ડંબરે તે,
રંગ રંગ દિયોં જાલીઆં પાંદી હૈ ।[2]

પણ જ્યારે વાત બહુ ફેલાઈ ગઈ ત્યારે ખેડા સાથે હીરનાં લગ્નની વાત પાકી

---

1. ઓ મારા ભાઈ ! આંખ એક વાર મળ્યા પછી પાછી વળતી નથી. હું વારી જાઉં... વહેતી નદી કદી નથી રોકાતી – જોઈએ તો ઉપર બંધ બાંધી જોઈ લો. જ્યાં તેજ કટાર લાગે ત્યાં લોહી નીકળે જ, એને રોકી જ ન શકાય.

2. તખ્ત હજારાના આ ભલાભોળા છોકરા પર ભાતભાતની રંગીન જાળ બિછાવતી.

થઈ ગઈ. થોડા દિવસમાં જ વાજતેગાજતે ખેડા રંગપુરથી ઝંગ આવી ગયા. ભાતભાતનાં પક્વાન થયાં, આતશબાજી થઈ, આખા ગામમાં આનંદઓચ્છવ થઈ ગયો. પણ આ રોનક જોઈ રાંઝાને ખૂબ બેચેની થતી હતી. એ ઉદાસ અને વિવશ દેખાતો હતો. ક્યારેક નદીકિનારે બેસી ભાંગ પીતો, ક્યારેક ભેંસના ગળામાં હાથ પરોવી રડી પડતો. જો હીરની કોઈ સખી એને બોલાવતી તો એ વાતવાતમાં રડમસ થઈ જતો. પેલી બાજુ હીરને માળા[1] નાખી દીધી હતી. એને રાંઝાની દિલગીરીની જાણ હતી. એણે પોતાની સખીઓને કહ્યું, ‘જતાં પહેલાં હું રાંઝાને એક વાત કહેવા માગું છું. જાઓ, એને છોકરીના વેશમાં મારી પાસે લઈ આવો.’ રાત જ્યારે સારી એવી વીતી ગઈ, હીરની માસીઓ, ફોઈઓ એની પાસેથી ખસી ગઈ અને હીરની થોડી સખીઓ જ એની પાસે રહી ત્યારે રાંઝા સ્ત્રીના વેશમાં હીર પાસે આવ્યો. કંઈક સ્ત્રીના વેશથી અને કંઈક ઉદાસીને કારણે એ સુંદર લાગતો હતો. હીરે રાંઝાને કહ્યું, ‘મારી વાત માની લે. મને હમણાં જ ભગાડીને લઈ જા. કાલે જો માબાપે મને ડોળીમાં બેસાડી દીધી તો કોઈનું કંઈ નહીં ચાલે.’ પણ રાંઝાનો આદર્શ તો હીરને પરણીને લઈ જવાનો હતો.

હીરે ઇશ્ક ના મૂલ સ્વાદ દેંદા,
નાલ ચોરિયાં અંતે ઉધાલિયાં દે ।[2]

હીરે ખૂબ સમજાવ્યો, પણ રાંઝા પોતાની જીદ પર કાયમ રહ્યો અને બીજે દિવસે ખેડા હીરને ડોળીમાં બેસાડી રંગપુર જવા તૈયાર થઈ ગયા. હીરના બાપે આણામાં ખૂબ ઘરેણાં-કપડાં આપ્યાં, કેટલીયે ગાય-ભેંસો પણ આપી. પણ હવે મુશ્કેલી એ થઈ કે રાંઝા વિના ભેંસોએ આગળ વધવાનો ઇનકાર કરી દીધો. અંતે હારીને રાંઝાને પણ સાથે મોકલવો પડ્યો. ઝંગથી રંગપુર લગભગ સત્તર માઈલ દૂર હતું. ખેડા રસ્તામાં પડાવ નાખતા નાખતા અને શિકાર ખેલતા ખેલતા જઈ રહ્યા હતા. રાંઝા ડોળીથી થોડી દૂર હીરની પેટી ઉઠાવી ચાલી રહ્યો હતો. હીરે ગળાની માળા તોડી મોતી ડોળીમાંથી બહાર ફેંક્યાં અને ઇશારાથી રાંઝાને મોતી વીણવા સૂચવ્યું. એણે મોતીઓની મુઠ્ઠી ભરી જ્યારે હીરને આપવા માંડી તો રાંઝાની આંખમાં મોતીનાં ઝૂમખાં જોઈ હીરે કહ્યું,

લૈ વે રાંઝિયા જોર મૈં લા થક્કી,
મેરે વસ થીં ગલ બેવસ હોઈ ।

---

1. લગ્ન પહેલાં રિવાજ મુજબ, વધૂને એક ખૂણે બેસાડી દેવામાં આવે છે.
2. હીર, ચોરીછૂપીથી અને ભગાડીને લઈ જવાથી પ્રેમની કોઈ મજા નથી રહેતી.

ફડકે માં પિયાં, કાજીઆં બન્ન તોરી,
સાડે નાલ કેડી ખરખસ હોઈ ।
જિઊંદે કહે તાં મિલાંગે ફેર બેલી
હાલ સાલ તાંદોસ્તી બસ હોઈ ।[1]

[2]

ડોળી રંગપુર ખેડા પહોંચી ગઈ. સૈદાના પિતા અજ્જુએ ખૂબ ધામધૂમ કરી. હીરની સુંદરતાની વાત તો પહેલેથી જ ફેલાયેલી હતી. આખું ગામ એને જોવા તૂટી પડ્યું. પણ હીરની સુંદરતાને તીવ્રતા પ્રદાન કરનાર ચીજ આનંદ નહીં, પણ દુ:ખની આછી-અદૃશ્ય રેખા હતી એ તો કોઈક વિરલ આંખ જ જોઈ શકે એમ હતું. સૌ-પ્રથમ સહતીએ આ રેખા જોઈ. અલબત્ત, દેખાવમાં સહતી ખૂબ રુઆબદાર અને તેજ લાગતી હતી. પણ અંદર ને અંદર કંઈક દર્દ ભર્યું હતું. એને પણ મુરાદ બલોચે ઘાયલ કરી દીધી હતી. એટલે પ્રેમના આવા જ અનુભવોમાંથી પસાર થવાને કારણે એણે હીરના દુ:ખમાં ભાગીદાર થવાનું શરૂ કર્યું. સૈદાએ – ખેડાએ ઘણા પ્રયત્ન કર્યા કે કોઈક રીતે હીર એની સાથે વાત કરે, પણ હીર તો પહેલેથી જ રાંઝાની થાપણ થઈ ચૂકી હતી. કેટલાક કથાકારના મત પ્રમાણે જ્યારે સૈદા હીરની નજીક આવવા પ્રયત્ન કરતો ત્યારે પંચ પીર એને દૂર ફંગોળી દેતાં. એટલે એના મનમાં એટલી નારાજી પેદા થઈ હતી કે એણે હીર તરફ જોવાનું જ છોડી દીધું હતું.

ઘણા દિવસો સુધી તો હીરને રાંઝાના કંઈ સમાચાર ન મળ્યા. એની ઉદાસી દિવસે દિવસે વધવા લાગી. એ આખો દિવસ ખાટલાની પાટી લઈ બેસી રહેતી. આખા ગામમાં જાહેર થઈ ગયું કે હીર કોઈ ભૂત-પ્રેતની પકડમાં છે. જ્યારે ઘણા દિવસ સુધી રાંઝાના કોઈ સમાચાર ન આવ્યા ત્યારે હીરે ઝંગ સિયાલને ત્યાં પરણેલી એક છોકરી સાથે – જે પિયર જઈ રહી હતી, રાંઝાને ચેતવણીનો સંદેશ મોકલ્યો, મિયાં, પ્રીતને ખોટી ન પાડીશ, ને જોગી બની જલદી આવી પહોંચ. હીરની સખીઓએ પણ રાંઝાને હિંમત આપી અને એ દીક્ષા લેવા નાથની ટેકરી તરફ ચાલી નીકળ્યો.

જ્યારે એ ટેકરીએ પહોંચ્યો ત્યારે ગુરુ બાલનાથ એની યુવાની અને સુંદરતા જોઈ દંગ થઈ ગયા. ત્યાં કેટલાય છોકરાઓ કેટલાંય વર્ષોથી જોગીની દીક્ષા પામવાની આશામાં એમની સેવા કરતા હતા. બાલનાથે જ્યારે રાંઝાને તરત જ દીક્ષા આપવાનું સ્વીકારી લીધું અને પોતાના શિષ્યોને રાંઝા માટે કુંડળો તૈયાર

1. જો રાંઝા, હું મારું બધું જોર લગાવીને થાકી ગઈ છું. હવે મારા હાથની વાત નથી રહી. મારાં માબાપ અને કાજીઓએ જબરજસ્તી મને બાંધીને રવાની કરી દીધી છે. મને કેટલો અન્યાય થયો છે. મારા પ્રિયતમ ! જો જીવતા હઈશું તો ફરી મળશું. હમણાં તો આપણી દોસ્તી ખતમ થઈ.

કરવાનો હુકમ આપી દીધો ત્યારે બધા ઈર્ષાથી સળગી ઊઠ્યા. પણ સર્વજ્ઞ ગુરુનું દિલ રાંઝાની આસ્થાથી પરિચિત હતું. એમને ખબર હતી કે સાચા દિલની કમાણીએ એને પહેલેથી જ સાધુતાની ઊંચી મંજિલે પહોંચાડી દીધો છે. એ જોગી તો પહેલેથી જ હતો, હવે તો એને ખાલી સાધુના વેશની જરૂર હતી. છતાં બાલનાથે દીક્ષા આપતી વખતે નિયમ અનુસાર રાંઝાને સાધુની મર્યાદા જણાવી અને કહ્યું, 'વડ્ડી માઊં બરાબર જાણતી આં, અને ભૈન બરાબર છોટડી નૂં ।'[1] પણ રાંઝાએ બાલનાથને સ્પષ્ટ કહી દીધું કે હું આ શરત માન્ય નહીં રાખી શકું. કારણ કે હું તો હીર માટે જ ભેખ ધારણ કરું છું. આ સાંભળી બાલનાથનું દિલ દ્રવી ગયું, ને રાંઝાને મુંજની માળા, ટોપી, કુંડળ, ખપ્પર અને શંખ આપી ટેકરીએથી વિદાય કર્યો. રાંઝા જ્યારે આંખથી ઓઝલ થઈ ગયો ત્યારે જે શિલા પર બેસાડી એને દીક્ષા આપી હતી તે શિલાને બાલનાથે નમસ્કાર કર્યા. આ શિલા હજી સુધી સાધુઓની ટેકરી પર રાખી છે અને ત્યાં જનાર યાત્રી આજે પણ એને નમસ્કાર કરે છે.

રાંઝા જ્યારે નવા વેશમાં ટેકરીએથી ઊતર્યો ત્યારે એનું રૂપ એટલું ખીલ્યું હતું કે એની તેજસ્વિતાથી આંખો અંજાઈ જતી હતી. રાંઝા રસ્તો પાર કરતો રંગપુર આવી પહોંચ્યો. ત્યાં એક ભરવાડ ઘેટાં-બકરાં ચારતો હતો. એણે રાંઝાને તરત ઓળખી લીધો. પહેલાં તો રાંઝા પલળ્યો નહીં, પણ ભરવાડને મોંએ પોતાની પૂરી પ્રેમકથા સાંભળી એ આશ્ચર્યમાં પડી ગયો. એને થયું કે એના પ્રેમની કહાણી પણ આખા પ્રાંતમાં કેવી રીતે ફેલાઈ ગઈ છે ! પછી ભરવાડ પાસેથી રંગપુરની પૂરતી માહિતી મેળવી એ રંગપુર પહોંચી ગયો. પાણી પીવા ગામના કૂવા પાસે જેવો એ રોકાયો કે એનું મોહક મુખ જોઈ ગામની છોકરીઓ આશ્ચર્યચકિત થઈ ગઈ. અને જોતજોતામાં રાંઝાની આસપાસ વિવાહિતા અને કુમારિકાઓનું ઝુંડ એકઠું થઈ ગયું. એમાં હીરના નણંદ સહતી પણ હતી.

ઘર આ કે નનાન ને ગલ્લ કીતી,
ભાબી ઇન જોગી નવાં આયા ની ।
કન્ની ઉશદે દરશની મુંદરાં નેં,
ગલ હૈંકલા અજબ સુહાયા ની ।
ફિરે ભટકદા વિચ્ચ હવેલિયાં દે,
કોઈ ઉસને લાલ વેંજાયા ની ।[2]

---

1. પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રીને મા બરાબર સમજજે ને નાની સ્ત્રીને બહેન ગણજે.

2. ઘરે આવી નણંદી કહ્યું, ભાભી એક નવો જોગી આવ્યો છે. એના કાનમાં કુડળ છે, ગળામાં માળા શોભે છે. એ હવેલીઓમાં એવી રીતે ભટકે છે જાણે કોઈ કીમતી રતન ગુમાવી બેઠો હોય.

સહતીની વાત સાંભળતાં જ હીરનું દિલ ધડકવા લાગ્યું. એને થયું, સંભવ છે, રાંઝા જ જોગી બનીને આવ્યો હોય. એનું દિલ ચકડોળની માફક ઉપર-નીચે થવા માંડ્યું, એનું રોમ રોમ રાંઝાને તલસવા લાગ્યું. સૈયદ વારિસશાહે હીરની આ સ્થિતિ ખૂબ કોમળ અને દર્દભર્યા શબ્દોમાં વર્ણવી છે :

મુટ્ઠી મુટ્ઠી એ ગલ્લ ના કરો, ભૈના,
મૈં તે સુણ દેયાં હી લુઢ ગઈ જેની ।
તુસાં એ જદોકણી ગલ્લ કીતી,
મેરે ધુર કલેજડે પઈ જે ની ।
ફિર પોસ્ત, ધતૂરા તે ભંગ પીંદા,
ભૌત ઉસને મુલ્લ ક્યોં લઈ જે ની ।
જિસ ભાઊં દા પુત્ત ફકીર હો યા,
દિત્તા રબ્બ દા ઓહ સહ ગઈ જે ની ।
જિસદે ભિન્નડે યાર હો દે કન્ન પાટે,
ઓહ તાં ન ઢઢડી ચૌડ ગઈ જે ની ।...[1]

પણ આ તો હીરનું અનુમાન હતું. એ વારંવાર એ જ વિચારતી હતી, 'ભગવાન ન કરે ને એ જ રાંઝા હશે તો હું બરબાદ થઈ જઈશ. એણે મને ક્યાંયની ન રાખી.' સહતીને પણ હજી ખબર ન હતી કે આ રાંઝા જ છે. બીજે દિવસે જ્યારે રાંઝા ખેડાઓની હવેલીમાં ભિક્ષા લેવા આવ્યો ત્યારે સહતી સાથે એને ગરમાગરમી થઈ ગઈ. હીર પેલી તરફ પીઠ કરી ઊભી ઊભી બધું સાંભળતી હતી. અંતે સહતીએ રાંઝાને પડકાર ફેંક્યો, જો તું ખરો જોગી હો તો મારી ભાભીનો રોગ બતાવ. રાંઝાએ હીર અને નોકરની કથા સંભળાવવી શરૂ કરી દીધી. વાતવાતમાં સહતી અને મુરાદના પ્રેમ તરફ પણ એણે ઇશારો કર્યો. આ સાંભળી સહતી કંઈક નરમ પડી. પણ એણે નોકરાણીને ખોટી ખોટી બૂમ પાડી, 'અરે આને ભીખ દઈ દે, આપણો પીછો છોડે.' રાયબાં મુઠ્ઠીભર ચોખા લઈ આવી. પણ જેવી એ ભિક્ષા આપવા ગઈ કે એણે પોતાનું ભિક્ષાપાત્ર હાથમાંથી છોડી દીધું. આખા આંગણામાં ચોખા વેરાઈ ગયા. હીર સાથે વાત કરવાનો મોકો મેળવવા જ રાંઝાએ આમ કર્યું હતું. હીરે જોગી તરફ મોં ફેરવ્યું અને રાંઝાની સામે

---

1. બહેન, ગોળ ગોળ વાત ન કરો. હું તો સાંભળીને જ બરબાદ થઈ ગઈ જ્યારથી તે આ વાત કરી છે, મારી છાતી સોંસરવી ઊતરી ગઈ છે. સાધુએ અફીણ, ધતૂરો અને ભાંગ પીને મોત કેમ માગી લીધું છે ? જે માનો પુત્ર ફકીર થઈ ગયો એ ઈશ્વરની આ ઇચ્છા કેમ સ્વીકારી શકે ? જેના સુંદર પ્રેમીના કાન વીંધાઈ ગયા એ છોકરી તો બરબાદ થઈ ગઈ.

જોઈ એની પ્રેમનિષ્ઠા પર વારી જવા લાગી. હીરે સહતીને પોતાના દિલની બધી વાત કરી દીધી. નણંદ-ભોજાઈએ મળી પ્રેમને સફળ બનાવવાની તરકીબ વિચારવા માંડી.

રાંઝાએ કાળા બાગમાં ડેરો નાખ્યો હતો. સાધુઓની માફક ક્યારેક એ ખૂબ નરમાશથી વાત કરતો અને ક્યારેક ખૂબ વિકરાળ રૂપ ધારણ કરી લેતો. કેટલાકની ઇચ્છા પૂરી કરી દેતો તો લાકડી ઉગામી કેટલાકની પાછળ પડતો. સેંકડો સ્ત્રીઓએ એને પોતાના દિલની વેદના કહી અને એનો ઇલાજ પૂછ્યો. અંતે હીર પણ પોતાની માંદગીનો ઉપચાર કરવાને બહાને રાંઝાને મળવા ગઈ. રાંઝા શરીરે ભભૂત ચોળી ધૂણીની સામે બેઠો હતો. હીરને જોઈ એ ઊભો થયો અને હીરે :

અવ્વલ પૈર પકડે એતકાદ કર કે,
ફેર નાલ કલેજે દે લગ્ગ ગઈ ।
નવાં તૌર અજૂયે દા નજર આયા,
દેખો જલ પતંગ તે અગ્ગ ગઈ ।
કહી લગ ગઈ, ચિનગ વગ્ગ ગઈ,
ખબર જગ્ગ ગઈ, વજ ધ્રગ ગઈ ।
યારો ઠગ્ગાં દી રેવડી હીર જટ્ટી,
મુંહ લગદેયોં જોગી નૂં ઠગ્ગ ગઈ ।
અગ્ગે ધુઆં, ધુખાયા જોગિયોં દા,
હુન ફૂક કે જુગડે અગ્ગ ગઈ ।[1]

જ્યારે હીર કાળા બાગથી ઘરે પાછી આવી ત્યારે એણે સહતીને કહ્યું, 'કોઈ એવો રસ્તો શોધી કાઢીએ કે તારી ઇચ્છા ફળે ને મને મારો પ્રિયતમ મળી જાય. આપણા બંનેની યુવાની હાથમાંથી સરી જાય છે. હું રોજ રોજ કાળા બાગ નહીં આવી શકું. કોઈ એવી યુક્તિ કરીએ કે ઘેર બેઠાં જ પ્રિયતમનાં દર્શન થઈ જાય...'

ખેર, હીર અને સહતીની મસલત પાકી થઈ ગઈ. હીરે એની તબીયત ખાતર બહાર હરવુંફરવું જરૂરી છે, એવું સહતીએ પોતાની માને ઠસાવી દીધું. બીજે દિવસે સવારે જ સહતી, હીર અને એમની સખીઓ કૂવે પહોંચી. હીરે બાવળનો મોટો કાંટો પોતાના પગમાં ઘોંચી દીધો અને પછી સહતી અને એની સખીઓએ

---

1. પહેલાં ખૂબ શ્રદ્ધાથી ચરણસ્પર્શ કર્યો ને પછી છાતીએ વળગી પડી. એક અચરજ થયું, આગ પતંગિયા પર બળી મરી. એક ચિનગારી એવી ફૂટી કે આખી દુનિયાને ખબર પડી ગઈ. નગારાં વાગવા લાગ્યાં કે ઠગોની સરદાર હીરે જટાળા જોગી સામે આવતાં જ એને ઠગી લીધો. એક તો પહેલેથી જ જોગીની ધૂણી ધખેલી હતી, હવે આ આગે આખા ઘરને ફૂંકી માર્યું.

બુમરાણ મચાવી દીધું કે હીરને સાપ ડંખી ગયો. હીર દાંત કચકચાવીને જમીન પર સૂઈ ગઈ. એણે શ્વાસ રોકી લીધો. જોતજોતામાં એનો રંગ ફીકો પડી ગયો. પળવારમાં આખું ગામ એકઠું થઈ ગયું. હીરને પલંગ પર સુવાડી ઘરે લઈ આવ્યા. ઘણા શાણાઓ અને મદારીઓને બોલાવ્યા. કંઈ ફાયદો ન થયો. સહતીએ કહ્યું, 'કાળા બાગમાં એક જોગી ઊતર્યો છે, ઘણો સિદ્ધ અને પહોંચેલો લાગે છે.' છોકરીઓએ સૈદાને જોગી પાસે મોકલ્યો, પણ એ ટેકણિયું લઈ સૈદા પર એવો ત્રાટક્યો કે થર થર કાંપતો સૈદા ઘેર પાછો ભાગ્યો. અંતે સૈદાનો બાપ અજ્જુ પોતે જોગી પાસે ગયો. જોગી પણ દિલથી આજ ઇચ્છતો હતો, માની ગયો. પછી શું જોઈએ ?

મંતર ઇક તે પુતલિયાં દો ઉડ્ડન,
અલ્લા વાલેયાં ખેલ રચાયા ઈ ।
ખિસકૂ શાહ હોરી અજ આન લત્થે.
તંબૂ આણ અધાલુઆં લાયા ઈ ।[1]

(વારિસશાહ)

સહતીએ બધી વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધી અને ગામ બહાર નીચલી કોમની ઓરડીમા જોગીનો પડાવ નખાવી દીધો. જોગી મહારાજે કહ્યું : ઓરડીમાં માત્ર એક વધૂ હોય, અથવા સાથે એક કુમારિકા હોય, બાકીના બધા ચાલ્યા જાય. વધૂને કોઈ અત્યંત ઝેરીલા નાગે ડંખ દીધો છે :

ના એ ફનીઅર ના એ તિલિયર,
ના વેશક કૌડોં હોઈ ।
ના એહ કક્કડ ના સંગચૂડન,
એના બિચ્છોં ના કોઈ ।
એં તાં ખાધી ચોટિયાલે બિસીયર,
યેથોં છુટ્ટણ મુશ્કલ હોઈ ।[2]

(વારિસશાહ)

આ સાંભળી બધા ભયભીત થઈ ત્યાંથી ચાલ્યા ગયા. જોગી, સહતી અને હીર એકલાં બાકી રહ્યાં. અડધી રાત્રે રાંઝાએ પીરોને યાદ કર્યા. પીર બહાઉલદીન

---

1. મંત્ર એક હતો, પણ બે પૂતળી બે નાચ નાચતી હતી. ભગવાને પણ કેવો ખેલ રચ્યો છે. ખિસકુશાહ આજે પધાર્યા છે, અને સ્ત્રીઓને ભગાડનારે તંબૂ તાણી દીધો છે.

2. ન તો આ ફણધર છે, ન ટપકિયાળો છે, કે વૈશક છે. આ કક્કડ કે સંગ-ચૂડનમાંનો પણ નથી, આને તો ચોટીવાળા વિષધરે ડંસ દીધો છે. મારા માટે ઝેર કાઢવું પણ મુશ્કેલ છે.

ઝકરિયાએ ધડામ દઈ દીવાલ પાડી રસ્તો બનાવી દીધો. જ્યારે હીર અને રાંઝા ઓરડીમાંથી નીકળીને જવા લાગ્યાં ત્યારે સહતીએ કહ્યું : 'મને પણ મારો પ્રિયતમ મેળવી આપો.' રાંઝાએ ફરીને પાંચે પીરને યાદ કર્યા. મુરાદ બલોચની સાંઢણી રૂમઝૂમ કરતી આવી પહોંચી.

[3]

સવાર પડી ત્યારે ખેડાઓ બે ટુકડી બનાવી હીર અને સહતીની પાછળ ભાગ્યા. પહેલી ટુકડી તો બલોચો પાસે દાંત ભંગાવી પાછી આવી. પણ બીજા દળે રાંઝાને પકડી લીધો. એમણે રાંઝાને મારી મારી અધમૂઓ કરી નાખ્યો અને હીરને પોતાની સાથે લઈ ગયા. રાંઝાએ રાજા અદલી સમક્ષ ફરિયાદ કરી. રાજા અદલીએ પોતાના માણસોને મોકલી હીર તથા ખેડાઓને બાંધી પોતાની સમક્ષ ખડા કરાવ્યા. ખેડાએ કહ્યું : 'મહારાજ, આ કોઈ ઠગ છે. અમે એને મદારી સમજી અમારી વહુના ઇલાજ માટે બોલાવ્યો હતો. પણ એ તો છોકરીને જ લઈને પલાયન થઈ ગયો.' રાજાએ હીરને ખેડાઓને સોંપી દીધી. આ અન્યાય જોઈ રાંઝાએ દર્દભરી આહ નાખી. આને લઈ શહેરની ચારે તરફ આગ લાગી ગઈ. રાંઝાનો ચમત્કાર જોઈ રાજાને એની સચ્ચાઈ પર વિશ્વાસ બેસી ગયો. એણે હીર રાંઝાને સોંપી દીધી અને ખેડા રોક્કળ કરતા રંગપુર પાછા આવ્યા.

હીર અને રાંઝા થોડા દિવસો સુધી પહાડી પ્રદેશોમાં ઘૂમતાં રહ્યાં. અંતે બંનેએ ઝંગ પાછા ફરવાનો નિર્ણય કર્યો. જેવા એ લોકો ઝંગની હદમાં દાખલ થયાં કે ગામના ગોવાળોએ ચૂચકને જઈ ખબર આપ્યા. એ લોકો આવી હીર-રાંઝાને પોતાને ઘરે લઈ ગયા. એમણે રાંઝાના કાનેથી કુંડળ ઉતરાવી લીધાં, એની જટા મૂંડાવી નાખી, દૂધભાત ખવડાવ્યાં, એને બેસવા રંગીન ઢોલિયો ઢાળ્યો. પણ આ બધી મહેમાનગતિ દેખાવની હતી. બદનામીના ડરથી અંદરોઅંદર એ લોકો ખૂબ મૂંઝાતા હતા. અંતે એમણે દગાની જાળ બિછાવી અને રાંઝાને કહ્યું, 'આ સારું નથી લાગતું. તું તખ્ત હજારા જઈ જાન લઈને આવ અને હીરને વિધિસર લગ્ન કરી લઈ જા.' રાંઝા તરત તખ્ત હજારા ગયો. એ રસ્તામાં વિચારતો હતો કે હવે ભાભીઓનાં બધાં મહેણાંટોણાંનો જવાબ દઈ દઈશ. પણ થવા કાળ કંઈક બીજું જ હતું.

પાછળથી માબાપે હીરને ઝેર આપી મારી નાખી અને રાંઝાને સંદેશો મોકલ્યો કે અમારી મરજી તો કંઈ બીજી જ હતી પણ ઈશ્વરની ઇચ્છા કંઈ ઓર જ નીકળી. રાંઝાને ચિઠ્ઠી આપતી વખતે પત્રવાહક ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. એણે ડૂસકાં ખાતાં જણાવ્યું કે હીર તો ઈશ્વરને પ્યારી થઈ ગઈ.

આ સાંભળતાં જ રાંઝાએ આહ ભરી અને જીવ દઈ દીધો.

[4]

હીરની કથા સૌપ્રથમ દમોદર કવિએ લખી હતી. એ ઝંગના પટવારી હતા અને એમણે ઠેર ઠેર લખ્યું છે, 'આખ દમોદર અસાં અકખીં ઢિટ્ડા જો સિર સલેટી દે બીતી.'[1] દમોદરે હિંદુ પરંપરા અનુસાર કથા દુઃખાંત નથી બનાવી. કથાને અંતે હીર અને રાંઝા હજ કરવા મક્કા ચાલી જાય છે. આમ પણ દમોદરનો રાંઝા, વારિસના રાંઝાની માફક તંદુરસ્ત અને પંજાબી નથી જણાતો, પણ કૃષ્ણ ભગવાન જેવો મુરલીમનોહર અને ઘરેણાં પહેરનાર બાલગોપાલ જ છે. જ્યારે પનિહારીની મા મસ્જિદમાં જાય છે ત્યારે રાંઝાના લોભરહિત સૌંદર્યને જોઈ કહે છે :

દેખ વિકાણી ઝીવરઆની,
કદમ ઉઠીવસ નાહીં ।
હે ! જે ચુખ વડેરા હોવે,
તાં આપ વિયાહ કરાંઈ ।[2]

પણ દમોદરથી વિપરીત વારિસશાહે કથાને દુઃખાંત બનાવી છે. શિયા મુસલમાન હોવાને કારણે વારિસશાહને દુઃખાંતનો અનુભવ વિશેષ હતો. એટલે એમણે આ કથાને દુઃખાંત કરીને વધુ તીવ્ર બનાવી છે.

ઘણા લોકો હીરની કથાને કાલ્પનિક સમજે છે. પણ ઝંગમાં હીરનો મકબરો આજે પણ હયાત છે અને આજ સુધી 'માઈ હીર' કહી એનું સન્માન કરવામાં આવે છે. આ મકબરો સિદ્ધ કરે છે કે આ કથાના રૂપમાં ભલે થોડુંઘણું પરિવર્તન થયું હોય પણ એ બની જરૂર છે. ઉપરાંત પંજાબી માનસ પર આ કથાની એટલી અસર છે કે હીર અને રાંઝાને કેવળ સાંસારિક પ્રેમનાં પ્રતીક જ નહીં, પણ આત્મા ને પરમાત્માના પ્રતીક પણ ગણવામાં આવે છે.

---

1. કવિ દમોદર કહે છે, સલેટી (હીર) પર જે વીત્યું એ અમે અમારી આંખોએ જોયું છે.

2. એને જોઈને જ મારી પનિહારી દીકરી વિનામૂલે વેચાવા તૈયાર છે. અને પગ અહીંથી ઊપડતા નથી. જો આ જરાક મોટો હોત તો હું પોતે જ એની સાથે લગ્ન કરી લેત.

મિરજા સાહિબાં

ગુરબખ્શ સિંહ

તેજ લટકાળી ચાલે ચાલતી એક છોકરી ~~એક~~ દરવાજા પાસે ઊભી રહી બૂમ પાડે છે. અંદરથી એની જ ઉંમરનો એક છોકરો જલદીથી નીકળે છે અને 'ના, ના' કહેતી છોકરી પાસેથી એનાં ચોપડાં ઊંચકી પોતાનાં ચોપડાં સાથે ઊંચકી લે છે અને બંને ચાલવા માંડે છે.

'પણ મિરજા, તું મને મારાં ચોપડાં કેમ ઉપાડવા દેતો નથી ?'

'જ્યારે હું તારાં ચોપડા ઊંચકું છું તો મને મસ્જિદમાં જવાનું મન થાય છે. ભણવાનું તો મને આમેય ગમતું નથી.' છોકરાઓ ભોળા ભાવે જવાબ આપ્યો.

'પણ હું તને કહું છું કે તું ભણ. મને ભણવામાં ખૂબ મજા આવે છે. આજકાલ હું એક ખૂબ સરસ પુસ્તક વાંચી રહી છું.' કહીને છોકરીએ પોતાની લગોલગ ચાલતા સાથીની કમરે હાથ વીંટાળ્યો.

'અચ્છા, સાહિબાં, તું જેમ કહે તેમ. હું ભણીશ. પણ મૌલવી જે ભણાવે છે એ મને જરાય સમજાતું નથી.' પોતાની પાંસળીએ લાગેલા હાથની આંગળીઓ એ મનોમન ગણી રહ્યો હતો.

મૌલવી આવ્યા અને ચબૂતરા પંર બેસી ગયા. મૌલવીએ ટોળામાં મિરજા તરફ જોયું, એ સાહિબાંની જમણી તરફ અન્યમનસ્ક ભાવે બેઠો હતો.

'સાહિબાં, તારા આ સાથીમાં પણ ભણવાનો શોખ પેદા કર — જો તો ખરી, એ કેવો ગુમસૂમ પથ્થરની માફક બેઠો છે. મસ્જિદની બહાર તો એ કેવો સ્ફૂર્તિમાં રહે છે !'

'જી, મેં એને આજે સમજાવ્યો છે, કહેતો હતો કે આજથી ભણીશ.'

'સાંભળ એ મિરજિયા ! જો કાલે પણ તું આવો પથ્થર જેવું મોં કરી બેઠેલો દેખાઈશ, તો તારા બાપને સંદેશો મોકલી દઈશ કે તને એમની સાથે દાનાબાદ લઈ જાય. અહીં તું ખોટો ખોટો તારો અને મારો સમય બરબાદ કરી રહ્યો છે.'

'મૌલવીજી ! આપ એક અઠવાડિયું ખમી જાઓ.' સાહિબાં બોલી પડી, 'હું બુઆ બીબોના ઘરે જઈ એને ભણાવ્યા કરીશ. એને હજી ભણવાનો શોખ જ નથી લાગ્યો. આમ તો એ ખૂબ ડાહ્યો છે.'

મસ્જિદમાંથી રજા મળતાં જ સાહિબાં મિરજા સાથે બુઆ બીબોને ઘરે ગઈ અને એને મૌલવીએ કહેલી વાત કહી સંભળાવી. બીબોએ પણ કેટલીયે વાર મિરજાને ભણવા માટે કહ્યું હતું, પણ આજે એણે જે વાત કહી એની મિરજાના દિલ પર ઘેરી અસર થઈ ગઈ.

'બેટા, જો મૌલવી ભાઈ ચૌધરીને લખી જ દેશે, તો એને થશે કે મેં તારું ધ્યાન ન રાખ્યું. એ બે દિવસમાં જ આવીને તને લઈ જશે અને હું આખી જિંદગી બહેન-બનેવી પાસે શરમિંદી રહીશ.'

બીબોને ઘરે કોઈ સંતાન ન હતું એથી એણે બહેન પાસેથી મિરજાને માગી લીધો હતો. અને વળી સિયાલોના મૌલવી પણ સારા ગણાતા હતા. સાહિબાં મિરજાના મામાની દીકરી હતી.

'અને બુઆ ! પછી મારું ભણવાનું પણ અટકી જશે.' સાહિબાંએ કહ્યું. 'મા તો પહેલેથી જ કહે છે કે હું તો હવે સમજુ થઈ ગઈ છું. મારે હવે મસ્જિદમાં ન જવું જોઈએ — હું એને કહું છું કે મિરજા તો મારી સાથે હોય છે એટલે એ માની જાય છે. પછી તો એ પણ નહીં માને.'

મિરજા જાણે ખૂબ ઊંડી ચિંતામાં પડી ગયો.

'બોલ બેટા !' માસીએ ખૂબ લાગણીથી કહ્યું, 'તું અહીં છે એટલે તો મારું સૂનું ઘર ભરાઈ ગયું છે. એક વાર મારે ખાતર પણ મન મનાવીને ભણી લે. હું બહેન સામે તો સાચી પડું.'

પ્રેમથી હલબલી ગયેલા મિરજાએ આખા વર્ષની કસર એક મહિનામાં જ પૂરી કરી નાખી. મૌલવીએ કેટલીયે વાર વર્ગમાં મિરજાને થાબડ્યો હતો.

આ પહેલાં આખા દિવસમાં કેવળ એક જ વાત એને ગમતી હતી. એ હતી સાહિબાં સાથે મસ્જિદ જવાનું અને પાછું આવવાનું. હવે એનો આખો દિવસ સારી વાતોથી ભરાઈ ગયો હતો — માસી પણ ખુશ હતી, મૌલવી પણ ખુશ અને સાહિબાં.... એ રોજ એના ઘરે આવતી. સ્કૂલમાંથી મળેલો પાઠ એ આખો દિવસ ગોખ્યા કરતો એ વખતે એને એવું લાગતું જાણે સાહિબાં એની પાસે જ બેઠી છે.

પહેલાં એને સપનું આવતું હતું કે એ સાહિબાંનાં ચોપડાં ઉપાડીને ચાલી રહ્યો છે અને તેની કમરને ફરતી વીંટળાયેલા હાથની આંગળીઓ ગણતો એ જઈ રહ્યો છે. મસ્જિદ હજી દૂર છે, તેઓ ચાલ્યાં જ કરે છે, એના મનમાં કોઈક અનોખો આનંદ ઊભરાઈ જાય છે અને અંદર ન સમાઈ શકે ત્યારે એની આંખો ખૂલી જતી.

હવે એને બીજી જાતનું સપનું આવે છે.... સાહિબાં એને ભણાવી રહી છે. પુસ્તકો પૂરાં થતાં જાય છે.... છેલ્લું પુસ્તક મૂકી સાહિબાં એની ચમકદાર આંખોથી જુએ છે અને મિરજાનો હાથ પકડીને કહે છે, 'હું તને બીજું શું ભણાવું ? મને

આખી ને આખી તો તેં વાંચી લીધી છે.' સાહિબાંની આંગળીઓના સ્પર્શથી એની ભીતર અનેક પાઠ રચાઈ જાય છે — એની ઊંઘ ઊડી જાય છે, પરંતુ જાગ્રત અવસ્થાને સપનાની સરખામણીમાં ફિક્કી જોઈ એ ફરી આંખ મીંચી લે છે. 'કેમ મિરજિયા ! હજી ભણી ભણીને તારું પેટ નથી ભરાયું તે ફરીને આવી ગયો ?' એને સાહિબાંનો હસતો ચહેરો દેખાતો અને એ કહેતો, 'હું ભણવા નથી આવ્યો, તારી સાથે થોડી વાર બેસીને ઊડવાનું મન થાય છે, ઘોડી લઈને આવ્યો છું. સાહિબાં, મારી પાછળ બેસી જા.' અને તેઓ જમીન પર નહીં, આકાશમાં ઊડ્યાં કરતાં.

એ વર્ષ મિરજા અને સાહિબાંની ઉંમરનું ખૂબ મધુર વર્ષ હતું. દિવસની ઇચ્છાઓ રાત્રે તારા બની સપનામાં ઝગમગતી હતી. જમીનઆકાશ રંગાઈ ગયાં હતાં. બે બાલ-આત્માઓ — એકનો હાથ બીજાના ખભા પર, બીજાનો હાથ પહેલાની કમરને ફરતો — આ આત્માઓ યુવાનીમાં મસ્ત બાગમાં પ્રવેશી રહ્યા હતા.

મિરજાના પિતાને ખબર મળ્યા કે છોકરાનું ભણવાનું સારું ચાલે છે. એ એક દિવસ દિકરાને મળવા આવ્યો. છોકરાના હૃષ્ટપુષ્ટ શરીરને જોઈ એના મનમાં એક બીજા જ પ્રકારની ઇચ્છા જાગી. આને યુવાનોની વિદ્યામાં નિપુણ બનાવીશ.' એણે વિચાર્યું, 'તીરંદાજી અને ઘોડેસવારીમાં આનો બરોબરિયો કોઈ ન હોય. કોઈ દુશ્મન કાન પણ ન હલાવી શકે.'

એણે પોતાની સાળી બીબોને વાત કરી. બીબોએ સલાહ આપી કે મિરજાને હજી એક વર્ષ સુધી ભણાવવો જ જોઈએ.

'ના બિબો,' બિંજલ ખરલે માથું હલાવી કહ્યું, 'બહુ ભણી લીધું, જમીનોવાળાને ઘણા દુશ્મનો હોય છે, મને એવું દેખાઈ રહ્યું છે કે આ છોકરા પર ધૂમ મચાવતી યુવાની ચડી રહી છે. એને હું તલવારબાજ, તીરંદાજ બનાવીશ, શાહસવાર બનાવીશ.'

મિરજાને દાનાબાદ જવાની વાત પાકી થઈ ગઈ. પણ મિરજાને બે દિવસ માટે પોતાને ઘરે લઈ જવા વિશે સાહિબાંએ પોતાના બિંજલ ફુઆને રાજી કરી દીધા.

બે દિવસ તેઓ ક્ષણભર પણ જુદાં ન પડ્યાં. બંને સાથે બેસીને જ જમ્યાં.

'સાહિબાં, તારી ચોપડીમાંથી તને ગમતી વાર્તાઓ તું મને સંભળાવ.' મિરજાએ ફરમાઈશ કરી. સાહિબાં પુસ્તક લઈ આવી. પુસ્તકનાં પાનાં ઉથલાવી ઉથલાવીને એણે એક વાર્તા સંભળાવી. કોઈક પ્રેમની પૂતળી શાહજાદીની વાર્તા હતી.

'આ વાર્તા તો તેં એવી રીતે વાંચી જાણે એ તારી પોતાની જ વાત હોય.'

પૂતળાની માફક બેઠેલો મિરજા વાર્તા પૂરી થતાં ચોંકી પડ્યો.

'મિરજા, તું પણ બહું એવો છે !' સાહિબાંએ એની ચિબુક પર આંગળી મૂકી, બાળકીમાંથી એકાએક યુવાન થઈ જતી, પ્રેમમાં ડૂબેલી કોઈ યુવતીની અદાથી કહ્યું.

'સાહિબાં, બીજી એક વાર્તા સંભળાવ.' સાહિબાંની યોગ્યતાની ઈર્ષા કરતાં મિરજાએ વિનંતી કરી એક, બે, ત્રણ, પૂરી ચાર વાર્તા સાહિબાંએ સંભળાવી. સંભળાવતાં સંભળાવતા કોણ જાણે એના મનમાં શું થઈ ગયું, એણે ચોપડી બંધ કરી દીધી અને મિરજાના ખભે હાથ મૂકી પુછવા લાગી, 'અરે મિરજા, કહે તો, કદીક સાહિબાંને પણ યાદ કરીશ ?'

બંધ ઓરડાની બારી ખટાક દઈને ખૂલી જતાં અજવાળાનું પૂર જે રીતે આંખો આંજી દે છે, તેમ અંદરથી કંપતા છોકરાના હોઠેથી કોઈ જવાબ ન નીકળી શક્યો.

'તો શું મિરજા, તું મને સાવ ભૂલી જ જશે ?' મનોમન બધું જાણવા છતાં સાહિબાંએ ઉપર ઉપરથી પૂછ્યું.

'સાહિબાં, તારી ભલા કઈ વાતને હું ભુલાવી શકીશ ?' અંતે હોઠ ખૂલી જ ગયા.

સાહિબાંએ એ હોઠો તરફ જોયું — એમાં આછું કંપન હતું. હોઠથી ઉપર એણે આંખોમાં જોયું, એમાં આછું પાણી હતું, ક્યાંક આંસુ ન ફૂટી નીકળે ! સાહિબાંએ એને વાતોમાં પરોવવા કહ્યું, 'અચ્છા કહે તો, મારી કઈ વાત તને સૌથી વધુ યાદ રહેશે ? અને એ પોતાના બંને હાથોથી મિરજાની હથેળી પંપાળવા લાગી.

'મારી કમર પર તારો હાથ... નહીં, નહીં, મને ભણાવવા માટે તારું આવવું — ના, આ પણ નહીં — સૌથી વધુ તારો એ પ્રશ્ન કે રાત્રે મેં કયું સપનું જોયું અને સાંભળીને તારું મોં જેવું થઈ જતું, એ હંમેશાં મારી આંખોની સામે રહેશે... ના, સાહિબાં, ના... સાચું કહું — મને ખબર નથી, હું તારી કઈ કઈ વાત યાદ કરીશ — પણ મને ખબર છે કે હું તને કદી નહીં ભૂલી શકું.'

બીજે દિવસે સવારે નાસ્તો કરી બિંજલ ખરલ ઘોડી પર ચડી તૈયાર થઈ ગયો. મિરજા માસીને ગળે વળગીને, પોતાના ખિસ્સામાંથી પોતાનું ચપ્પુ કાઢી સાહિબાંને પોતાની નિશાની તરીકે આપી રહ્યો હતો કે એના પિતાએ એને જલદી કરવા કહ્યું. માંડ માંડ ડગ ભરતો અને વારંવાર સાહિબાં તરફ જોતો મિરજા બાપની પાછળ ઘોડી પર બેસી ગયો.

દાનાબાદ પહોંચતાં જ બિંજલ ખરલે મિરજાંને ઘોડેસવારી, તીરંદાજી અને તલવારબાજીના નિપુણ ઉસ્તાદના હાથમાં સોંપી દીધો.

એની સવારી માટે એના બાપના ઘોડારમાંથી એક ઘોડી પસંદ કરવામાં આવી. ઊડવાનો આ ઘોડીનો સ્વભાવ હતો, દરેક વ્યક્તિ આ ઘોડી પર સવારી નહોતી

કરી શકતી, પરંતુ મિરજાને આ ઘોડીએ પહેલી નજરે જ સ્વીકારી લીધો.

વર્ષો વીતતાં ગયાં. એના સપનાની ઘોડીની સવારી તો એને મળી ગઈ. એ વિચારતો હતો કે એના સપનાની રાણી કોણ જાણે ક્યારે આ ઘોડી પર ચડશે. આ રાણીએ મિરજાને 'અલફ્ લૈલા'નું પુસ્તક નિશાની રૂપે આપ્યું હતું. એ સાહિબાં પાસે સાંભળેલી વાર્તાઓ ચોપડીમાંથી વાંચતો અને એ રાત્રે પોતે વાર્તાનો રાજકુમાર બની જતો. ઘોડી પર સવાર થઈને એ સાહિબાંની શોધમાં ઊડ્યા કરતો....

ઘણી વાર એને થયું કે એ સિયાલ તરફ ચાલી નીકળે — એને સમાચાર મળતા હતા કે સિયાલોમાં સૌંદર્ય ખીલતું જાય છે.

સાહિબાં યુવાન થઈ ગઈ, જિંદગી સાગર બની લહેરોથી ભરાઈ ગઈ હતી. એ બીબો ફોઈના ઘરે રોજ જતી હતી. ફોઈ કેટલીય વાર દાનાબાદ જઈ આવી હતી, મિરજાને મળી હતી... 'કેવો સુંદર થઈ ગયો છે !' ફોઈના મોંએ સાંભળી એને નશો ચડી જતો. 'બુઆ, તમે એને ક્યારેય ન કહ્યું કે થોડી વાર માટે સિયાલી આવી જાય ?'

એ તો આવવા ઝંખી રહ્યો હતો — પણ ભાઈના મગજ પર ધૂન સવાર થઈ ગઈ છે કે દુનિયામાં મિરજા જેવો ઘોડેસવાર, તીરંદાજ, તલવારબાજ બીજું કોઈ ન હોય — એના ઉસ્તાદ હમેશાં એની સાથે જ હોય છે.

'બુઆ, એને યાદ છે કે ક્યારેક હું પણ એની ઉસ્તાદ હતી ?' સાહિબાં પૂછતી.

'યાદનું પૂછે છે ? એ તારી ચોપડી મારી પાસે લાવ્યો — તેં જ એને એ પુસ્તક આપ્યું હતું — કહેતો હતો "ઘડીની ફુરસદ મળે કે પળની ફુરસદ મળે, એકાદ વાર્તા હું રોજ વાંચી લઉં છું — બુઆ, તમે સાહિબાંને આ વાત કહી દેજો."

રાત્રે ક્યાંય સુધી સાહિબાંને ઊંઘ નહોતી આવતી. એ વિચાર્યા કરતી, મિરજા કેવો લાગતો હશે. હવે જ્યારે એ આવે ત્યારે શું હજી પણ એની કમર ફરતો પોતાનો હાથ વીંટાળી શકશે ? જો મિરજા હવે એના ખભે હાથ મૂકી દે તો એને કેવું લાગશે — એનું આખું શરીર કંપી ઊઠતું. પછી એની આંખ મીંચાઈ જતી, મિરજા આવી જતો, અને એને ઘોડી પર ઉઠાવી વાદળોથી ઊંચે ઊડી જતો.

સાહિબાંના લગ્નની વાત થવા લાગી. ઘણાને ખ્યાલ આવ્યો, અને બીબોએ તો એક વાર એની માને કહી પણ દીધું કે મિરજા જેવો છોકરો શોધ્યો નહીં જડે. માને પણ આ વાત સારી લાગી. એમણે સાહિબાંના દાદા ખીવાખાંનો અભિપ્રાય પૂછ્યો. પરંતુ ખીવાખાં ઘણી દીર્ઘદૃષ્ટિવાળા માણસ હતા. 'ભોળી મલકી, આપણી એક જ તો દીકરી છે. એના વડે કોઈ બીજું મોટું ઘર ન મેળવીએ — બિંજલનું

ઘર તો આમેય આપણું જ છે ને. ચંધડ આપણા બરોબરિયા છે. કંઈક અભિમાનમાં પણ રહે છે. એનો પુત્ર તાહિર યુવાન પણ છે — જો આ ઘરે સંબંધ થઈ જાય તો માનવું કે આખો પ્રદેશ જ આપણો થઈ ગયો.'

દાદાની આ સલાહ સાંભળી સાહિબાં ખૂબ રડી. બીબો ફોઈને ઘરે જઈને રડી. 'બુઆ, તું જઈને મિરજાને કહે કે એ પોતાનાં માબાપ દ્વારા દબાણ લાવે. અહીંથી તું અને ફુઆ હશો તો પણ શું દાદા નહીં માને ?'

બીબો દાનાબાદ ગઈ. બહેન-બનેવી સાથે વાતચીત કરી, પણ બહેન પોતના પિતાના સ્વભાવથી પરિચિત હતી અને બનેવી ખૂબ સ્વાભિમાની હતા. ભલે ખીવા ચંધેડોનો સ્વાદ પણ માણી લો. 'બીબો, હું તો એની પાસે નહીં જાઉં.' બિંજલે ચોખ્ખી 'ના' કહી દીધી.

અંતે બીબોએ મિરજાને સમજાવ્યો કે એ પોતે જઈને કહે કે સાહિબાં પર એનો હક સૌથી પહેલો છે. 'જો દિકરા, જરા પણ વખત ન લગાડીશ. વાલંદ ચંધડોને ત્યાં જવાનો જ છે. અને સાહિબાંને ખાવુંપીવું હરામ થઈ ગયું છે.'

મિરજા તીર-ઘોડી બધું ભૂલી ગયો. માસીની પાછળ પાછળ એ સિયાલ પહોંચી ગયો.

સાહિબાંની હાલત વિચિત્ર થઈ ગઈ હતી. એણે મનમાં આ મુલાકાત વિશે કેટલીય કલ્પના કરી રાખેલી પણ મિરજાને જોઈ, ન એના હાથ ઊઠ્યા, ન હોઠ ખૂલ્યા. અચાનક જાણે એનું સપનું આંખમાંથી નીકળી સામે આવી ઊભું હતું.

મિરજાએ એની તરફ જોયું. મનમાં તો થયું એના ખભે હાથ મૂકી દે, પણ આ ખભો પહેલાંનો ખભો નહોતો, એનો હાથ પણ એ હાથ નહોતો, જે એ મિરજાની કમર ફરતે રોજ ભરાવી દેતી હતી...

'સાહિબાં !' એના મોંએથી માત્ર એટલું જ નીકળી શક્યું.

'મિરજિયા !' એ કેવળ એટલો જ જવાબ આપી શકી.

વખત કાઢી, હિંમત કરી મિરજાએ પોતાના નાના સાથે વાત કરી, 'નાનાજી, હું તમારો સંબંધી તો છું જ, હવે મને તમે તમારો દીકરો બનાવી લો. હું સાહિબાંની સાથે રમ્યો છું, ભણ્યો છું. એને બીજે ઘરે મોકલવી મારો હક ઝૂંટવી લેવા બરાબર છે.'

'બેટા મિરજિયા, તું મને ખૂબ ગમે છે. પણ સાહિબાંની એક પણ બહેન હોત તો હું તારી વાત કદી ન ટાળત. હવે મને થાય છે કે ચંધડો સાથે સંબંધ બાંધી નિશ્ચિત થઈ જાઉં. પછી કોઈ આપણી તરફ આંખ ઉઠાવીને પણ નહીં જુએ — તમે લોકો તો અમારા છો જ.'

મિરજાએ ખૂબ અધિકારથી કહ્યું, 'હમણાં પણ આપની તરફ આંખ ઉઠાવી

જોવાવાળું કોઈ નથી જન્મ્યું. હું મારા બાપનો એકમાત્ર દીકરો છું તો શું થયું ? હું એક અગિયાર જેવો છું.'

'તારું મન દૂભવ્યાનો મને અફસોસ છે. પણ મેં વાળંદને એ લોકોને ત્યાં મોકલી દીધો છે. હું મારી વાતમાં પાછો ન હટી શકું.' જિદ્દી નાનાએ વાત જ ખતમ કરી દીધી.

મિરજા ઊઠીને માસીને ત્યાં ચાલ્યો ગયો અને માસીને કહ્યું કે એ એમના ઘરે સાહિબાં સાથે એનો મેળાપ કરાવી આપે.

કેટલાંય વર્ષો પછી આજે એ આ જ ઘરમાં ફરીને સાહિબાંની વાટ જોઈ રહ્યો હતો, પણ ત્યારે માત્ર એની આંખો જ સાહિબાંની રાહ જોતી હતી. આજે એને ખબર નહોતી પડતી, એનું શું કેટલું સાહિબાંને ઝંખી રહ્યું હતું.

'સાહિબાં આવી જાય.... ત્યારે એ મારાથી ઊંચી હતી, હવે એ મારા ખભા સુધી જ આવે છે. હું એને આખી ને આખી મારા દિલમાં સમાવી લઈશ.' અને સાહિબાં આવી ગઈ. આજે એને પગમાં પાયલ નહોતાં, છતાં મિરજાને લાગ્યું કે એ પહેલાંથી વધુ છન્ છન્ કરી રહી છે. એને જોઈને, હમણાં જ વિચારેલો એને આશય દિલમાં ધબકવા લાગ્યો.

જ્યારે એ નજીક આવી ત્યારે એના હોઠ પણ ન ખૂલી શક્યા. સાહિબાંએ ધીરેથી એની કમર ફરતે હાથ મૂકી દીધો અને મિરજાએ પણ શરમાતો હાથ એના ખભે મૂકી દીધો. પણ બંને હાથોમાં એકબીજાને આલિંગનમાં લેવાની ઇચ્છા શરમાઈ રહી હતી.

સાહિબાંની નજર અનોખી હતી. એની નજરમાં કંઈક ફરકી રહ્યું હતું. એના આત્માનું પક્ષી પાંપણે અટકીને ઊડવા માટે કોઈક દિલનો ગોખલો શોધી રહ્યું હતું. પક્ષીને આ ગોખલાનું પ્રતિબિંબ મિરજાની આંખમાં દેખાયું. ફર્ર ફર્ર પક્ષી ડાળેથી ઊડીને મિરજાની બાથમાં સમાઈ ગયું.

જ્યારે બાથ ઢીલી થઈ ત્યારે આંખોમાં કોઈ અજાણ્યાપણું નહોતું. એકની આંખમાં કેવળ બીજાનું પ્રતિબિંબ જ નહીં પણ એકબીજાના ધબકારા પણ સંભળાઈ રહ્યા હતા. બધું કહેવું સહેલું થઈ ગયું, કંઈ જ કહેવું મુશ્કેલ ન રહ્યું.

'હવે મિરજિયા, તું શું કરીશ ?' સાહિબાંએ પુછ્યું.

'તું મારી છે. એ વિશ્વાસની જ ખામી હતી. હવે તને મારી પાસેથી ઝૂંટવીને લઈ જાય એવો કોઈ માઈનો લાલ પાક્યો નથી.'

'પણ સાંભળ્યું છે, ચંધડોના ઘરે તો દીકરાઓની ફોજ છે.'

'આ બાહુઓમાં આખા લશ્કરની તાકાત છે.' મિરજાએ સાહિબાંના ખભે હાથ મૂકી દીધા.

'પણ મિરજિયા, ક્યાંક તારે મારા ભાઈઓ સાથે ન લડવું પડે.'

સાહિબાંનો રંગ ફિક્કો પડી ગયો.

'ના સાહિબાં, એ લોકો મારા પણ ભાઈઓ છે. મારાં તીર અને મારી ઘોડી હોય તો મારે કોઈની સાથે નહીં લડવું પડે. કોઈની હિંમત જ નહીં ચાલે. પણ જો માબાપની બદનામીથી ડરવાનું હોય તો મને કહી દે.' મિરજાએ હાથ ઉઠાવી લીધા.

'બદનામી તો તેઓ પોતે નોતરી રહ્યાં છે — હું તો માત્ર એટલું ઇચ્છું છું કે મારે કારણે એમને કોઈ ને ઘા ન લાગે. જે વૃક્ષમાંથી હું ઊગી, મોટી થઈ અને તારા જેવા રાજકુમારની નજરે પડી, મારે કારણે એ વૃક્ષનું કશું ન બગડે.'

'તો તું બેફિકર રહે. મને સમયસર સમાચાર મળવા જોઈએ. હું અને મારી ઘોડી આવી જ પહોંચ્યાં માનજે.'

બીજે દિવસે જ્યારે સાહિબાંના કાને વાત આવી કે વાળંદ ચંધડોને ત્યાં એનો સંબંધ નક્કી કરી આવ્યો છે, ત્યારે જાણે એની આંખો કપાઈ ગઈ. એના પોતાના ગામમાં પણ લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ. અને જેમ જેમ દિવસો નજીક આવતા ગયા, સાહિબાંનું દિલ ઉદાસ થતું ગયું. પંદર દિવસ, ચૌદ દિવસ... એક અઠવાડિયું, અડધું અઠવાડિયું — હવે કાલે જાન આવવાની હતી.

મિરજા તરફથી કશા સમાચાર નહોતા. બીબો બુઆ જાતે જઈને મિરજાને બધું કહી આવી હતી. મિરજાએ કહ્યું હતું, 'સાહિબાં જરા પણ ફિકર ન કરે.'

જાન આવી પહોંચી. સાથે કેટલીય ગાનારની મંડળી હતી. આખું ગામ રંગરાગમાં મસ્ત હતું. માત્ર સાહિબાં અને બીબોનાં દિલ ધડકી રહ્યાં હતાં. રાહ જોઈ જોઈને આંખો તાકી ગઈ હતી. હવે સાંજ પણ ઘણી નમી ગઈ હતી.

આ જ વખતે મોં ઢાંકેલ કોઈ ઘોડેસવારે આવીને ઘોડારમાં ઘોડી બાંધી. બીબોના જીવમાં જીવ આવ્યો. એનો ઘરવાળો મુજરો સાંભળવા ગયો હતો. મહેમાનને ઊભો રાખી એણે સાહિબાંની વ્યથા કહી સંભળાવી અને પૂછ્યું કે એ શું ઇચ્છે છે.

'બસ માસી, સાહિબાંને કહેજો એ તૈયાર રહે. કૂકડાની પહેલી બાંગે હું ને મારી ઘોડી એના દરવાજાની સામે હોઈશું. લોકો એ વખતે બેધ્યાનપણે સૂતા હશે.'

એક એક પળ સાહિબાં માટે સદીથી વધુ લાંબી થતી જતી હતી.

'કાલે જો મિરજા નહીં આવે તો કાલે ડોળીમાં બેસી હું મોતની કાંધે જઈ રહી હઈશ... જો મિરજા ન આવ્યો અને એણે મારી સાથેનો સંબંધ તોડી નાખ્યો તો હું કોને માટે જીવીશ ? ...ને જો મિરજાએ મને અપનાવી લીધી તો હું કેદ પણ સહન કરી લઈશ....'

વાજાંના અવાજો ગુંજી ઊઠ્યા. સાહિબાંએ બંને હાથ દિલ પર મૂકી દીધા, 'હાય-હાય- મિરજા ન આવ્યો !' અને એ તરત મરવાના ઉપાયો વિચારવા લાગી.

બીબોએ આવી એને બાથમાં લઈ લીધી. પ્રિયતમના ખબર સાંભળી મરવાને બદલે જીવવાની ઇચ્છા ફરીને જાગી ઊઠી.

ચાંદની રાત અડધી વીતી ગઈ હતી. મુજરો સાંભળી લોકો ઘરે જઈ સૂઈ ગયા દિવસભરના ઢોલ-તાસાંના અવાજો પછી ગામમાં ખૂબ શાંતિ છવાઈ ગઈ હતી. આ શાંતિમાં સાહિબાં પલંગ પર સૂતી સૂતી, કોઈક અવાજની રાહ જોઈ રહી હતી. થાકનું બહાનું કાઢી એણે સૂતાં પહેલાં કપડાં પણ નહોતાં બદલ્યાં.

ઘોડીના ડાબલાનો અવાજ....ટપ...ટપ

સાહિબાં ઊઠી, એણે ચારે તરફ જોયું, બધાં સૂઈ ગયાં હતાં. સૂતેલા ચહેરા એને સારા લાગ્યા. એણે એક નિશ્વાસ નાખ્યો, 'આ ઘરથી સંબંધ તોડીને મારે ન જવાનું થાત તો કેટલું સારું થાત... !' અને દબાયેલા પગલે, દરવાજો ખોલી, એ દીવાલ સરસી ઊભી રહી ગઈ.

થોડી વારમાં ઘોડી આવી એની પાસે ઊભી રહી. મોં ઢાંકેલ અસવારે એક પેંગડામાંથી પગ કાઢ્યો. સાહિબાંએ પોતાનો પગ પેંગડા પર મૂકી દીધો. સવારના આગળ લંબાવેલા હાથને પકડી એણે બીજા હાથે જીન પકડી લીધું ને ઊંચી થઈ સાહિબાં અસવારની પાછળ જઈ બેઠી. એની મહેરબાની બદલ મૌન-કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે એણે એક વાર અસવારની કમર ફરતો હાથ વીંટાળી લીધો અને એને જોરથી બાથમાં લઈ લીધો. ઘોડેસવારે મોં નમાવી એના હાથોને ચૂમી લીધા.

ગામની હદ ઓળંગી ઘોડી હવામાં ઊડવા લાગી. મિરજાનું સપનું સાચું પડ્યું.

થોડે દૂર ગયા પછી મિરજાને સાહિબાંને આપેલું આપેલું વચન યાદ આવ્યું. 'તારા ભાઈઓ પર આફત નહીં આવે !' પણ જો એ લોકો પીછો કરે તો ચોક્કસ લડાઈ થાય, એમ વિચારી મિરજાએ દાનાબાદનો રસ્તો છોડી દીધો અને લાંબા માર્ગ તરફ લગામ વાળી.

સવાર પડતાં જ એક હર્યોભર્યો બગીચો સામે આવી ગયો. વૃક્ષના એક ઝુંડ નીચે ઘોડી ઊભી રાખી મિરજા નીચે ઊતર્યો અને એણે સાહિબાંને નીચે ઊતારી આલિંગનમાં લઈ લીધી. મિલનના આનંદમાં સર્વ ચિંતાઓ ભુલાઈ ગઈ. સાહિબાંએ મિરજાના ખભેથી કામઠું ઉતારી લીધું. મિરજાએ એમાં એક તીર લગાવી દીધું.

'આ તીર, આ કામઠું, આ મારા હાથ અને તું !' મિરજાએ સાહિબાંનું માથું ચૂમતાં કહ્યું, 'લાગે છે કે બંને લોક મારા જ છે.'

'મિરજિયા; અહીં કેમ રોકાય છે ? ચાલ ઘરે જઈએ.'

'ના, સાહિબાં, કોને ખબર ત્યાં પાછાં શું ઝઘડા થાય ? એમાં ફસાવા પહેલાં,

તને પૂરેપૂરી મારા દિલમાં સમાવી લેવાની ઇચ્છા તો હું પૂરી કરી દઉં ! થોડી વાર માટે તું આખી દુનિયાને ભૂલી જા. મારા દર્દભર્યા દિલની સાહિબાં, મારા વિયોગનું દુઃખ ભુલાવી દે.'

એકદમ, સાહિબાંના પગ જમીનથી ઊંચા ઊઠી ગયા. પ્રેમના નિર્દોષ આકાશમાં દોડી એણે મિરજાના ગળે હાથ પરોવી દીધા.

દિલનો મલમ દિલને લાગી ગયો. વર્ષોનું ખાલીપણું ભરાઈ ગયું. મિરજાના હૃદય પરથી જાણે કોઈ બોજ હટી ગયો. એણે કહ્યું, 'સાહિબાં, આ ઘડીના સ્વર્ગની કિંમત હું મારી જિંદગી દઈને ચૂકવવા તૈયાર છું. મને મારું માથું તારા ખોળામાં મૂકવા દે, તું ઉપરથી મારી આંખોમાં જો.'

અને મિરજા સૂઈ ગયો. એણે હાથ પાછળ નાખી સાહિબાંને આલિંગનમાં લઈ લીધી. ક્યારેક સાહિબાંનું માથું આપોઆપ નમી જતું હતું. ક્યારેક મિરજા એનું માથું પકડી પોતાની તરફ ઝુકાવી લેતો હતો.

થાકેલા અંગોનાં પ્રેમના ઝરણાથી સુસ્તી પેદા થઇ ગઇ. આંખો મીંચાઈ ગઈ. તીરનું ભાથું અને કામઠું મિરજાને વાગતાં જોઈ, સાહિબાંએ એના ગળેથી ઉતારી એક બાજુ મૂકી દીધાં. ઊંઘતા મિરજાના સ્વપ્નિલ ચહેરાને જોઈ એ પ્રફુલ્લિત થતી રહી.

ત્યાં એને ફરી યાદ આવ્યું કે લોકો એમનો પીછો કરતા હશે. થોડોક ખખડાટ થતાં જ એ ચમકી ઊઠતી, મિરજાને ઉઠાડવા જતી, પણ એ ખખડાટ અમસ્તો જ સંભળાતો.

'પણ જો કોઈ પાસેથી ખબર મળતાં એ લોકો અહીં આવી જાય તો ?'

સાહિબાંએ ભાથામાં રાખેલાં તીર ગણ્યાં. બારથી પણ વધુ હતાં. એણે કામઠા પર હાથ ફેરવ્યો. ખૂબ નિર્દય કામઠું હતું. ભાઈઓનો વિચાર આવી ગયો, મિરજાનું અચૂક નિશાન યાદ આવ્યું, એનું દિલ કંપી ઊઠ્યું. 'પણ મિરજાએ મને વચન આપ્યું છે,' એમ વિચારી એણે નિરાંતનો શ્વાસ લીધો. 'પણ એ લોકો ઉપર જ આવી જાય તો મિરજા કઈ રીતે પોતાનું વચન પાળી શકે ! એ લોકો સંખ્યામાં વધુ હશે.... તીરથી તો એ લશ્કર પણ ભગાડી શકે.' સાહિબાંએ ધીરેથી મિરજાને જગાડ્યો, 'ઊઠ, અહીંથી ચાલી જઈએ.'

પણ મિરજા કોક મીઠા સ્વપ્નમાં મસ્ત હતો. એણે પૂછ્યું. 'શું કોઈ આવી ગય ?'

'ના' સાંભળી એ ફરીને સૂઈ ગયો.

'ભાઈઓ જરૂર આવી પહોંચશે.' સાહિબાંનો ભય વધતો ગયો. 'બધા મરી જશે'... મિરજાનું વહાલું માથું ધીરેથી પોતાના ખોળામાંથી ઉતારી એણે ભાથું

ઉઠાવી લીધું અને દૂરના વૃક્ષની પાછલી બાજુ ઊંચી ડાળે લટકાવી આવી. ફરીને એણે મિરજાનું માથું પોતાના ખોળામાં લઈ લીધું.

'જો એમણે નિઃશસ્ત્ર મિરજાને મારી નાખ્યો તો !' આ વિચારથી એનું દિલ ધ્રૂજી ઊઠ્યું. 'હું વચ્ચે આવી જઈશ. મને ચીરીને પાર કર્યા વગર તલવાર મિરજાને નહીં સ્પર્શી શકે. જો હું એમનું મોત નથી સહન કરી શકતી તો એ લોકો મારું મૃત્યુ કઈ રીતે સહન કરશે ?' આ વિચારથી એનું મન જાણે નિશ્ચિત થઈ ગયું. હવાથી અસ્તવ્યસ્ત થયેલા વાંકડિયા વાળને એક તરફ હટાવી એણે મિરજાનું માથું ચૂમી લીધું.

સાહિબાંએ ઘોડીના ડાબલા સાંભળ્યા. 'એ લોકો આવી ગયા.' સૌથી આગળ આવતા પોતાના નાના ભાઈ છિંદાના આકારને એણે ઓળખી લીધો. એના હાથપગ પાણી પાણી થઈ ગયા. એણે મિરજાને ઢંઢોળીને જગાડ્યો, 'ઊઠ, ઘોડી પર ચડી અહીંથી ભાગી જઈએ !'

'ભાથું ! મારું ભાથું – સાહિબા હજી હમણાં તો તીરનું ભાથું મારા ગજામાં હતું. હું મારીશ નહીં – મારા કાતિલ તીરનો ટંકાર પણ આફત ઊભી કરી દેશે. ક્યાં છે મારું ભાથું ?'

'મિરજિયા, મને માફ કરી દેજે. ભાઈઓના મોહમાં પડી હું તારા પ્રત્યે નિર્મોહી બની ગઈ. ભાથું તારા હાથથી દૂર મૂકી દીધું છે. હવે એ તારે કશા કામમાં નહીં આવે. એ લોકો આવી પહોંચ્યા છે. છલંગ મારી ઘોડી પર ચડી જા.'

'ના સાહિબાં, તને મૂકીને હું નહીં ભાગું.' એ દોડીને જીનમાંથી તલવાર લઈ આવ્યો, 'સાહિબાં, હવે ગણતી જજે. જો તારા કોઈ ભાઈને લાગી જાય તો માપ કરી દેજે પણ... પણ હું લડતાં લડતાં જ મરી શકીશ.'

સાહિબાં એના ગળે વળગી ગઈ. મિરજાએ એને દૂર હટાવી દીધી, 'એ લોકો તને શું કામ મારે ? તને દૂર હટાવી મારી છાતીમાં ખંજર ભોંકવા એક નહીં બે જણની જરૂર પડશે. ખસી જા સાહિબાં, એ લોકો પાસે આવી ગયા છે. મને મારા નસીબનો સામનો કરી લેવા દે.'

મિરજાએ તલવાર ખેંચી. સાત જણા ધમ્મ દઈ ઘોડીઓ પરથી નીચે કૂદી આવ્યા. તલવારો ચમકવા લાગી, સાહિબાં કૂદીને વચ્ચે જઈને ઊભી રહી.

'અરે, વીરા ! હવે ન તો હું ભાગી શકીશ ન તો મિરજા ભાગી શકશે.

ઉતાવળ ન કરો, મારા ભાઈઓ.'

'અમે કોઈની કશી વાત નહીં સાંભળીએ. અમે અમારા ચોરને ઘેરી લીધો છે.' આ અવાજ એના ભાઈનો નહોતો. સાહિબાં એને ઓળખતી નહોતી. જો રાત્રે એ ભાગી ન હોત તો તાહિર નામનો આ પુરુષ આજે એનો પતિ હોત –

'મારા ભાઈઓ ! હું તમને કહું છું — તમને — જેમની વફાદારી ખાતર મેં મિરજા સાથે બેવફાઈ કરી છે.'

'તું અમારા પ્રત્યે સારી વફાદારી કરીને આવી છે !' નાનો ભાઈ બોલ્યો.

'જિંદગીમાં એક જ વાર મેં મારા દિલ સાથે વફાદારી કરી છે. હંમેશાં તો હું બીજાને જ વફાદાર રહી છું — પણ છોડો એ વાત — મેં જો એનાં તીર ન સંતાડ્યાં હોત તો તમારામાંના કેટલાયે અત્યારે પગ પર ઊભા ન હોત. મારી આટલી વાત સાંભળી લો કે મેં મારી વફાદારીને કારણે જ આમ કર્યું હતું.'

'શું જોઈએ છે, બોલ ?' મોટા ભાઈ બોલ્યો.

'આપણે આને જીવતો ન છોડી શકીએ — એ આપણો ચોર છે.' તાહિર રહી ન શક્યો. સાથે જ એણે મિરજાના પેટનું નિશાન લઈ પોતાની તલવાર ફેંકી.

નિશાન ચુકાઈ ગયું. પણ મિરજાનું લોહી ઊકળી ઊઠ્યું, એ સિંહની જેમ ત્રાટક્યો; 'સાહિબાં, આ માણસ વિશે મેં તને કશું વચન નથી આપ્યું.' એક જ ઝાટકે મિરજાએ તાહિરને ઢગલો કરી દીધો.

આ જોઈ બધા એના પર તૂટી પડ્યા.

તલવાર સાથે તલવાર ખખડી. મિરજા તલવારબાજ પણ કાબેલ હતો. બધાના ઘા રોકતો ગયો.

સાહિબાં વિલાપ કરતી, ભાઈઓના પગ પકડી વિનંતી કરતી હતી, 'ના, વીરા ના — હું તમારી ગુનેગાર છું. આની સાથે પણ મેં જ દગો કર્યો. એને મેં જ બોલાવ્યો હતો — વીરા, તમારે ખાતર, ના ભાઈ, ના, કેવળ તમારી બહેનને ખાતર...'

તલવારોના રમખાણમાં કોઈએ એની વિનંતી ન સાંભળી. છ તલવારોના ઘા રોકતાં રોકતાં અંતે મિરજાનો હાથ ભારે થઈ ગયો. હવે એનાથી બધા ઘા નહોતા રોકાતા — ક્યારેક હાથમાંથી લોહીની ધાર ફૂટી નીકળતી હતી, ક્યારેક ખભો ચિરાઈ જતો. એની છાતી પણ ચાળણી થઈ ગઈ. સાહિબાંથી જોઈ ન શકાયું. એ વચ્ચે ધસી ધસી આવતી.

'આને જરા જોરથી પકડો.' એક ભાઈએ સાહિબાંને પકડમાં લઈ લાચાર કરી નાખી.

મિરજાને લાગતા દરેક ઘાએ સાહિબાંના અંતરમાં ચીસ ઊઠતી. અંતે મિરજાની છાતી પર ઊંડા ઘા થયો. એ નીચે પડી ગયો અને તલવાર એના હાથમાંથી છૂટી ગઈ.

સાહિબાંમાં એકદમ સિંહણ જેવી તાકાત આવી ગઈ. ભાઈની પકડમાંથી છટકી એ મિરજા સામે જઈ ઊભી. એણે મિરજાની તલવાર હાથમાં મજબૂતાઈથી

પકડી લીધી, 'હવે મારી નજીક ન આવશો. હું સાહિબાં નહીં — પાગલ છું — તમે લોકોએ મિરજાને મારી નાખ્યો છે. હવે એ ઘડી બે ઘડીનો મહેમાન છે. એની સાથે મેં જે દગો કર્યો છે, એની માફી મને માગી લેવા દો.'

આ દર્દ અને આ નીડરતા સામે કોણ સ્તબ્ધ ન થઈ જાય ? બધા દૂર હટી ગયા.

સાહિબાંએ મિરજાના લોહીથી ખરડાયેલા વાળ કપાળ પરથી હટાવ્યા, આંખોનું લોહી લૂછ્યું, એનું કપાળ ચૂમ્યું : 'મિરજિયા !'

'હં સાહિબાં !'

'મને માફ કરી દઈશ ?'

'માફી શેની ? મેં મારી જિંદગીની પૂરી કિંમત વસૂલ કરી લીધી છે — એક ફરિશ્તાનો સ્પર્શ પામ્યો છું...'

'મેં તને કશું ન આપ્યું — કેવળ મોત જ આપ્યું.'

'ના, તેં મને અમર બનાવી દીધો.'

'મિરજિયા, તું પળવાર માટે તારી આંખો ખુલ્લી રાખી શકીશ ?'

'આંખો મીંચાતી જાય છે, પણ તું જો ઇચ્છશે તો એ ખુલ્લી રહેશે. જો તું મારો હાથ તારા હાથમાં ઝાલી રાખે તો–'

સાહિબાંએ એનો હાથ પકડી ચૂમી લીધો.

'હું તારા પર વારી જાઉં, મિરજિયા ! હું ઇચ્છું છું કે તું જોઈ લે, મેં તારી સાથે નહીં, મારા નસીબ સાથે બેવફાઈ કરી છે. એમ ન માનીશ કે મને મારા ભાઈઓ તારાથી વધુ વહાલા હતા — કેવળ, પોતાના સુખ કરતાં બીજાના સુખને વહાલું ગણવાની મારી આદત તારે માટે કાતિલ નીવડી. હું તારી છું — મને કોઈ તારાથી અલગ કરી શકશે નહીં...'

અને સાહિબાં ઊઠી મિરજાની ખુલ્લી આંખ સામે ઊભી રહી. એના હાથમાં મિરજાની તલવાર હતી. મૂઠ ચૂમી એણે તલવાર પોતાના પેટ સોંસરવી ઉતારી દીધી ને પડતી-આખડતી મિરજાની પીઠને વળગી પડી.

સસ્સી પુન્નૂ

અમૃતા પ્રીતમ

શાહી બગીચાનાં વૃક્ષો પર જ્યા ફૂલો ખીલતાં ત્યારે મહેલની બારીએ ઊભેલી રાણી તૂટેલી લતાની માફક ઉદાસ થઈ જતી — 'હે ખુદા ! ધરતીનો ખૂણેખૂણો હર્યોભર્યો થઈ ગયો છે. મારી ગોદ કેમ નથી ભરાતી ?'

એની ફૂલોની ઋતુ જે દર વર્ષે વૃક્ષો અને છોડ પર આવતી હતી, એક વાર રાણીના દેહમાં પણ આવી ગઈ. બોરથી લદાયેલી ડાળીની માફક, રાણી નમનમાં ઝૂકી ઝૂકી જતી.

આશાનું ઊડતું પંખી એની બારીએ આવી બેઠું હતું. એ પોતાની હથેળીએ મેંદી લગાવતી અને વિચારતી — 'એને હથેળીમાં દાણા ખવડાવીશ ...'

અરીસાની સામે ઊભી એ મંજન ઘસતી ત્યારે ઘેરા લાલ રંગ જેવું એક હાલરડું એના હોઠે આવી જતું ...

સાચા રેશમના ઘોડિયામાં એ મોતીનાં ઝૂમખાં બાંધતી અને પ્રતીક્ષાના દિવસો, મોતીના દાણાની માફક ગણતી.

એક દિવસ, મોતી પરોવતાં પરોવતાં, એના હાથે દોરો તૂટી ગયો. બધાં મોતી જમીન પર વેરાઈ ગયાં. દાસીઓ સંગેમરમરની લાદી પરથી મોતી વીણતી રહી, પણ રાણી તૂટેલા દોરાની માફક ચિંતામાં ડૂબી ગઈ — 'ક્યાંક મારાં કર્મોનાં મોતી મારા હાથેથી સરી ન જાય...'

ભંબોર શહેરના રાજાએ ખજાનાનાં દ્વાર ખોલી નાખ્યાં. લોકો ખાલી ઝોળીઓ લઈને આવતા અને એને ભરીને લઈ જતા. રાજા અને રાણી રાત્રે ઝોળી ફેલાવી કહેતાં, 'અમે જગતના માલિક, પણ તારા દ્વારે ભિખારી છીએ. હે માલિક ! તું અમારી ઝોળી ભરી દે !'

અને બીજના ચાંદ જેવી દીકરી એમની ઝોળીમાં પડી.

'આ તો મારી કલ્પનાથી પણ સુંદર છે !' રાણી વારંવાર એના મોં તરફ જોતી અને અંગેઅંગથી હાલરડાં ગાતી.

નસોનું લોહી જ્યારે દૂધ બની રાણીની છાતીમાંથી વહેવા લાગ્યું ત્યારે એક દિવસ, દૂધ પીતાં પીતાં સસ્સીનાં હોઠમાંથી દૂધનાં ટીપાં જમીન પર સરી પડ્યાં.

દૂધનાં ટીપાં સંફેદ મોતીઓ જેવાં હતાં. જે દિવસે મોતીનું ઝૂમખું એના હાથે તૂટી ગયું હતું અને બધાં મોતી જમીન પર વેરાઈ ગયાં હતાં એ દિવસ રાણીને યાદ આવ્યો. રાણીએ થરથરતા દિલે પોતાની દીકરીને જોરથી છાતી સરસી ચાંપી દીધી, પણ આખી રાત એના હોઠ પરનું હાલરડું કંપતું રહ્યું...

સવારે રાજા દરબારમાં ગયા અને તરત મહેલમાં પાછા આવી ગયા હતા, એ જોઈને રાણીને ખૂબ આશ્ચર્ય થયું. જાણે કોઈ કબર પાસે બેઠા હોય એમ સસ્સીના પારણા પાસે આવીને બેસી ગયા હતા.

રડતી અને કંપતી રાણી ક્યારેક પોતાની દીકરી તરફ જોતી, ક્યારેક દીકરીના બાપ તરફ. અંતે રાજાએ કહ્યું, 'આ આપણી દીકરી, આપણા કુળનું કલંક, હું આનું શું કરું ? આજે જ્યોતિષીઓએ કહ્યું છે કે જ્યારે તે યુવાન થશે ત્યારે આખી દુનિયાથી જુદી જ થશે. કોઈક પુરુષના પ્રેમમાં એ ઘરબાર છોડી દેશે અને કુળની લાજ પણ...'

'ડાઘ તો ચંદ્રમાં પણ હોય છે...' રાણી તૂટેલી લતાની માફક રાજાનાં ચરણોમાં પડી.

'રાણી, ચાંદ-તારાની ભૂલો માફ થાય છે... પણ માનવજાતની નહીં...'

'આ પણ ચંદ્રમાનો ટુકડો તો છે...' બોલતાં બોલતાં રાણી બેભાન થઈ ગઈ.

પોતાની જ કૂખે જન્મેલીને ભલા પોતાના જ હાથે શી રીતે મારી શકાય ? એટલે વજીરો અને કર્મચારીઓની સલાહથી રાજાએ ચંદનના લાકડાની એક પેટી બનાવડાવી. એમાં હીરા-મોતી જડાવ્યાં, રેશમની પથારી કરી અને સોનામહોરોની થેલીની બાજુમાં લોહી-માંસની પોટલી જેવી પોતાની પુત્રીને સુવાડી પેટી નદીમાં વહાવી દીધી, 'હે પરવરદિગાર ! હવે આ તારે હવાલે છે.'

રાણી ભાનમાં આવી ત્યારે એના હોઠોનાં હાલરડાં વિલાપ બની ગયાં, 'હાય રે દીકરી ! તને કેવી ડોળીમાં બેસાડી, મગરમચ્છરૂપી કાંધિયા તો તારી ડોળી ઉપાડીને નથી જતાને...'

શહેરની બહાર એક ઘાટ પર અત્તા ધોબી કપડાં ધોતો હતો. નદીનાં પાણીમાં એણે કોઈ ચમકદાર ચીજ જોઈ. એણે કેટલીય વાર આંખો પટપટાવીને જોયું, છલકાતી નદીમાં રંગીન સપના જેવી કોઈ ચીજ વહેતી આવતી હતી.

મોતી અને પન્નાથી જડેલી પેટી પર જ્યારે સૂરજનાં કિરણો પડતાં હતાં ત્યારે એ ચળકવા લાગતી હતી. અત્તા ધોબીએ અલ્લાનું નામ લઈ પાણીમાં છલંગ મારી અને પેટીની દિશામાં તરવા લાગ્યો. એણે જઈ પેટી હાથથી પકડી લીધી. કિનારે લાવી જ્યારે એણે પેટી ખોલી તો ક્યાંય સુધી એ જોતો જ રહ્યો. એને વિશ્વાસ નહોતો બેસતો કે એના જેવા નિઃસંતાનને ત્યાં નસીબ પોતે ચાલીને આવ્યું છે.

પરવરદિગારે ચંદ્રની ચીર જેવી પુત્રી આજે અચાનક એની ઝોળીમાં નાખી દીધી હતી.

'આ નસીબને આજે કોણે પોતાના હાથે વહાવી દીધું હશે ?' અત્તાની સમજમાં કંઈ આવતું નહોતું, પણ અંગૂઠો ચૂસતી સસ્સીને એ વારંવાર ભેટતો હતો અને ગદ્‌ગદ થઈ જતો હતો.

'કેટલું કોમળ મુખ છે !' અત્તાની બીબીએ જ્યારે સસ્સીને પોતાની ઝોળીમાં નાખી તો એની સુક્કી નસોમાં મમતા વહેવા લાગી.

બાળકીના ગળામાં સોનાની સાંકળે બાંધેલું એક તાવીજ હતું. અત્તાએ એમાં સસ્સીનું નામ વાચ્યું અને તાવીજને પેટીમાંના હીરામોતીની એક પોટલીમાં બાંધી, પાછળની એક ઓરડીમાં અમાનતની જેમ સંભાળીને મૂકી દીધું, 'દીકરી ! તારી યુવાનીની થાપણ, જ્યારે તું મોટી થા ત્યારે પહેરજે.'

અત્તાએ હાંડલાં ચડાવ્યાં અને બધાં સગાંવહાલાંને મીઠાઈ વહેંચી. મિષ્ટાન્નનો પહેલો થાળ નદીને ધર્યો, પરવરદિગારને એ વારંવાર એ જ કહેતો રહ્યો, 'આજે હું ખરેખર જગતમાં રહેવા લાયક થઈ ગયો છું. ભાઈઓ ! મારું સૂતેલું નસીબ જાગી ઊઠ્યું છે.'

અત્તાની બીબીએ જ્યારે બાળકીને જોરથી છાતી સરસી ચાંપી દીધી કે એની સુક્કી છાતીમાં દૂધ ઊતરી આવ્યું. એને લાગ્યું, જાણે નિષ્ફળ જતા એના દેહમાં એક દૈવી ફૂલ ખીલી ઊઠ્યું છે.

આમ, મહેલોની રોનક ધોબીના આંગણમાં ખેલવા લાગી.

સસ્સીને રૂપ ચડ્યું તો પૂરની માફક. યૌવન ચડ્યું તો પૂરની માફક. સગાંવહાલાં તરફથી લગ્નનાં કહેણ આવવા લાગ્યાં. પણ અત્તા દીકરીના ચહેરા તરફ જોતો ને એની આંખો મીંચાઈ જતી. એ વિચારતો, 'આ દીકરી માટે ક્યાંકથી કોઈક ફરિશ્તો શોધી લાવું. એને યોગ્ય કોણ માણસ છે ? મને તો કોઈ દેખાતું નથી...'

જે સગાંઓ અત્તાને વીનવતા હતા એ હવે કહેવા લાગ્યા, 'અત્તાની દીકરી તો આકાશમાંથી ઊતરી છે, એના દરવાજે તો કોઈ રાજાની જાન આવશે.'

સસ્સીના સૌંદર્યની ધૂમ મચી ગઈ. વાત ઝૂંપડીઓથી આગળ વધી અમીરો અને વજીરોના કાને પડી. કોઈએ રાજાને પણ કહી દીધું, 'અત્તા ધોબીની છોકરી તો મહેલોમાં રહેવાને લાયક છે.'

રાજાનું કહેણ આવ્યું, ત્યારે અત્તાની છાતીમાં ધ્રાસકો પડ્યો, 'હે પરવરદિગાર ! આ નદીઓ ઊંધી દિશામાં કેમ વહેવા લાગી છે ?' પણ રાજાનો હુકમ હતો. એને કેમ ટાળી શકાય ?

અત્તાની બીબીએ સસ્સીને લેપ ચોળી નવડાવી અને કપડાં પહેરાવતી વખતે,

એની રક્ષા કાજે સંભાળીને રાખેલું એનું સોનાનું તાવીજ પણ એના ગળે પહેરાવી દીધું.

દીકરીને લઈ અત્તા જ્યારે મહેલે પહોંચ્યો ત્યારે સસ્સીને જોઈ રાજા આંખ પણ ન પલકારી શક્યો. એ વિચારવા લાગ્યો, 'આવું રૂપ તો કોઈ મહેલોના નસીબમાં પણ નથી હોતું ! આ ધોબી કયા આકાશેથી મુઠ્ઠી ભરી લાવ્યો છે ?...'

પગ નીચેની ધરતી જાણે મખમલની થઈ ગઈ. રાજાએ હરખાઈને સસ્સીનો હાથ પકડ્યો. પણ જ્યાં એણે સસ્સીના ખભા તરફ હાથ લંબાવ્યો કે એની નજર એના ગળામાંના તાવીજ પર પડી. રાજાના પગ તળેથી ધરતી ખસવા લાગી...

રાજાએ મહેલમાંથી રાણીને બોલાવી લીધી અને સસ્સાના ગળાનું તાવીજ એને બતાવ્યું.

'બેટા... દીકરી...' રાણીના શબ્દો કંપવા લાગ્યા.

રાજાના દિલને કંઈક કોરી રહ્યું હતું, પણ નદીમાં વહાવી દીધેલો એમના કલેજાનો ટુકડો આજે પણ જીવતો છે, એટલું સ્વીકારતાં, મોં જોયાં પછી પણ ખટકાટ તો થયો જ !

રાણીને થયું, જાણે આ સંસારની ઘટના નહોતી. આ સપનું આંખ સામેથી ઓઝલ ન થઈ જાય એટલા ખાતર એ આંખ પણ પટપટાવતી નહોતી.

રાજાએ અત્તા ધોબીને પોતાની પાસે બેસાડ્યો અને હુકમ કર્યો કે એ સર્વ હકીકત વર્ણવે.

'ખાન ! સુલતાન ! પરવરદિગારે મારી ખાલી ઝોળી ભરી દીધી હતી. મોતીઓથી જડેલી પેટીમાં આ રેશમની પોટલી જેવી પડી હતી અને પેટી નદીમાં વહી જતી હતી...' અત્તા ધોબીએ હાથ જોડી બધી વાત કરી અને રાજાના પગ પકડી લીધા — 'આ જલપરીની માફક પાણીમાંથી નીકળેલી, બાદશાહ સલામત ! ઉપર અલ્લા, નીચે બાદશાહ, નહીં તો મારી શું લાયકાત કે આ પરી મારા આંગણામાં રમે ?'

રાજાએ એકસો એક સોનામહોર ભેટની માફક ધરી અને પ્રાર્થનાની માફક ફરમાન કર્યું કે, 'ઈશ્વરનો મહિમા છે અત્તા ! હવે જે ગામ પર તું હાથ મૂકીશ, એ ગામ તારું, પણ અમારા મહેલોની રોશની અમને પાછી દઈ દે !'

અને રાણીના દિલમાં આશાની કૂંપળો ફૂટી નીકળી, એણે કહ્યું, 'હું તારા ઉપકારનો બદલો નહીં ચૂકવી શકું, અત્તા ! પણ માનું નસીબ પાછું આપ !'

અત્તાના હોઠ કંપવા લાગ્યા. એનાથી બોલાતું નહોતું. એને બદલે સસ્સીએ કહ્યું, 'રાણીમા ! જ્યારે જ્યારે હુકમ આપશો ત્યારે હું હાજર થઈ જઈશ. પણ રહીશ તો એ જ છાપરા નીચે, જ્યાં મને મરતીને શરણ મળ્યું હતું.'

અને મહેલોની રોનક ધોબીના આંગણામાં રમતી રહી. પહેલાં કેવળ પરમાત્માની નજર જાણતી હતી, પછી દુનિયાની આંખોએ પણ જોયું — સસ્સી પાણીની જેમ આઝાદ, જ્યારે મન ફાવે ત્યારે નદીના ઘાટે ઘૂમ્યા કરતી.

રાજાએ સસ્સી માટે એક જુદો બાગ બનાવ્યો. ત્યાં જઈ સસ્સી સખીઓ સાથે હિંડોળે ઝૂલતી અને ગાતી. ફૂલોની માફક સસ્સીનું દિલ પણ મહેકવા લાગ્યું.

હવે દુનિયાની ધનદોલત સસ્સી માટે હતી. વિદ્વાનો અને શિક્ષકોને બોલાવવામાં આવ્યા અને એણે ભણવામાં મન પરોવ્યું. આખી આખી રાત એની પાસે દીવો બળતો અને એના પ્રકાશમાં એ પોતાના આત્મામાં જ્ઞાનનો પ્રકાશ ભરતી.

ખબર મળ્યા કે શહેરમાં એક ગઝની સોદાગરે એક બાગ બનાવડાવ્યો છે અને બાગમાં એક ઇમારતમાં એણે જે ચિત્રો કરાવ્યાં છે, તેવાં ચિત્રો ન તો આજ સુધીમાં કોઈએ જોયાં છે, ન તો કોઈએ એ વિશે સાંભળ્યું છે.

સસ્સીને પણ જ્ઞાનનો શોખ લાગ્યો હતો. સખીઓને લઈને દોડતી ગઝની સોદાગરના બાગમાં પહોંચી. જોઈને સસ્સીનું મન ઝૂમી ઊઠ્યું — બંને તરફ મકાનની દીવાલો મહેકતી હતી, એક તરફ વૃક્ષોની સુગંધથી અને બીજી તરફ રંગોની મહેકથી. બહાર એક માળી ઘણા બધા છોડ વાવી રહ્યો હતો અને અંદર એક ચિત્રકાર કેટલાય રંગોથી ચિત્રો બનાવી રહ્યો હતો.

સસ્સીએ ચિત્રો જોયાં અને સુંદરતાને સલામ કરી. પણ આ ચિત્રોમાં એક ચિત્ર એવું હતું, જે જોઈને જ સસ્સીના પગ અટકી પડ્યા. આંખ પટપટાવવાનું એ ભૂલી ગઈ. સખીઓએ જ્યારે સસ્સીને ઢંઢોળી ત્યારે વિહ્વળતાથી ચિત્રકાર સામે હાથ જોડી એણે કહ્યું, 'હે કલાકાર ! આ ચિત્ર તેં કોનું મુખ જોઈને બનાવ્યું છે ?'

ચિત્રકાર હસી પડ્યો : 'મુખ ખુદાએ બનાવ્યું, ચિત્ર આ નાચીજે. આ છે કીચમના સ્વામી અલીહોતના શાહજાદા પુન્નૂ...'

'પુન્નૂ... પુન્નૂ...' સસ્સીના રોમરોમમાંથી એક અવાજ ઊઠ્યો, 'પુન્નૂ... પુન્નૂ...'

જ્ઞાનને જોવા-પરખવા આવેલી સસ્સીએ પોતાનું કિસ્મત વેચી દીધું.

દિલની કિંમત દઈને સસ્સીએ પુન્નૂના ચિત્રને આંખમાં ઉતારી લીધું.

ભંબોર શહેરનો કોઈ અધિકારી એવો નહોતો જે સસ્સીનો તાબેદાર ન હોય. દરેક ઘાટે ચોકી બેસાડી દેવામાં આવી. જે કોઈ સોદાગર શહેરમાંથી આવે એને સૌથી પહેલાં સસ્સી સામે રજૂ કરવામાં આવે.

'સોદાગરોનાં જાનમાલ સલામત રહેશે, પણ જ્યાં સુધી અલીહોતના શાહજાદા પુન્નૂને અહીં નહીં લાવે ત્યાં સુધી કોઈ એમના દેશ પાછું જઈ શકશે નહીં.'

સસ્સીએ એ ભૂમિ તરફથી આવતી હવાને શીશ નમાવ્યું અને આવું ફરમાન કર્યું, જેથી સોદાગરોમાં હાહાકાર મચી ગયો. એમણે એક સોદાગરને પોતાનો દૂત બનાવી કીચમ તરફ રવાના કરી દીધો. કીચમના માલિક અલીહોતે આ સાંભળ્યું ત્યારે બલૂચીઓમાં રોષ ફેલાઈ ગયો.

આ રોષની ખબર પુન્નૂને પણ પડી. એણે દૂતને એકાંતમાં બોલાવ્યો અને એની પાસેથી સસ્સીના પ્રેમની હકીકત જાણી.

સસ્સીના દિલની આમ પુન્નૂના દિલને પણ સ્પર્શી ગઈ. એનું રોમ રોમ સસ્સીના પ્રેમથી પ્રજ્વળી ઊઠ્યું.

સવારે સૂરજની લાલિમા જોઈ પુન્નૂને એવું લાગ્યું, જાણે આજે સુરજ નહીં, સસ્સીનો પ્રેમ આકાશે ચડ્યો છે.

પુન્નૂએ ચડતા સૂરજને નમન કર્યું. અને સુગંધી તેલ-અત્તરની પોટલી લઈ સોદાગરના વેશમાં, પોતાના પિતાને જણાવ્યા વિના ચોરીછૂપીથી ભંબોર શહેર તરફ ચાલી નીકળ્યો.

'કીચમથી સોદાગરો આવ્યા છે' એવી ખબર પહેરેગીરે સસ્સીના કાન સુધી પહોંચાડી કે એ સોદાગરો જ્યાં ભાતભાતના સામાનની હાટ માંડી બેઠા હતા એ શમિયાણા તરફ સસ્સી વ્યાકુળ થઈને દોડી.

પુન્નૂ પણ સોદાગરોની હરોળમાં એક સોદાગરની માફક બેઠો હતો. સસ્સીએ એને ન ઓળખ્યો, પણ જ્યારે પુન્નૂએ સસ્સીનું સૌંદર્ય જોયું તો એને લાગ્યું — આકાશમાં જે સૂરજને એણે નમન કર્યું હતું એ જ સૂરજ એની સામે ધરતી પર ઊતરી આવ્યો છે.

પુન્નૂએ સસ્સીની પાસે જઈ એના પાલવને અત્તરનું પૂમડું એ રીતે અડકાડ્યું જાણે અલ્લાહની દરગાહ પર ચડાવ્યું હોય.

'તમારી ઓળખાણ ?' સસ્સીની આંખમા એક વીજળી ચમકી ગઈ. પણ એણે કંપતા હોઠે પૂછ્યું, 'હે સોદાગર, તું ખૂબ નસીબદાર પ્રદેશમાંથી આવ્યો છે. સાચું કહે, તેં કદી મારા પુન્નૂને જોયો છે ?'

'હા' પુન્નૂએ અદબથી શીશ ઝુકાવી દીધું, પછી મોં ઉઠાવી સસ્સીની આંખોમાં જોઈ કહેવા લાગ્યો : 'સૌંદર્યવતી, અસલી પુન્નૂને મેં આજે જ જોયો તારી આંખોમાં.'

બંનેનાં શીશ એકબીજાંની સામે નમનમાં ઝૂકી ગયાં.

આ બાજુ પુન્નૂના ભાઈઓ ગુસ્સે થઈ, ઊંટડીઓ પર સવાર થઈ પુન્નૂની પાછળ પાછળ ભંબોર શહેર પહોંચ્યા. જોયું તો આખું શહેર દીવાની જેમ ઝગમગતું હતું. વાતો સાંભળતાં સાંભળતાં પુન્નૂ ઊતર્યો હતો એ સસ્સીના બાગમાં તેઓ

પહોંચ્યા. ફૂલોની મહેફિલમાં સસ્સીની સખીઓ કબૂતરી, ચકલી અને બુલબુલની માફક કલબલાટ કરી રહી હતી.

પુન્નૂના ભાઈઓએ પરસ્પર સલાહ કરી અને ઊંટડીઓને બહાર ઝાડ સાથે બાંધી બાગમાં ગયા. સસ્સી અને પુન્નૂ પર સ્નેહ વરસાવ્યો. જીભે મધ ઘોળી કહ્યું, 'અમે અમારા ભાઈના આનંદમાં ભાગીદાર થવા આવ્યા છીએ.'

'પધારો ! તમારા માર્ગમાં હુ મારી આંખો બિછાવું છું.' સસ્સીએ કહ્યું. અને એણે જરદા અને પુલાવનાં હાંડલાં ચડાવડાવ્યાં.

સાંજ પડી અને પુન્નૂના ભાઈઓએ જામ અને સુરાહીઓ કાઢી, 'લગ્ન પહેલાં ત્રણ દિવસ અમે ઉત્સવ મનાવશું.'

સસ્સીની સખીઓએ મેંદી બનાવી, તેલ-અત્તરનો લેપ બનાવ્યો. સસ્સી અને પુન્નૂને સાચાં રેશમનાં વસ્ત્રો પહેરાવી ઢોલકી બજાવવા લાગી.

મહેલમાંથી રાણીમાએ મોતીઓનાં થાળ મોકલ્યા અને અત્તાએ નાળિયેર ખજૂરથી ભરેલી ટોપલી બૂચીઓને ભેટ ધરી.

અત્તાનાં બધાં સંબંધીઓએ ઘાટના કિનારે દીવા કર્યા અને પરવરદિગારને મિષ્ટાન્નનો થાળ ચડાવ્યો.

આ પુણ્ય કમાવાનો સમય તો પણ પુન્નૂના ભાઈઓ પાપ કમાયા. પુન્નૂના અંતિમ જામમાં ઊંઘની દવા નાખી દીધી. એક છેલ્લો જામ પીવાનો એક સ્વાભાવિક રિવાજ હતો, એટલે પુન્નૂને કોઈ સંદેહ ન થયો પણ જામ ખાલી થતાં જ પુન્નૂને ઊંઘ આવવા માંડી.

સસ્સી પોતાની સખીઓ સાથે જઈ પોતાના શમિયાણામાં સૂઈ ગઈ અને પુન્નૂ પોતાના શમિયાણામાં પોતાનો ભાઈઓ સાથે જઈને સૂઈ ગયો.

સવાર થતાં જ જ્યારે સસ્સી જાગી ત્યારે રાતનો અંધકાર સૂરજની મદદ માગી રહ્યો હતો. પુન્નૂનો શમિયાણો ફાટેલી ઝોળી સમો સસ્સી સામે પડ્યો હતો. અડધી રાત્રે પુન્નૂના ભાઈઓ બેશુદ્ધ પુન્નૂને ઊંટ પર નાખી કીચમ તરફ રવાના થઈ ગયા હતા.

ફૂલોની બધી સુગંધ સસ્સીના હોઠનું દર્દ બની ગઈ. એના પુન્નૂને છીનવીને ઊંટ જે રણમાંથી પસાર થઈ રહ્યાં હતાં એ તરફ સસ્સીએ પાગલપણામાં હાથ ફેલાવ્યા.

સસ્સીની સખીઓ વીલાપ કરતી સસ્સીની પાછળ દોડી, પણ પાગલ દોડમાં પાછળ રહીને હાંફવા લાગી. ઊંટના પગનાં નિશાન ગોતતી સસ્સી ઉઘાડા પગે ન જાણે ક્યાં પહોંચી ગઈ હતી.

'પુન્નૂ ! પુન્નૂ !' સસ્સીની બૂમો રણમાં રેતીની ટેકરીઓની માફક ઊંચી ઊડતી

અને શમી જતી.

સસ્સીની પાનીએ લાગેલો મેંદીનો રંગ લોહીના રંગની માફક લાલ થઈ ગયો. માથા પર સૂરજ એના પ્રેમ જેવો તપતો હતો. માથાથી પગ સુધી જાણે આગની શિખાની માફક પ્રજળતી એ રણમાં દોડતી હતી.

રાણીમાએ મોકલેલો મોતીનો હાર સસ્સીના ગળામાં હતો. એના ખુલ્લાં વાળમાં અટવાઈને ખબર નહીં ક્યારે એના હારનો દોરો તૂટી ગયો. છમ છમ કરતાં મોતી રેતીમાં પડવા માંડ્યાં. સસ્સીના જન્મ વખતે એની મા પારણામાં મોતીની સેરો પરવી રહી હતી અને એક સેર તૂટી ગઈ હતી, એ વાત સસ્સીને અત્યારે યાદ આવી.

સસ્સીને જ્યારે માએ કહેલી વાત યાદ આવી ત્યારે એના મુખેથી નિશ્વાસની માફક આ શબ્દો નીકળ્યા — 'મારું નસીબ તો મારી માએ ત્યારે જ જાણી લીધું હતું.'

પગનાં છાલાંની પીડામાં એણે રેતીમાં વેરાયેલાં મોતી જોયાં અને પાછી ઊંટના પગનાં નિશાન ગોતવા લાગી.

રણની રેતી સસ્સીની ચિતાઓની માફક અનંત હતી.

'હું જલ અને થલની થાપણ,' સસ્સીએ વ્યાકુળ થઈને પોતાના દિલને કહ્યું, 'અથાગ પાણીએ મને થાપણની જેમ પોતાની હથેળી પર જાળવી રાખી, હવે આ રણ પણ મારા પ્રેમની થાપણની માફક મને સંભાળશે...'

સસ્સીએ ગુરુ-જ્ઞાનીઓ પાસેથી સાંભળ્યું હતું કે કૂકનૂસ પક્ષી જ્યારે ગાય છે ત્યારે એની પાંખમાંથી આગના ભડકા નીકળે છે. એ જેમ જેમ ગાતું જાય છે તેમ એની જ્વાળા ઊંચી ને ઊંચી થતી જાય છે. અંતે એ પોતાની પાંખની જ્વાળામા જ બળીને ભસ્મ થઈ જાય છે.

સસ્સીને થયું જાણે એનાં અંગેઅંગમાંથી આગની જ્વાળાઓ નીકળે છે. એણે વધુ મોટા સાદે બૂમ પાડી — 'પુન્નૂ... ! પુન્નૂ... !'

અને એનાં અંગો ભસ્મ થવા માંડ્યાં...

બાજુમાં કોઈ ટેકરીની આડશે એક ગોવાળિયો ઘેટાં લઈને જતો હતો. એને કાને દર્દભરી બૂમો સંભળાઈ હતી. અને ગરમ લૂને ચીરતો ટેકરીની પાછળથી નીકળીને આવી પહોંચ્યો. ત્યાં કિનારીમઢેલો દુપટ્ટો કોઈ કફનની માફક રેતીમાં પડ્યો હતો.

'યા ઇલાહી !' ગોવાળે દુપટ્ટાનો છેડો ઊંચકી જોયું. સસ્સી બેશુદ્ધ પડી હતી.

ગોવાળે એક ઘેટા પર લાદેલી પાણીની મશક ઉતારી અને સસ્સીના ચહેરા પર પાણી છાટ્યું.

સસ્સીને ભાન આવ્યું, ક્ષણ વાર માટે. 'પુન્નૂ...! પુન્નૂ...!' પાણીના ઘૂંટડાની માફક પુન્નૂના નામનો એક જાણે ઘૂંટડો ભરી શ્વાસ છોડી દીધો.

ગોવાળિયો ઘણી વાર સુધી એની સામે ચૂપચાપ બેસી રહ્યો. પછી ઢળતા સૂરજની સાખે એ ત્યાં જ રેતીમાં સસ્સીની કબર બનાવવા લાગ્યો.

ગોવાળનું ચડતું યૌવન જાણે વૈરાગ્ય બની ગયું. એને થયું કે એ પરીની કબર પર પોતે દીવાની પેઠે સદા જલતો રહેશે.

સાંજનું અંધારું હજી જામતું જ હતું કે કોઈ ઊંટનો સવાર એની નજીકથી પસાર થયો અને એને રણમાં બેઠેલો જોઈ થોડી વાર માટે થંભી ગયો. એણે પૂછ્યું, 'અહીં ક્યાંય પાણી મળશે ?'

જે મશકમાંથી સસ્સીને પાણીનો ઘૂંટડો પાયો હતો, એ જ મશક ભરવાડે એની સામે ધરી દીધી.

ઊંટના સવારે મશકમાંથી પાણીનો ઘૂંટડો ભર્યો અને આશ્ચર્યથી પૂછ્યું, 'આ રણમાં ન ઓટલો છે ન છાંયો છે. તું અહીં કોને માટે બેઠો છે ભાઈ ?

ગોવાળે હાથથી કબર તરફ ઇશારો કર્યો અને કહ્યું, 'મારું મન દુનિયા પરથી ઊઠી ગયું છે. આજે મેં અહીં એક પરી સમાન સ્ત્રીને મરતી જોઈ છે...'

'કોણ હતી ?' ઊંટના સવારે હાથમાં પકડેલો કટોરો ધ્રૂજી ગયો.

'ખબર નહીં કોણ હતી ? પુન્નૂ, પુન્નૂ કહેતાં કહેતાં એણે શ્વાસ મૂકી દીધો હતો...'

સવારે પોતાનો કંપતો હાથ ગોવાળના ખભે મૂક્યો, 'તો ભાઈ ! એક મહેરબાની કર. આ કબર ખોલીને મોટી કરી દે.'

ગોવાળ આશ્ચર્યચકિત થઈ સવાર તરફ જોવા લાગ્યો પણ ઊંટવાળાને કંઈ કહેવા-સાંભળવાની ફુરસદ નહોતી. એ પોતે પેલી કબર પરથી રેતી હટાવવા માંડ્યો હતો.

કબર ખૂલી અને ઊંટના સવારે પહેલાં સસ્સીના શરીરને નમન કર્યું, પછી પોતાના મનનો ભાર એના ચરણોમાં મૂકી દીધો... 'મારા ભાઈઓએ દગો કર્યો હતો... સસ્સી ! જ્યારે મને ભાન આવ્યું ત્યારે હું મારી વફાદારી નિભાવવા પાછો ચાલ્યો આવ્યો...'

અને જે કટારના જોરે પુન્નૂ પોતાના ભાઈઓ સાથે લડીને પાછો આવ્યો હતો એ જ કટાર પોતાની છાતીમાં ભોંકી, સસ્સીની કબરમાં પડી ગયો.

ગોવાળ આશ્ચર્યચકિત... કબરને ઢાંકતો, કબર પરના દીવાની શિખાની પેઠે કંપવા લાગ્યો.

સોહની મહીવાલ

કર્તાર સિંહ દુગ્ગલ

પંજાબ પાંચ નદીઓનો પ્રદેશ છે — જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ. 1947ના દેશના ભાગલા વખતે ત્રણ નદીઓ પેલી તરફ રહી ગઈ, બે નદીઓ, બિયાસ અને સતલજ, આપણા ભાગમાં આવી ગઈ. ત્રણ નદીના પોતાના ભાગને પાકિસ્તાનીઓ પણ પંજાબ કહે છે, બે નદીના આપણા હિસ્સાને હિંદુસ્તાનીઓ પણ પંજાબ કહે છે. કદાચ એવી આશામાં કે આ બનાવટી રેખા ક્યારેક સ્લેટ પરના આંકડાની માફક ભૂંસાઈ જશે અને આખું પંજાબ ઝગમગ કરતું આ અંધકારની બહાર ઊપસી આવશે.

પંજાબની નદીઓમાં ચિનાબની વાતો સૌથી વધુ થતી આવે છે — ખાસ કરીને પંજાબના લોકસાહિત્યમાં. લોકગીતો અને લોકકથાઓમાં ચિનાબનો ઉલ્લેખ 'ઝનાં'ના નામે થયો છે; અને લોકોને ખાતરી છે કે આના પાણીમાં એક અદ્‌ભુત તાસીર છે, જે માણસને ક્યાંયનો નથી રાખતી, ન દિલને લાયક, ન દુનિયાને લાયક. આ ઝનાં નદીના કિનારે કવિ દામોદરની નજર સામે હીર-રાંઝાનું દુઃખાંત નાટક ભજવાઈ ગયું. આ ઝનાંના કિનારે મિરજા અને સાહિબાં પ્રેમના ઝૂલે ઊંચા ઝૂલ્યાં હતાં અને મોં-ભર પડ્યાં હતાં. આ જ ઝનાંના પાણી પર સોહની અને મહીવાલની કથા લોહીના રંગે લખાઈ.

દુનિયાભરના દેશો જ્યારે હિંદુસ્તાનને સોનાની મરઘી સમજતા હતા તે દિવસોની આ વાત છે. દેશદેશાંતરના સોદાગરો ભાતભાતનો સામાન લાદીને આવતા અને અહીંથી જાતજાતનો હિંદુસ્તાની માલ લઈ પાછા જતા. અરબી ઘોડા વગેરેનો વેપાર કરતા, બુખારાના એક સોદાગરથી વાતની શરૂઆત થાય છે. એ ફેરામાં એની સાથે ઇજ્જતબેગ નામનો એક ધનિક યુવન પણ હતો. ઇજ્જતબેગ ઘોડા પાછળ પાગલ હતો.

ઘોડેસવારી કરતાં કરતાં, ક્યારેક કુમૈદને હંસ-મોરની ચાલ ચલાવતો, ક્યારેક ચીનાના મોંમાં લગામ નાખતો, ક્યારેક પીઠ પર જીન નાખતો, અને ભાતભાતના ખેલથી ગ્રાહકોને રીઝવી દેતો. સોદાગરના ઘોડા બમણા-ચારગણા ભાવે વેચાતા હતા. ઘોડા વેચતા વેચતા તેઓ ગુજરાતમાં પહોંચ્યા. આમ તો પોતાને દેશ પાછા

જવા માટે બેસીને જવાય એટલા જ ઘોડા એમની પાસે બાકી રહ્યા હતા. લાહોર, દિલ્લી, આગ્રા અને બીજાં કેટલાંય શહેરોમાં એ લોકો ફરી આવ્યા હતા. મણબંધ એલચી, લવિંગ, પિસ્તાં અને દ્રાક્ષ વેચી આવ્યા હતા.

એ દિવસોમાં ગુજરાત પ્રદેશ માટીનાં વાસણો માટે ખૂબ જાણીતો હતો. તુલા નામનો એક કારીગર ખાસ પ્રસિદ્ધ હતો. એનાં વાસણો દેશદેશાંતરમાં જતાં હતાં. સુરાહી એવી બનાવતો કે એની ગરદનમાંથી પાણી છલકતું દેખાય. એનાં બનાવેલાં કટોરા, કૂજા, ગુલદાન, રકાબીઓ, તાસકો, તાસ, ઘડા, ચલમો જોઈ જોઈ ગ્રાહકોનાં મન નહોતાં ભરાતાં. કોને ખબર ક્યાંથી એ માટી લાવતો, કઈ રીતે એને ટીપતો, કઈ રીતે એને ચાકડે ચડાવતો — પોતાનો ભેદ એ કોઈને જણાવા દેતો નહોતો. વાસણો પરનું રંગબેરંગી ચિત્રકામ અજોડ હતું. કેટલીયે પેઢીથી એના કુટુંબમાં આ ધંધો ચાલતો આવતો હતો. હવે લોકોનું એમ કહેવું હતું કે ભલે બાકીનું કામ તુલા કુંભાર કરતો હોય, પણ ચિત્રકામ તો એની દીકરી સોહની કરતી હતી. સોહનીની આંગળીઓ કલાત્મક હતી, એની સુંદરતાની વાતો ગામેગામ, ગલીગલીમાં ફેલાયેલી હતી. એ ખૂબ વિદ્યા શીખી હતી.

એ દિવસે ઇજ્જતબેગ પણ ફરતો ફરતો તુલાને આંગણે પહોંચી ગયો. આંગણું શું, ખાસ્સું મોટું કારખાનું જ હતું. સેંકડો મજૂરો કામ કરતા હતા. કેટલાયે ઓરડા અને ચોગાન વાસણોથી ભરેલાં હતાં. તુલાની કારીગરી જોઈ ઇજ્જતબેગનું આશ્ચર્ય વધતું જતું હતું. એકથી એક ચડિયાતાં વાસણો, એકથી એક સુંદર ચિત્ર. રંગોની વિવિધતા જોઈ, એ નબીરાની આંખોમાં જાણે ઠંડક વ્યાપી ગઈ. બહાર આકરો તાપ હતો.

તુલા પોતે બુખારાના નબીરાને વાસણો બતાવી રહ્યો હતો. એક ચોગાનમાંથી બીજા ચોગાનમાં, એક ઓરડીમાંથી બીજી ઓરડીમાં, આમ ફરતાં ફરતાં એ લોકો અંદરના ઓરડામાં પહોંચી ગયા. અહીં તુલાએ પોતાનો સૌથી ચડિયાતો માલ રાખેલો. આ માલ કોઈ ધનિક માણસ જ ખરીદી શકે તેમ હતો.

હજી ઇજ્જતબેગે ઓરડામાં પગ જ મૂક્યો હતો કે એને સામેના પડદાની પાછળ, ઓટલા પર બેઠેલી તુલાની પુત્રી સોહનીની એક ઝલક દેખાઈ ગઈ. એ કોઈ પ્યાલા પર ચિત્રકામ કરી રહી હતી. એક જ ઝલકમાં ઇજ્જતબેગના હાથમાં પકડેલી ફૂલદાની સરકીને નીચે જમીન પર પડી ગઈ. ફૂલદાની તૂટવાના અવાજથી સોહનીનું દિલ ધક્ દઈને અટકી ગયું. હાથમાં રંગની પીંછી પકડી, એ ઉઘાડા માથે એમની એમ જ ઓરડામાં આવી ગઈ.

સામે ઇજ્જતબેગ ઊભો હતો. ઊંચો, લાંબો, ભરાવદાર અને ચહેરો ખીલેલો, ગરદન સુધી ફેલાયેલા ચમદાર કાળાં જુલફાં. પેલી તરફ સોહની જાણે

આકાશમાંથી ઊતરી આવેલી કોઈ અપ્સરા હોય ! ગભરાટથી લાલ થયેલો ચહેરો, જલદીથી આવવાને કારણે મોં અને કપાળ પર વિખરાયેલી લટો, દરવાજામાં ઊભેલી સોહની એવી લાગતી હતી, જાણે કોઈએ તસવીર મઢીને મૂકી દીધી હોય.

એક મિનિટ; બે મિનિટ, ત્રણ મિનિટ અને પછી તુલા કુંભાર ગળું ખોંખારતો, તૂટલી ફૂલદાનીના ટુકડા વીણવા લાગ્યો.

એ દિવસે, પછી બીજા દિવસે, ત્રીજા દિવસે, રોજ ઇજ્જતબેગ તુલાને ત્યાં આવતો અને વાસણ પસંદ કરતો અને ખરીદતો જતો હતો. તુલાની કેટલીય અભરાઈઓ અને માળિયાંઓ ખાલી થતાં ગયાં.

ફરી એક વાર જ્યારે ઇજ્જતબેગ આવ્યો ત્યારે તુલા ક્યાંક બહાર ગયો હતો. કોઈક સંબંધીને ત્યાં મૃત્યુ થયું હતું. બાપ ઘરે નહોતા. આવા સારા ગ્રાહકને સોહની પોતે વાસણો બતાવવા માંડી. આખી બપોર ઇજ્જતબેગ વાસણો ખરીદતો રહ્યો. બપોર ઢળી ગઈ, સાંજ પડી ગઈ પછી ખબર નહીં શું થયું, કેમ થયું. વાસણ વેચતાં વેચતાં સોહની પોતે પોતાનાથી હારી ગઈ. સોહનીને થયું જાણે પરદેશીના એક સ્પર્શથી જ વાસણોમાં બીજા બીજા જ રંગ પુરાઈ ગયા હોય. આ રંગ પહેલાં તો એને કદી દેખાયા જ નહોતા. એના પ્રિયતમનો એક સ્પર્શ અને સોહનીને થયું કે એના ઘરની બેઠકમાં કેટલી ઠંડક પેદા થઈ ગઈ છે ! બહાર એટલી બધી ગરમી હતી અને અંદર કેટલી શીતળતા હતી ! રંઝોટા(રાંઝા)ના સ્પર્શની જ વાર હતી કે સોહનીમાં સલેટી(હીર)ના અંગ અંગ ખીલી ઊઠ્યાં. વાતાવરણમાં ગીતો ગુંજવા લાગ્યાં.

પેલી તરફ ઇજ્જતબેગના સાથી-સોદાગરો મૂંઝવણમાં હતા. બધી કમાણી એણે માટીનાં વાસણો ખરીદવામાં બરબાદ કરી નાખી હતી. ઢગલાબંધ વાસણો ભેગાં કરી દીધાં હતાં. બે-ચાર વાસણો તો ભલા કોઈક માણસ લઈ જઈ શકે, પણ સેંકડો વાસણો કોઈ આટલે દૂર—બુખારા સુધી કઈ રીતે લઈ જઈ શકે ? વળી ઇજ્જતબેગ આ શહેરમાંથી નીકળવાનું નામ સુદ્ધાં નહોતો લેતો. પડાવમાં મૂકેલાં વાસણો પર ધૂળ જમા થઈ રહી હતી. એકબીજા પર રાખેલાં કોઈક તૂટવા પણ લાગેલાં. ઇજ્જતબેગના સાથીઓને એનાં લક્ષણ સમજાતાં નહોતાં.

અંતે થાકીને એક સવારે કાફલો ત્યાંથી વિદાય થઈ ગયો. ઇજ્જતબેગ એમની સાથે ન ગયો.

એ દિવસોમાં ઇજ્જતબેગનું બસ એક જ કામ હતું — આખો દિવસ તુલાના કારખાનામાં ભટક્યા કરવાનું. ક્યારેક ચાકડા પાસે ઊભો રહેતો, ક્યારેક ભઠ્ઠી પાસે, ક્યારેક વાસણોના ભાવ ઠરાવતો. બસ એક વાર સોહનીનાં દર્શન થઈ જાય એટલે એને થતું કે આજનો દિવસ સફળ થઈ ગયો છે.

પેલી બાજુ સોહનીના એ હાલ હતા કે પરદેશીના એક **સ્પર્શથી જ એને** પોતાનું સર્વ કંઈ પારકું પારકું લાગવા માંડ્યું. ખાવાપીવાનું કંઈ **નહોતું ભાવતું**. રાત-દિવસ બેઠી બેઠી વાસણો રંગ્યા કરતી — એ જ આસમાની રંગ જે એના સાજનને ગમતો હતો અને એ જ ચિત્રો જે ઇજ્જતબેગને પસંદ હતાં.

તુલાનું દિલ બધું જાણતું હતું, સમજતું હતું, પણ મોંએથી એ કશું નહોતો બોલતો. મનમાં ને મનમાં એ હાંડીની માફક ઊકળ્યા કરતો હતો. એણે ઘણા પ્રયત્નો કર્યા કે સોહનીનાં લગ્ન લઈ લે, પણ છોકરી કોઈ રીતે કાબૂમાં આવતી નહોતી. એની મુશ્કેલી એ હતી કે પોતાની એકની એક દીકરીનો હાથ એ પરદેશીના હાથમાં શી રીતે સોંપી દે ? કાપલાવાળાઓને ગયે કેટલાય સપ્તાહ વીતી ગયા હતા. અને હવે ઇજ્જતબેગ પાસે કંઈ બચ્યું નહોતું, મેલાંઘેલાં કપડાં, ભૂખ્યોતરસ્યો, પાઈ પાઈ માટે લાચાર.

ઘોડાની દેખભાળ સિવાય ઇજ્જતબેગને બીજું કોઈ કામ આવડતું નહોતું. ન તો શહેરનાં લોકોની ભાષાનું એને જ્ઞાન હતું. અંતે વિચારી વિચારીને એણે મહીવાલ(ગોવાળ)નું કામ શરૂ કરી દીધું. લોકોનાં ગાય-ભેંસ, ઘોડા-ઘોડી એકઠાં કરતો અને એને ચરાવવા બહાર લઈ જતો. આખો દિવસ મેદાનોમાં ગાય-ભેંસો ચારતો અને પોતે બીન વગાડ્યા કરતો. એ હંમેશાં બગલમાં બીન દબાવી રાખતો. આજકાલ સોહની સાથેની મુલાકાત મેદાનોમાં થતી હતી. તુલાનાં વાસણોના ભાવતાલ કરવાની હવે ઇજ્જતબેગની શક્તિ રહી નહોતી.

બુખારાનો નબીરો ઇજ્જતબેગ પંજાબની સોહનીનો મહીવાલ બની ગયો હતો.

સાત પડદામાં રહેનાર કલાકાર છોકરી સોહની આજકાલ મેદાનો ને જંગલોમાં ભટક્યા કરતી હતી. મહીવાલનાં પ્રેમમાં એને ઘરનું કામકાજ ઝેર જેવું લાગતું હતું. નિકટની સખીઓના બહાને એ સવાર-સાંજ ઘરમાંથી બહાર નીકળી જતી. એની સખીઓ નાચી-ગાઈને મહીવાલનું મન બહેલાવ્યા કરતી.

પ્રેમ અને કસ્તૂરી છૂપાવ્યાં છૂપતાં નથી. થોડા જ દિવસોમાં સોહની અને મહિવાલના પ્રેમની જાહેરાત થઈ ગઈ. બદનામીથી બચવા તુલાએ પણ જે છોકરો એને હાથ આવ્યો, એની સાથે સોહનીનો છેડો બાંધી દીધો, તે પોતે નિશ્ચિત થઈ ગયો.

સોહની વિનવતી રહી — અબ્બા, મહીવાલ સાથેનો મારો સંબંધ જન્મોજન્મનો છે. પણ આખો દિવસ માટીનાં વાસણોમાં ભટકનાર તુલા કુંભારની સમજમાં કોઈ વાત ન ઊતરી.

આંસુની ધારા વહાવતી સોહનીને ડોળીમાં નાખી સાસરે મોકલી દેવામાં આવી.

ઝનાંના એક કિનારે સોહનીના સાસરિયાનું ગામ હતું અને બીજા કિનારે

પિયર. ત્યાં મહિવાલ સોહનીના વિરહમાં રાતદિવસ તડપ્યા કરતો હતો. પાગલની માફક એકલો ભટકતો, 'સોહની, સોહની' પોકાર્યા કરતો અને ઝૂર્યા કરતો. ખાવા-પીવાનું એને કોઈ ભાન નહોતું રહ્યું. હજારો લાડમાં ઊછરેલો નબીરો તણખલાથી પણ હલકો થઈ ગયો હતો. ખૂબ સરસ પંજાબી બોલવા માંડ્યો હતો અને પોતાની દિલનવાજ ભાષામાં એનાં જ ગીતો ગાયા કરતો. દરેક બોલમાં સોહની. જંગલો-મોદાનોમાં 'સોહની' 'સોહની'ની ધૂન ગૂંજવા માંડી.

પેલી બાજુ સોહનીના પણ આ જ હાલ હતા. મહીવાલની યાદને છાતી સરસી રાખી એણે પોતાના પતિનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો. દિવસ-રાત, રાત-દિવસ મહીવાલને યાદ કર્યા કરતી; બસ મહીવાલ, બીજું કંઈ જ નહીં.

એક દિવસ બેહાલીમાં ઘૂમતાં ઘૂમતાં મહીવાલને લાગ્યું કે સોહની એને બોલાવી રહી છે. એણે કાન માંડીને સાંભળવાનો પ્રયત્ન કર્યો, પણ અવાજ તો જાણે એની અંદરથી આવી રહ્યો હતો. મહીવાલ ખડખડાટ હસી પડ્યો. આ તો એક ભ્રમણા હતી. મહીવાલ ગાંડાની માફક મોટા ને મોટા અવાજે હસતો જતો હતો. પણ અવાજ તો આવતો જ હતો. કોઈક એને સાદ દેતું હતું – 'મહિવાલ ! મહિવાલ' એ દોડીને એક ટેકરા પર ચડી ગયો. આંખ ફાડી ફાડીને આગળપાછળ જોવા લાગ્યો. ક્યાંય કોઈ નહોતું. પણ ના, અવાજ તો આવતો જ હતો. કદાચ સામેના વૃક્ષના ઝુંડમાં કોઈ હતું. 'મહીવાલ !' 'મહીવાલ!' 'મહીવાલ!'ના અવાજો આવતા હતા. પછી એના પ્રત્યેક શ્વાસમાં ઘૂંટાયેલા સોહનીના ધ્વનિ સાથે આ અવાજ જાણે ભોંકાવા લાગ્યો. 'સોહની-મહીવાલ,' 'સોહની-મહીવાલ,' 'સોહની-મહીવાલ,' 'સોહની-મહીવાલ.' મહીવાલને કંઈ સમજાતું નહોતું. એને થયું જાણે કોઈક એની સાથે મજાક કરતું હતું. ત્યા તો કોઈ નહોતું. કોઈક એને બોલાવતું હતું ને સંતાઈ જતું હતું. ક્યારેક લાગતું કે અવાજ બહારથી આવે છે, ક્યારેક લાગતું કે અવાજ અંદરથી આવે છે. 'સોહની-મહીવાલ' 'મહિવાલ-સોહની' અચાનક એને થયું કે જાણે અવાજ દૂર એક ખીણમાંથી આવે છે. દોડતો દોડતો મહીવાલ ખીણમાં ઊતરી ગયો. ત્યાં પહોંચી એને લાગ્યું કે અવાજ તો બહારથી આવતો હતો. એ જ પગલે એ ચડાણ ચડવા લાગ્યો. એનો શ્વાસ ભરાઈ ગયો. ભૂખ્યોતરસ્યો, ઉઘાડા પગ. થાક્યોપાક્યો મહીવાલ જ્યારે ચડીને ઉપર આવ્યો ત્યારે એને લાગ્યું કે અવાજ તો ખીણમાંથી આવતો હતો. 'સોહની-મહીવાલ !' 'મહીવાલ-સોહની !' હા... અવાજ તો ખીણમાંથી જ આવતો હતો. દોડીને મહીવાલ પાછો ખીણમાં ઊતરી ગયો. જેમ જેમ નીચે ઊતરતો ગયો તેમ એને થયું કે અવાજ પાછળ રહી ગયો. ખીણમાં પહોંચીને એને લાગ્યું કે અવાજ ખરેખર બહાર જ હતો. ઉપર ક્યાંકથી સંભળાતું હતું, 'સોહની-મહીવાલ' 'મહીવાલ-સોહની.' ભાંગેલી હાલતમાં ગાંડાની માફક એ

પાછો ઉપર ચડવા માંડ્યો. ઉપર પહોંચી આંખો ફાડી ફાડીને એ આગળપાછળ જોવા લાગ્યો. ક્યાં હતો એ અવાજ ? દૂર, નજીક ખૂબ નજીક ! અકળાઈને મહીવાલે પોતાનાં કપડાંના લીરેલીરા કરી નાખ્યાં. પસીને તરબતર, ધૂળ-માટીથી લથપથ એ ગાંડાની માફક આગળપાછળ દોડવા લાગ્યો. દોડતો દોડતો એ ઝનાંના કિનારે પહોંચ્યો. કદાચ પાણીની લહેરોમાંથી અવાજ આવતો હોય ! હા, અવાજ ઝનાંના પાણીમાંથી જ આવતો હતો. ને મહીવાલ પાણીમાં કૂદી પડ્યો.

થોડાક પ્રયત્નો પછી મહીવાલે ઊછળતા પાણીની લહેરો સાથે ઝઝૂમવું શરૂ કરી દીધું. પાછલો કિનારો પાછળ – દૂર રહી ગયો અને સામો કિનારો ક્યાંય દેખાતો નહોતો. મહીવાલ હાથ ફેલાવીને, પગ હલાવીને ઝનાંની ઉદ્ધત લહેરોને જાણે કાપતો જતો હતો. આગળ ને આગળ વધી રહ્યો હતો. પાછો એના કાને સોહનીનો સાદ પડવા લાગ્યો. હા, આ એનો જ અવાજ હતો. 'મહીવાલ ! મહીવાલ !' જાણે કોઈ દર્દભર્યો ગુંજારવ વ્યાપેલો હતો. મહીવાલે જોર જોરથી હાથ ચલાવવા શરૂ કર્યા, પગ ચલાવવા શરૂ કર્યા. આ તો ઝનાંના કિનારે સોહની રડી રહી હતી. એટલામાં કોઈ નાવિકની નજર મહીવાલ પર પડી. એણે પોતાની હોડી દોડાવી, મહીવાલને હોડીમાં ચડાવી દીધો.

સાચેસાચ સામે સોહની ઊભી હતી. ડબ ડબ આંસુ વહાવી રહી હતી. મહીવાલ વારંવાર આંખો ચોળવા માંડ્યો. હા, સોહની જ હતી. આ સ્વપ્ન નહોતું. બેય ઉત્સાહથી એકબીજા તરફ દોડ્યાં – હાથ ફેલાવીને. સાંજની છાયા શીતળ અંધકારમાં ફેરવાઈ ગઈ.

અને પછી એવું નક્કી થયું કે રોજ સાંજે ગાય-ભેંસો ઘરે પહોંચાડી મહીવાલ સોહનીને મળવા આવ્યા કરશે. ઝનાંના કિનારે મેદાનમાં એમની મુલાકાત થયા કરશે.

મહીવાલે એક મશખ ખરીદી લીધી. રાત પડતાં જ એ મશક ઠેલીને તરતો તરતો સોહનીના ગામને કિનારે પહોંચી જતો. પોતાની પ્રિયતમાની વાટ જોતો. જાળ નાખી માછલી પકડવા બેસી જતો અથવા વાંસળી વગાડ્યા કરતો.

'સોહની ! તારી રાહમાં વાંસળીથી નીકળતા સૂર સાંભળીને ઢગલો માછલી મારી જાળમાં ફસાઈ જાય છે.' મહીવાલ કહેતો.

'અરે, અડિયલ ! તું ખાલી એક જ માછલી પકડને !' જવાબમાં સોહની હસીને કહેતી.

રોજ સાંજે મહીવાલ એક માછલી પકડી સોહનીની વાટ જોતો. સોહની આવતી અને બન્ને માછલી પકાવીને ખાતાં.

મહીવાલ સાથે બેસીને માછલી ખાવાનું સોહનીને ખૂબ સારું લાગતું. માછલી

ખાવાની અને વાતો કરવાની — એ સતત બોલ્યા કરતી. આખી આખી રાત વાતો કરતી. સવાર થતાં ધીમા પગલે જઈ પોતાના પલંગ પર સૂઈ જતી.

એક દિવસ ઝનાંમાં ખૂબ પૂર આવ્યું. વરસાદના દિવસો હતા. નદીના ઉપરવાસમાં ક્યાંક વરસાદ થયો હોય તેવું લાગતું હતું. પોતાના કિનારા તોડી ઝનાં ક્યાંની ક્યાં પહોંચી ગઈ હતી. બધી ફસલ વહી ગઈ. કૂવાઓ ડૂબી ગયા. મહીવાલ જેમતેમ કરી સોહનીના કિનારે પહોંચ્યો. પણ આજે માછલી કેવી રીતે પકડાય ? મહીવાલ ઘણી વાર સુધી ભટકતો રહ્યો. એને ક્યાંય માછલી ન દેખાઈ, પાણી ડહોળું હતું. નદીની સાથે ઝાડી-ઝાંખરાં, કચરો, બધું વહેતું હતું. માછલી ક્યાંય નહોતી ને વળી નદીએ માઈલો સુધી પોતાના કિનારા ધોઈ નાખ્યા હતા. વાસં ક્યાં નાખે ? જાળ ક્યાં નાખે ? આ બાજુ સોહનીને આવવાનો વખત નજીક આવતો જતો હતો. મહીવાલ વિચારતો હતો કે ખાલી હાથે પોતે પોતાની પ્રિયતમાને શી રીતે મળશે ? ત્યાં આંખ મીંચતાં જ એને કોઈક વાત સૂઝી અને એના હોઠે સ્મિત આવી ગયું.

પણ એ દિવસે મહીવાલે પોતે જે વિચાર્યું હતું એ કંઈ ન કરી શક્યો. કોને ખબર એની પાસે પોતાની ઇચ્છા મુજબ કરવાનાં સાધન નહીં હોય. સોહની બરાબર સમય થતાં આવી પહોંચી. મહીવાલની વારંવાર મશ્કરી કરતી હતી : મેં તો આજકાલ રાતના સાસરે જમવાનું જ બંધ કરી દીધું છે. જેના નસીબમાં મહીવાલ સાથે બેસીને જમવાનું હોય, એના ગળે એક કોળિયો પણ બીજે ક્યાંય શી રીતે ઊતરે ? આ સાંભળી મહીવાલ પાણી પાણી થઈ ગયો. ધરતી માર્ગ નહોતી આપતી કે એમાં સમાઈ જવાય.

બીજે દિવસે વરસાદ અને તોફાન એવાં જ હતાં. એવી જ મુશળધાર વર્ષા હતી, નદીમાં એવું જ પૂર હતું. મહીવાલે લાખ પ્રયત્ન કર્યા, પણ આજે એક પણ માછલી હાથ ન લાગી. પણ આજે રાત્રે જ્યારે સોહની આવશે ત્યારે મહીવાલે શરમાવું નહીં પડે. એણે પોતાની પ્રિયતમાની મહેમાનગતિની પૂરતી તૈયારી કરી રાખી હતી.

સમયસર છમ છમ કરતી સોહની આવી પહોંચી — સ્મિત વેરતી. રોજ નવો રંગ, રોજ નવું રૂપ, રોજ નવો સ્વાદ ! પ્રેમમાં પડેલ સ્ત્રી એક પતંગ જેવી હોય છે. — ઉપર ને ઉપર ચડતી જાય, આકાશને અડતી જાય.

થોડી વાર પછી એ મહીવાલની માછલીના ટુકડાઓ કાંટામાં પરોવી શેકવા લાગી.

'આજે તારી એવી કેવી માછલી છે ! શેકાતી જ નથી !'

'કેટલો વખત લાગે છે ?'

'હા !'

ચલમ પીતો મહીવાલ જાણે પોતાના જ વિચારોમાં ખોવાયેલો હતો.

અને જ્યારે એ લોકો માછલી ખાવા બેઠાં, ત્યારે સોહનીને ખાતરી થઈ ગઈ કે ચોક્કસ કોઈ ખાસ વાત છે. આજની માછલીનો સ્વાદ જ જુદો હતો. સોહનીનો ઉપરનો શ્વાસ ઉપર અને નીચેનો નીચે રહી ગયો. એણે જોયું, મહીવાલની લુંગીનો છેડો લોહીથી તર હતો.

'એ લોહી ક્યાંથી આવ્યું ?' સોહનીએ આગળ વધી એની લુંગીના છેડાને હાથ લગાડી જોયો.

અને ત્યાં મહીવાલ એની બાથમાં ઢગલો થઈ ગયો.

પોતાની પ્રિયતમાની મહેમાનગતિ માટે આજે પોતાના માંસના ટુકડા મહીવાલે ભેટ ધર્યા હતા. એને માછલી મળી જ નહોતી. અને આજે રાત્રે પણ એ સોહનીને ભૂખીતરસી વળાવી દે ? કેટલાયે દિવસથી સોહની રાતનું ભોજન મહીવાલ વિના બાજી કોઈ સાથે લઈ નહોતી શકતી !

મહીવાલ પ્રેમના કયા શિખરે પહોંચ્યો હતો ! એના હોઠ, એના ગાલ, એની પાંપણ, એના મસ્તકને ચૂમી ચૂમી સોહની એને ભાનમાં લાવી. વારંવાર એના હોઠ સાથે સોહનીના હોઠ જોડાઈ જતા હતા અને બંને એકબીજાને જાણે ઘૂંટડે ઘૂંટડે પી રહ્યાં હતાં. એ રાત્રે સોહની જાણે એક આગની માફક મહીવાલના અંગેઅંગમાં પ્રસરી રહી હતી. એ મહીવાલના રોમેરોમને પ્રેમ કરી રહી હતી, લાડ કરી રહી હતી. સવાર પડી ગઈ. એને જવાનો સમય થઈ ગયો. તોપણ એનું મન મહીવાલને છોડવા તૈયાર નહોતું.

અંતે જ્યારે લાચાર થઈ એ જવા તૈયાર થઈ, ત્યારે મહીવાલ પાસેથી એણે વચન લીધું કે આવતી કાલની સાંજે અને તે પછી એ સોહનીના કિનારે નહીં આવે, પણ સોહની એના કિનારે જશે. જખમ રુઝાવા સુધી મહીવાલ પાણીમાં નહીં ઊતરે. અત્યારે એ પાછો હોડીમાં જશે. અને એવું પણ નક્કી થયું કે તેઓ ભૂરા કામળાવાળા દરવેશના સ્થાનકે મળશે.

આટલા નિર્ણયો લેતાં, અને આટલી વાતો કરતાં આજે સોહનીને મોડું થઈ ગયું હતું. ચુપકીદીથી જ્યારે એ પોતાના આંગણામાં દાખલ થઈ ત્યારે એને લાગ્યું કે જાણે લાખો આંખો એની તરફ ટીકી ટીકીને જોઈ રહી છે. એની સાસુ અને નણંદ પોતાના પલંગ પર ખોટી ખોટી આંખો મીંચીને પડ્યાં હતાં.

બીજે દિવસે સવારે સોહનીને પોતાની નણંદ અને સાસુ તરફથી જાણે તાપ આવતો હતો. એને લાગ્યું કે એનું નાજુક શરીર સળગી ઊઠશે. એ બંને જાણે વેર

અને ઈર્ષાની સળગતી ચિતા ન હોય ! પોતાના ભર્યા આંગણામાં સોહનીને આખો દિવસ એવું લાગ્યું કે એનો શ્વાસ જાણે રુંધાઈ જશે. એને પોતાની આસપાસના વાતાવરણમાંથી એક દુર્ગંધ આવતી હતી. ઘરની અંદર, ખૂણામાં ઊભા ઊભા, લોકો જાણે ગુસપુસ કરતા હોય, કાવતરાં કરતાં હોય.

જેમતેમ કરીને રાત થઈ. ધીરે ધીરે લોકોની આંખો મીંચાઈ. આ તરફ આંગણામાં લોકો જેવા સૂઈ ગયા કે સોહની પોતાના મહીવાલને મળવા નીકળી પડી. ઝનાં પાર કરવા એણે રસોડામાંથી એક ઘડો ઉઠાવી કેડે લઈ લીધો.

આ તરફ સોહની બહાર નીકળી અને પેલી તરફ, સૂવાનો ઢોંગ કરીને પડી રહેલી એની દુષ્ટ નણંદ ચોરપગલે એની પાછળ ચાલી. એની સાસુ પોતાના પલંગ પર પડી મનોમન ઝેર ઓકતી રહી.

પોતાના આંગણામાંથી નીકળી સોહની ઝડપથી ઝનાંના કિનારે પહોંચી આજે નદી એકદમ શાંત હતી, જાણે ક્યારેય કદી કંઈ થયું જ ન હોય. સોહનીએ ન આગળ જોયું, ન પાછળ; મહીવાલને મળવાની ઉત્સુકતામાં એ નદીમાં તરવા કૂદી પડી. એની નણંદ હાથ મસળતી રહી ગઈ. એની નજર સામેથી સોહની અદૃશ્ય થઈ ગઈ.

આખી રાત સોહનીની નણંદ, એ જ ઝનાંના કિનારે બેઠી બેઠી મનસૂબા ઘડતી રહી અને દાંત પીસતી રહી. સવાર પડવા આવી ને એણે જોયું તો સોહની એ જ રીતે ઘડા પર તરતી તરતી આવી રહી હતી.

એની નણંદને તો થયું, ચોરને મુદ્દામાલ સહિત જ પકડવો જોઈએ. પણ એ એવું ન કરી શકી. એક ઘટાદાર ઝાડ નીચે ઊભાં ઊભાં એણે બસ જોયા જ કર્યું.

સોહની ઝનાંમાંથી નીકળી. એણે પોતાનાં કપડાં નિચોવ્યાં. હાય ! કેવી સુંદર છોકરી હતી ! ચાંદનીમાં એનું રૂપ જાણે ઝળાંહળાં થઈ રહ્યું હતું. એની નણંદ તાકી તાકીને એના તરફ જોતી રહી અને સોહની પોતાના ઘડાને ઝાડી પાછળ છુપાવી ઘર તરફ ચાલી નીકળી. સવાર થતાં પહેલાં એ પોતાના પલંગ પર જઈને સૂઈ ગઈ. ગરમીના દિવસો હતા. એનાં વસ્ત્રો રસ્તામાં જ સુકાઈ ગયાં હતાં.

સોહનીની નણંદે પોતાની માને બધી વાત કહી સંભળાવી. નણંદ ઈર્ષાથી સળગી ઊઠી હતી. ઉંમરમાં એ સોહનથી ઘણાં વર્ષો મોટી હતી, ને હજી કોઈ વર નહોતો મળ્યો. અને આ સોહની હતી, જે લગ્ન પછી પતિને કોરે મૂકી કોઈ આશિક સાથે પ્રેમ માણતી હતી.

અંતે મા-દીકરીએ નિર્ણય કર્યો કે જે છોકરી એમના દીકરીને દગો દેતી હોય એને ખતમ જ કરી નાખવી જોઈએ. એની નણંદે ચાકડા પાસે પડેલો કાચો ઘડો ઉઠાવી ઝનાંના કિનારે ઝાડીમાં રાખેલા પાકા ઘડા સાથે બદલી લીધો.

બીજી રાત્રે સોહની બરાબર સમયે ઘરેથી નીકળી ગઈ. મહીવાલ સાથે મુલાકાત ગોઠવાયેલી હતી. એ તીરની માફક સીધી ઝનાંના કિનારે પહોંચી ગઈ. એણે ઝાડીમાંથી ઘડો ઉઠાવ્યો અને પાણીમાં ઊતરી પડી.

પૂનમની રાત હતી. પણ નદીમાં આજે ફરીને પૂર હતું. મહીવાલને મળવાની ઉત્સુકતામાં સોહની જાણે નદીની લહેરો પર સરકતી જતી હતી. એ ખાસ આગળ નહોતી પહોંચી કે એને લાગ્યું કે એની બાથમાં રાખેલો ઘડો પીગળી રહ્યો છે. ખરેખર તો આ કાચો ઘડો હતો. કાદવ કાદવ થઈ ગયો હતો. સોહની નદીની વચ્ચોવચ્ચ પહોંચી ગઈ હતી.

સામે કિનારે ભૂરા કામળાવાળા સાંઈનું સ્થાનક હતું. ત્યાં સોહનીનો મહીવાલ એની રાહ જોતો હતો. સોહનીએ મહીવાલને બૂમ પાડવી શરૂ કરી દીધી. નદીમાં તોફાન ઊમટી આવ્યું હતું. આંધી કહે, બસ મારું કામ ! પાણીની ઝાપટો સોહનીને બેહાલ કરી રહી હતી. સોહની વારંવાર મહીવાલને બૂમ પાડતી હતી. એ પાણીમાં ડૂબકાં ખાતી હતી. દર વખતે જ્યારે સોહની મહીવાલને સાદ દેતી ત્યારે પાછળના કિનારે ઊભેલી એની નણંદ ખડખડાટ હસતી હતી. તોફાની રાતમાં એના હાસ્યના પડઘા ડાકણ જેવા ગુંજી રહ્યા હતા.

અને ત્યાં મહીવાલે સોહનીની બૂમ સાંભળી. લાકડીના આધારે લંગડાતો લંગડાતો એ સ્થાનકમાંથી બહાર નીકળી આવ્યો. આહ ! કેવો સુંદર ગભરુ યુવાન હતો ! આ વખતે જ્યારે સોહનીએ બૂમ પાડી ત્યારે મહીવાલ કોઈ વિચાર કે ખટકાટ વિના, એ જ હાલતમાં, જખમી પગ સાથે નદીમાં કૂદી પડ્યો.

મહીવાલ નદીમાં કૂદ્યો કે જોરથી તોફાનનું ઝાપટું આવ્યું. પાણીના પૂરમાં સોહની અને મહીવાલ બંને એકબીજાની બાથમાં હતાં. ક્ષણ — બે — ક્ષણ માટે એની નણંદે એમને જોયાં અને પછી જાણે નદીની લહેરોએ એ બંનેને સમાવી લીધાં. ત્યાર બાદ એ ક્યાંય ન દેખાયાં, ન સોહની, ન મહીવાલ. એ બંને એકબીજાની બાથમાં લપેટાઈ ઝનાંના પાણીમાં સમાઈ ગયાં. સામે કિનારે ઊભી એની નણંદ ટગર ટગર જોતી રહી ગઈ.

પૂરન ભગત

શિવકુમાર

પંજાબના સિયાલકોટ શહેરની વાત છે. એક જમાનામાં ત્યાં રાજા સલવાન રાજ કરતો હતો. એની રાણી ઇચ્છારાંની કૂખે પુત્ર જન્મ્યો ત્યારે રાજાને લાગ્યું કે જાણે એમની સર્વ ઇચ્છાઓ પૂરી થઈ ગઈ છે. એણે પોતાના પુત્રનું નામ પૂરન રાખ્યું.

એ સમયે નાથ જોગીઓની ઘણી બોલબાલા હતી. નાથ સ્ત્રીજાતિના મોટા નિંદક હતા અને પુરુષોને સ્ત્રીઓના પ્રભાવથી દૂર રાખવા ઇચ્છતા હતા. એમની દૃષ્ટિએ લગ્નનો અર્થ હતો, 'પોલી લાકડાની ધૂન મચાવવી.' કૌટુંબિક મોહમાયાનાં બંધન પણ ચરિત્રના વિકાસ માટે બંધનરૂપ ગણવામાં આવતાં હતાં. રાજા સલવાન પોતે નાથ જોગીઓના પંથનો હતો. એથી પૂરનના જન્મસમયે જ એવો નિર્ણય લેવામાં આવ્યો કે પૂરનને એની જિંદગીનાં પ્રથમ બાર વર્ષ કુટુંબથી દૂર રાખવામાં આવે અને એનું પાલનપોષણ ખૂબ સંયમથી કરવામાં આવે જેથી બાળપણથી જ એનો માનસિક વિકાસ સારી રીતે થઈ શકે. નિર્ણય કઠોર હતો, પરંતુ પોતાના પુત્રના હિત ખાતર રાજાએ દિલ પર પથ્થર મૂકી દીધો અને

"પૂરન ઇક હનેરિયો બાહર આયા,
દૂજી કોઠરી દે વિરચ પા દિત્તા ।
કાદર યાર મોયા પૂરન ભગત તાઈ,
બાલ જમ્મદિયાં કેદ કરા દિત્તા ।"

અર્થાત્ પૂરન એક અંધકારમાંથી તો હજી બહાર નીકળ્યો હતો અને એને બીજા અંધકારમાં ધકેલી દેવામાં આવ્યો. એના પિતાએ એને જન્મતાંની સાથે જે કેદ કરી લીધો.

નાથ જોગીઓ માટે આ નિર્ણય બરાબર હતો. પરંતુ યોગીઓની સાધના પ્રાકૃતિક નિયમોનું ઉલ્લંઘન કરતી હોય છે. મા-દીકરો એકબીજાથી જુદાં રહે તો એકબીજા માટે સ્ત્રી-પુરુષથી વિશેષ કશું ન બની શકે. જે દિશામાંથી મનને પ્રયત્નપૂર્વક વાળી લેવામાં આવે એ તરફ જ મન વધુ આકર્ષાય છે. સલવાને પોતાના પુત્રને એની માથી જુદો પાડી દીધો અને પોતે બીજાં લગ્ન કરી લીધાં.

રાજાની યુવાની ઢળતી જતી હતી અને નવવિવાહિતા સંપૂર્ણ યુવતી હતી. સ્વાભાવિક રીતે જ રાજા પોતાની નવી રાણીના વશમાં રહેવા લાગ્યો.

"જોમ જાએ સલવાન આંદી,
ઇક સ્ત્રી હીર વિઆહ કે જી ।
ઓહદી જાત ચમિયારો તે નાં લૂણાં,
ઘર આઈ ગો ઈન મના કે જી ।"

(રાજા સલવાન એક બીજી સ્ત્રીને પરણી આવ્યા. એનો સંબંધ ચમાર જાતિ સાથે હતો અને એનું નામ લૂણા હતું. રાજા પાસે પોતાની વાત સ્વીકારાવીને એણે મહેલમાં પ્રવેશ કર્યો.)

પૂરન ભોંયરામાં મોટો થતો ગયો અને સલવાન નવી વહુરાણીમાં વ્યસ્ત રહ્યો. બાપ-દીકરા વચ્ચે ન તો પ્રેમનો સંબંધ સ્થપાયો, ન તો આદર-સમ્માનનો. બંને એકબીજા માટે અપરિચિત હતા, બંનેની રુચિ એકબીજાથી જુદી હતી. બાર વર્ષ બાદ પૂરન ભોંયરામાંથી બહાર નીકળ્યો. સૌપ્રથમ એ પિતાની કચેરીએ ગયો અને એમને નમસ્કાર કર્યા. ઘણા લાંબા સમય પછી બાપ-બેટાનો મેળાપ થયો હતો. બંને પોતપોતાની રીતે પોતાનો પરિચય આપવા માંડ્યા. સ્ત્રી-સુખના ઘેલા રાજાએ કહ્યું, 'મારા દીકરાનાં લગ્ન આજે જ થવા જોઈએ.' પરંતુ સત્ય અને ધર્મના શિક્ષણમાં ઊંડી આસ્થા રાખનાર પૂરને કહ્યું, 'લગ્નની બેડી નાખી મને ઈશ્વરથી દૂર ન કરો.' ભક્ત અને સંસારી વચ્ચે મેળ થવો મુશ્કેલ છે. જિંદગીના બે ભિન્ન ઉદ્દેશોની અથડામણ થઈ ગઈ.

"હાલ દસદા પુચ્છદા લાગીયાં નૂં
સલવાન રાજા ઉત્થે ગજ્જ કે જો ।
પૂરન ભગત દા ઢૂંઢણા થાંઓં કોઈ,
જિત્થે ચલ ઢુક્કાં દિન સજ્જ દે જો ।
જાલ જરા ના સંગદા બાળ કોલો,
કેહદા બાબલા પુત્ત વિઆહ નાહીં ।
જેહડે શૌક લઈ લોક વ્યાહ કર દે,
આજે ઓહ મેરે મન ચા નાહીં ।
મેરા ભૌર સૈલાની હે નિત્ત રૈહંદા,
બન્ન બાબલા બેડિયાં પા નાહીં ।
કાદરયાર આખે પૂરન બાપ તાંઈ,
મૈત્થોં રબ્બ દા ના ભૂલા નાહીં ।"

રાજદરબારમાં રાજા પિતા અને ભક્ત પૂરન જાણે એકબીજા સાથે ઝઘડી જ પડ્યા. રાજા પોતાની આજ્ઞાની અવહેલના સાંભળવાને ટેવાયેલો નહોતો. એક વાર તો મંત્રી પણ થથરી ગયો કે રાજા ક્યાંક પોતાના દીકરાની વિરુદ્ધ કોઈ હુકમ ન સુણાવી દે. એણે રાજકુમારના ભોળપણની વાત શરૂ કરી રાજાને ઠંડા પાડી દીધા. રાજાએ પૂરન સાથે કેટલાક ચાકરો મોકલી આદેશ આપ્યો કે એ જઈને પોતાની માતાઓને વંદન કરી આવે.

યોગશિક્ષણમાં પ્રવીણ પૂરનને રાજદરબારના નિયમોનો પરિચય ન હતો કે રાજમહેલના રંગરાગનો ખ્યાલ નહોતો. સૌથી પહેલો મહેલ લૂણાનો હતો. ચર્મરસ સિવાય એને ગૃહસ્થજીવનના અન્ય કોઈ પાસાનું જ્ઞાન નહોતું. એની કૂખ હજી ખાલી હતી. પતિના લાડ અને પ્રેમ સિવાય એણે કશું જોયું ન હતું. પતિ સિવાય અન્ય કોઈ પુરુષે એના મહેલમાં કદી પગ મૂક્યો ન હતો. એને માટે કદાચ બધા જ પુરુષો સરખા હતા. એ ખાસ ભણીગણી નહોતી. ધર્મ અને કર્મના જ્ઞાનથી પણ એ વંચિત હતી. રાજકુમારને જોઈ એણે રોમાંચ અનુભવ્યો. પૂરને એને મા કહી સંબોધી તો એનું આખું શરીર કંપી ગયું. એ પોતે તો હજી મા બની નહોતી. એમાં વળી પોતાની શોકના પુત્રને પોતાનો પુત્ર શી રીતે માની લે ? પૂરનના મોંએથી નીકળેલો મા શબ્દ સાવકી માને ઘણો કડવો લાગ્યો. જાણે કોઈકે એની મજાક ઉડાવી હોય !

લૂણાને તો રાજાને પણ હુકમ કરવાની આદત હતી. એણે પોતાના મનની વાત કહી.

જોએ જાહરા આજ દી શર્મ કેહા
માઈ માઈ ના રાજીયા આખ મૈનૂં ।
કુક્ખોં રખ્ખ ના જમિયો જાઈયો વે
માઈ આખદા એં કેહડે સાક મૈનૂં ।

પૂરન અને લૂણા બંને જુદા જુદા વિચારો પ્રગટ કરી રહ્યાં હતાં. એકને માટે જીવનના આદિ અને અંત ભોગવિલાસ હતાં, અને બીજા માટે જિંદગીનો એકમાત્ર મનોરથ હતો યોગ. બંને એકબીજાનાં સત્ય સમજવાને અસમર્થ હતાં. હકીકતમાં રાજમહેલની રહેણીકરણીએ પૂરન અને લૂણા બંનેને જિંદગીથી દૂર ધકેલી દીધાં હતાં. જિંદગીથી વિખૂટાં પડેલાં બે પ્રાણી પરસ્પર અપરિચિતો જેવો વહેવાર કરી રહ્યાં હતાં. પૂરને કહ્યું :

"જિસદી સ્ત્રી તૂં ઓહ હૈ બાપ મેરા,
તેરે શિકમ હો જમિયાં જાન માયે ।"

આ સાંભળી લૂણાનાં જાણે રૂંવાડાં ઊભાં થઈ ગયાં. એને પૂરન ઝેર જેવો લાગતો હતો અને પ્રિય પણ. એ પૂરનને પામવા ઇચ્છતી હતી અને જો એ તક ન મળે તો એની જિંદગીનો જ અંત આણવા તૈયાર થઈ ગઈ હતી. પોતાનો પ્રેમ અને ઘૃણા એક સાથે જ પ્રગટ કરતાં એણે કહ્યું :

"કાફ કત્લ કરાઉંગી પૂરણા વે,
આખે લગ જા જે ભલા ચાહુના એં ।
ઝોલી અડ્ડ કે ખડી મૈં પાસ તેરે,
હેસિયારિયા ખેર ના પાઉના એં ।"

લૂણાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે જો પૂરને જીવવું હોય તો લૂણાની ઇચ્છા પ્રમાણે વર્તે, નહીં તો પ્રાણને હોડમાં મૂકી દે. પરંતુ પૂરનને શરીરથી વિશેષ પોતાનો ધર્મ પ્રિય હતો. એ ધર્મને અનુસરીને જીવવા માગતો હતો, પથભ્રષ્ટ થઈને નહીં.

"અખોં પરત કે નજર ન મૂલ કરસાં,
એપર સૂલી તે ચંદન કબૂલ કરસાં ।
કન્નીખિચ્ચ કે અંદરોં બાહર આયા,
આખે ધર્મ ગવાએ કે નહિ મરસાં ।"

સૌપ્રથમ જેણે ધર્મને, મૃત્યુને સાથે જોડ્યાં, એ ખરેખર દીર્ઘદષ્ટિવાળો પુરુષ હશે. ધર્મના માર્ગે જો મૃત્યુ ન આવે તો માનવું કે ધર્મ દંભી છે, અભિમાની છે. પૂરન જે મહેલમાંથી નકારાત્મક ઉત્તર આપી બહાર આવ્યો એ જ સ્થળેથી એના મૃત્યુનો હુકમ અપાયો. લૂણાને ત્યાં જ મૂકી પૂરન ઐશ્વર્ય મહેલમાંથી પાછો ફર્યો કે રાજાની પ્રિય લૂણાએ સાજશણગાર ઉતારી ફેંકી દીધાં અને મેલાંઘેલાં કપડાં પહેરી લીધાં. રાત પડતાં જ વિલાસપ્રિય રાજા મહેલ તરફ આવ્યો, પણ રાજમહેલના વિચિત્ર રંગઢંગ જોઈ ચકિત થઈ ગયો. દીવા પ્રકટ્યા નહોતા અને લૂણા અંધારા ઓરડામાં સૂતી હતી. એનાં આભૂષણો અને વસ્ત્રો આમતેમ વેરવિખેર પડ્યાં હતાં રાજાએ રાણીને આનું કારણ પૂછ્યું તો એણે ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યું. રાજાને પોતાની તૂટેલી બંગડીઓ અને ફાટેલી ચૂંદડી દેખાડી અને પૂરનનું નામ લઈ કંઈ કહેવા જતી હતી કે રાજા ક્રોધથી કંપી ઊઠ્યો. રાજદરબારમાં પણ રાજાને પોતાના પુત્રની વાતચીત સારી નહોતી લાગી. રાજમહેલમાં જ નહીં, રાજાના મનમાં પણ અંધારું છવાઈ ગયું. અંદર-બહાર ક્યાંય એને પ્રકાશ જણાતો નહોતો. એણે તરત જ જલ્લાદોને બોલાવ્યા. અને અંધારિયા મહેલમાં બેઠાં બેઠાં જ પોતાના પુત્રના મૃત્યુનો હુકમ સાંભળાવી દીધો. ઐશ્વર્ય અને કઠોરતા હમેશાં ભેગાં જ હોય છે.

રાજાએ પોતાના પુત્રની કતલ કરાવી જાણે પોતાના ઐશ્વર્ય પ્રસાધનને ટકાવી રાખવાનો પ્રયાસ કર્યો.

પ્રાતઃકાલે ખૂની સૂર્યનો ઉદય થયો. સૂર્યને અર્ધ્ય આપતાં રાજ-બ્રાહ્મણનો હાથ પણ કંપી ગયો. બજારો બંધ રહી. લોકોએ પોતાના ઘરનાં બારીબારણાં વાસી દીધાં. પૂરન સૂની ગલી-કૂંચીઓમાંથી પસાર થઈને મૃત્યુ તરફ જઈ રહ્યો હતો. આગળ શાંત નિર્ભીક પૂરન, પાછળ ભયભીત જલ્લાદ, અને એની પાછળ ઉઘાડે પગે, ઉઘાડે માથે, વિલાપ કરતી મા ઇચ્છરાં આખા શહેરમાંથી કોઈ અવાજ ઉઠાવી શકે તેમ નહોતું. રાજતંત્ર સૌનાં મોં સીવી લેવાનું કહી શકે છે.

રાજાનો હુકમ હતો કે પૂરનને રિબાવી રિબાવીને મારવામાં આવે. એના હાથપગ કાપીને કૂવામાં લટકાવી દેવામાં આવે. એટલે, એક તો જે એને જુએ એને પણ શિક્ષા મળે અને બીજું મરનાર પણ રિબાઈ રિબાઈને મરે. રાજા માત્ર સજા નહોતો આપતો, પણ સજા દ્વારા મનોરંજન પણ મેળવતો હતો. જેટલું દુઃખ અપાય, એટલો એ વધુ ખુશ થાય. જલ્લાદોએ આવીને રાજાને કહ્યું કે આપના આદેશનું સંપૂર્ણ પાલન થયું છે. પૂરનના હાથપગ કાપી નાખવામાં આવ્યા છે અને એને કોઈ ઉજ્જડ કૂવામાં લટકાવી દીધો છે. પરંતુ સમગ્ર શહેર જાણે કકળી ઊઠ્યું હતું. પૂરનને કોઈ બચાવી શકે તેમ નહોતું. કદાચ એટલે જ કોઈ એને રિબાતો જોવા ન ગયાં. પૂરનનું ભાગ્ય તો જુઓ ! પહેલાં માનો ગર્ભ, પછી પિતાએ આપેલ ભોંયરું અને હવે સાવકી માની કૃપાનું ફળ કૂવો. એક અંધકાર પછી બીજો અંધકાર અને પછી ત્રીજો અંધકાર. ત્રીજા અંધકારે એની અંદરની જ્યોતને એકદમ પ્રજ્વલિત કરી દીધી.

થોડા સમય પછી એ જ કૂવા પર નાથ જોગીઓએ પડાવ નાખ્યો. વર્ષોથી અણવપરાયેલા, દુર્ગંધ મારતા પાણીમાં બાલદી નાખી તો મનુષ્યની માફક કૂવો બોલતો હોય એવું લાગ્યું ! સારું થયું કે આટલા સમય પછી કોઈએ મારી ખબર તો કાઢી ! પહેલાં તો જોગી ડરી ગયા. એમને થયું કે આ કૂવો નહીં, પણ ભૂતનો વાસ છે. પરંતુ જોગીઓના અગ્રણી ગુરુ ગોરખનાથે ધ્યાનથી જોયું અંદર કોઈ પ્રેત નહીં, માનવી લટકતો હતો. ગુરુના આદેશથી જોગીઓએ લટકતી વ્યક્તિને બહાર કાઢી. કહે છે કે-એના હાથ બરાબર જેમ હતા તેમ જ હતા. શું ગુરુની કૃપાથી હાથ પાછા આવી ગયા ? કે જલ્લાદોઓ જ રાજાના હુકમનું બરાબર પાલન નહોતું કર્યું ! પૂરન માટે તો કેવળ હાથ જ નહીં, આખું શરીર જ વિકલાંગ થઈ ગયું હતું. એને પોતાનું શરીર બંધિયાર, દુર્ગંધપૂર્ણ પાણી જેવું લાગતું હતું. પોતાના શરીરનો એણે ઘણા સમયથી કશો ઉપયોગ નહોતો કર્યો. કૂવામાંથી નીકળી પૂરન ગોરખનાં ચરણોમાં પડ્યો અને એની પાસે દીક્ષા માગી.

ગુરુ સહેલાઈથી દીક્ષા આપતા નહોતા. પહેલાં શિષ્યની પરીક્ષા લેવામાં આવતી હતી, પરંતુ પૂરન તો ઘણી કઠિન પરીક્ષા આપી ચૂક્યો હતો. એને માટે માબાપ અને જગતની મોહમાયા મરી ચૂક્યાં હતાં. ગુરુએ એને દીક્ષા આપી દીધી. પૂરનના કાન વીંધાવી કુંડળ પહેરાવી દીધાં. પરંતુ એક પરીક્ષા હજી બાકી હતી. પૂરન કામિની સ્ત્રીના કામણમાંથી પાર ઊતર્યો હતો. પ્રેમિકા નારીની પ્રેમ-જાળમાંથી બચવાનું હજી બાકી હતું.

બીજે દિવસે પૂરન ગળામાં ઝોળી નાખી બાજુના શહેરમાં ભિક્ષા લેવા ગયો. એક તરફ એના પિતાનું શહેર હતું, પણ એ જ બાજુ જવાના સર્વ માર્ગ પૂરન માટે બંધ હતા. બીજી તરફ રાણી સુંદરાંની રાજધાની હતી. ત્યાં બધો રાજકારભાર સ્ત્રીઓના હાથમાં હતો. પૂરન સ્ત્રીનો શિકાર તો પહેલેથી જ બની ચૂક્યો હતો. પણ ભિક્ષા પણ લાવવી જ પડે એમ હતું. એણે પિતાના શહેર તરફ જવા કરતાં કોઈ અપરિચિત સ્ત્રીના શહેરમાં જવાનું વધુ યોગ્ય માન્યું. સ્ત્રી જોગીની કસોટી હોય છે.

રાણી સુંદરા અત્યંત સુંદર અને યુવાનીથી થનગનતી હતી, પરંતુ એને પોતાનાં રૂપ અને યૌવન કરતાં પોતાના સત્ય પર વિશેષ ગર્વ હતો. પૂરને રાણીના રાજમહેલે જઈ ટહેલ નાખી. હવે પૂરન અને સુંદરાં બંનેની કસોટીનો સમય હતો. રાણીની દાસીઓ ભિક્ષા આપવા આવી. પણ પૂરનનું રૂપ જોઈ દંગ થઈ ગઈ. આશ્ચર્યચકિત થઈ એ દાસીઓ પાછી ફરી ગઈ અને સુંદરાંને કહ્યું કે આવા સ્વરૂપવાન યોગીને તો કોઈ રાણીના હાથે જ ભિક્ષા અપાવી જોઈએ. કઠોર સંયમ પાળીને સુંદરાંની દાસીઓ પણ કદાચ થાકી ગઈ હતી. રાણી સમજી ગઈ કે એની દાસીઓ પણ એના ધર્મની પરીક્ષા કરવા માગે છે. એણે ઉપરથી જ નીચે ઊભેલા જોગીને જોયો. અને આંખ વિસ્ફારિત થઈ ગઈ. હીરા-મોતી ભરેલો થાળ લઈ એ પોતે જ દરવાજે જઈ પહોંચી. પણ જોગીએ ન તો રાણી તરફ નજર ઉઠાવીને જોયું કે ન તો હીરા-મોતીના થાળ તરફ નજર નાખી. રાણીએ ઝોળીમાં જે કંઈ નાખ્યું એ લઈને પૂરન પડાવે આવી ગયો. ગુરુએ હીરા-મોતીની ભિક્ષા જોઈ કહ્યું :

"નૂન નહીં એહ દૌલતાં કમ્મ સાડે,
ગુરાં અખિયા મોડ કે આ પૂતા ।
એહ લેણ ફકીરાં દા કમ્મ નાહીં,
પક્કા ભોજન જા માંગ લિયા પૂતા ।"

પૂરન પ્રથમ કસોટીમાંથી પસાર થઈ ગયો. ગુરુએ એને બીજી વાર એ જ પરીક્ષામાં નાખી દીધો. પૂરનને એક જ દિવસમાં બીજી વાર આવેલો જોઈ સુંદરાંને

લાગ્યું કે એની સુંદરતા અને સંપત્તિનું તીર કદાચ બરાબર નિશાને લાગ્યું છે. હવે એને સંપૂર્ણ વિજય જોઈતો હતો. પૂરને પૂરા ભોજનની માગણી કરી તો રાણીએ દરેક જાતનાં પક્વાન કરાવ્યાં અને દાસીઓને લઈ પૂરન સાથે ચાલી નીકળી, કે હું પણ તમારા ગુરુને પ્રણામ કરી આવું. માર્ગમાં સુંદરાંની દૃષ્ટિ તો પૂરનના યૌવન પર જ ચોંટી હતી. પરંતુ પૂરન તો ચાલતાં ચાલતાં પણ અચલ સમાધિમાં જ લીન હતો.

પડાવ પર પહોંચી સુંદરાંએ બધા જોગીઓને ભોજન કરાવ્યું. અલ્પાહાર અને કઠિન સંઘર્ષથી ટેવાયેલા જોગીઓને ઘણાં વર્ષો પછી આવું સ્વાદિષ્ટ ભોજન મળ્યું હતું, અને તે પણ પેટ ભરીને. સુંદરાંની સેવાથી પ્રસન્ન થઈ ગુરુ ગોરખનાથે કહ્યું, 'રાણી અમે તારા પર પ્રસન્ન છીએ. તારે કંઈ માગવું હોય તો માગી લે.' રાણીએ ભીતરના તોફાનને દબાવતાં કહ્યું, 'ગુરુજી, ઈશ્વરે આપેલું બધું જ છે. હવે કોઈ ચીજની આવશ્યકતા નથી.' પરંતુ પ્રાણીને પરખનારા ગુરુએ ફરીને કહ્યું, "ઘણું બધું મળી ગયા પછી પણ કોઈને કોઈ ઇચ્છા બાકી રહી જાય છે. કંઈક માંગી લે." આ વખતે પોતાના મનની ઇચ્છા દબાવવાનું રાણી માટે મુશ્કેલ હતું. પરંતુ પોતાની દાસીઓ સામે એણે પોતાના સંયમનો દંભ ટકાવી રાખ્યો અને કહ્યું, 'મહારાજ, આપ તો ઘટઘટના જ્ઞાતા છો. આપની કૃપા છે.' થોડી વારમાં જ દાસીઓ આમતેમ ફરવા લાગી. ગુરુ ગોરખનાથે કહ્યું, 'અવસર વીતી ગયા પછી કંઈ હાથ નહીં આવે. અમારું ત્રીજી વારનું વચન છે. કંઈ માંગવું હોય તો માગી લે.' સુંદરાંની ધીરજ ખૂટી ગઈ. એ મુખથી કશું ન બોલી શકી, પણ આંખો દ્વારા એની ઇચ્છા વ્યક્ત થઈ ગઈ.

"રાની સુંદરાં ઉઠ કે નજર કીતી,
પૂરન ભગત હે અમૃત ફલ મેરા ।"

ગુરુ ગોરખનાથે પૂરનને આદેશ આપી સુંદરાં સાથે મોકલી દીધો. આગના ભડકા જેવી સુંદરાં અને છાયા સમાન પૂરન — બંને સાથોસાથ ચાલ્યાં જતાં હતાં. આગ અને પાણીનો મિલાપ બંનેની પરીક્ષાનો સમય હતો. પૂરન સમજી ગયો હતો કે ગુરુએ ફરી એક વાર મને આગમાં ધકેલી દીધો છે અને આ મારી પરીક્ષાનો સમય છે. મહેલે પહોંચતાં જ રાણીએ પૂરનને સિંહાસન પર બેસાડી દીધો. પૂરનને લાગ્યું જાણે એને કોઈએ શય્યા પર બેસાડી દીધો છે. પૂરન સિંહાસન પરથી ઊભો થઈ ગયો. હવે રાણીએ એને પલંગ પર બેસાડી દીધો. પરંતુ સૂવાને બદલે એ સમાધિ લગાવીને બેસી ગયો. આખી રાત એ એકાગ્ર જ્યોતની માફક જલતો રહ્યો. રાણી એના તપતા શરીરની કરામત જોતી રહી. પ્રાતઃકાલે પૂરન શૌચાદિ માટે મહેલમાંથી નીકળી ગયો. સુંદરાં એને રોકી ન શકી પરંતુ પોતાની દાસીઓને એની

પાછળ મોકલી દીધી. શૌચાદિથી પરવારી પૂરન મહેલ તરફ જવાને બદલે પડાવ તરફ ચાલવા માંડ્યો. દાસીઓએ માર્ગ રોકી લીધો અને મહેલ તરફ જવા કહ્યું. પૂરને કહ્યું, 'જોગીને પાછા ફરવાની મનાઈ છે. જેનો ત્યાગ કરી દીધો એને ફરીને ગ્રહણ ન કરી શકાય.'

દાસીઓએ કહ્યું, 'ગુરુજીએ તો આપને રાણી સુંદરાં સાથે મોકલ્યા હતા.'

પૂરને જવાબ આપ્યો, 'ગુરુના હુકમ અનુસાર અમે રાણી સાથે ચાલી નીકળ્યા હતા.'

'તો આપ રોકાતા કેમ નથી ?'

'ગુરુએ સાથે જવાનો આદેશ આપ્યો હતો. રોકાવાનો નહિ.'

દાસીઓએ પૂરનને ઘણું સમજાવ્યો. પ્રજ્વલિત જ્યોત સમાન પૂરન બુઝાવા નહોતો માગતો. એના શરીરને અડતાં પણ દાસીઓને ડર લાગતો હતો. એ પાછી ફરી ગઈ. દાસીઓને એકલી આવેલી જોઈ રાણી ખૂબ નિરાશ થઈ ગઈ. રંગમહેલની અટારીએ ચડી એ પૂરન જે તરફ ગયો એ માર્ગે જોવા લાગી, પણ પૂરનની પીઠ સિવાય એને કશું ન દેખાયું. રાણી પોતાના મૃત પ્રેમનું નામ લઈ વિલાપ કરવા માંડી, ને પાગલની માફક પૂરનને પોકારવા લાગી.

"રે રંગ મહલ તે ચઢ રાની,
રો રો આખદી પૂરના લુટ્ટ ગિયોં ।
બાગ શૌક દે પક્ક તૈયાર હોએ,
નેહં લાએ કે પૂરના પુટ્ટ ગિયોં ।
ઘડી બૈઠના કોસિયાં રજ્જ ગલ્લાં,
ઝૂડી પ્રીત લગાએ કે ઉડ્ડ ગિયોં ।
કાદરયાર મિયાં સસ્સી વાંગ મેંનૂ
થલા વિચ્ચ કુરલાઉંદી સુટ્ટ ગિયોં ।"

જેવો પૂરન આંખથી ઓઝલ થઈ ગયો કે રાણીએ રંગમહેલથી કૂદીને પ્રાણ તજી દીધા. આખા શહેરમાં હાહાકાર મચી ગયો.

• પૂરન પોતાના ગુરુ સમ્મુખ ઊભો હતો. ગોરખનાથ પૂરનનો સંયમ જોઈ દંગ થઈ ગયા. પૂરને ક્યારેય ન તો પોતાનાં માબાપને યાદ કર્યાં કે ન તો જન્મભૂમિને. એને લૂણા તરફ ફરિયાદ નહોતી ને સુંદરાં પ્રતિ પ્રેમ નહોતો. એ ખરેખર બ્રહ્મજ્ઞાનની અવસ્થામાં હતો. સ્તુતિનિંદાથી દૂર, પ્રેમ અને ઘૃણાથી વિમુખ. ગુરુ ગોરખનાથ સમજી ગયા કે હવે એ બીજાને દીક્ષા આપવા લાયક થઈ ગયો છે. એમણે એને પોતાના યોગનું શિક્ષણ આખા સંસારને આપવાનો હુકમ કર્યો, પરંતુ

એનો શુભારંભ પોતાના ગામથી જ કરવા કહ્યું. આ શિક્ષણની વધુ જરૂર તારા પિતા અને તારી ધર્મની માને છે. ગુરુનું આ મંતવ્ય હતું.

આજ્ઞાથી બંધાયેલો પૂરન પોતાના શહેર તરફ ચાલી નીકળ્યો. શહેરથી નીકળ્યા પછી હવે પાછા જવાને બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. સલવાનના પુણ્યનું તેજ ઓસરવા માંડ્યું હતું. લૂણાને પણ પોતાનું યૌવન ઢળતું દેખાતું હતું અને એનો ખોળો પણ હજી ખાલી હતો. એને પોતાનું શરીર, પોતાનો દેહ શાપિત જણાતો હતો. ઇચ્છરાં રોઈ રોઈને અંધ થઈ ગઈ હતી. શહેરમાં કોઈએ રાજાના હુકમ વિશે વાત જ નહોતી કરી. જાણે એના હુકમનો પ્રજાએ સ્વીકાર જ નહોતો કર્યો. શહેરના દરેક રહેવાસીના ઘર પર જાણે કોઈ છાયા ઘૂમતી હતી. પૂરનના જન્મપ્રસંગે જ રાજાએ એક સ્મૃતિવાટિકા બનાવેલી. પણ પૂરન પ્રતિ રાજાનું મન એટલું ઉપેક્ષિત થઈ ગયેલું કે આ બાગનું ધ્યાન રાખવાનો ખ્યાલ પણ ન રહ્યો. પૂરન આ ઉજ્જડ વેરાન બાગમાં આવીને ઊતર્યો હતો.

દુનિયામાં કશું સંપૂર્ણપણે તો ઉજ્જડ થતું જ નથી.

રાજા રસાલૂ

હરિભજન સિંહ

રાજા સલવાને પોતાના એકમાત્ર દીકરા પૂરનને મોતની સજા ફરમાવી હતી. પોતાના તરફથી તો એણે ન્યાય કર્યો હતો અને હકદારને હક આપ્યો હતો. પણ એનું મન પ્રસન્ન નહોતું. બે રાણીઓ હતી, બંનેની ગોદ ખાલી હતી. આટલું મોટું રાજ હતું, મહેલો અને અટારીઓ હતી, પણ ક્યાંય કશી રોનક નહોતી. રાજાની ઉંમર વધતી જતી હતી અને રાજ્યનો કોઈ વારસ પેદા નહોતો થયો. મોટી રાણી, પૂરનની મા ઇચ્છરાંએ રડી રડીને આંખો ગુમાવી દીધી હતી અને નાની રાણી લૂણાનું યૌવન ઢળતું જતું હતું, પણ હજી સુધી એનો ખોળો ભરાયો નહોતો. એના દિલમાં એક ઊંડો ઘા હતો, અને ઘા રોજ ઝર્યા કરતો હતો. એ ડરતી હતી કે ક્યાંક બેદરકારીમાં, સપનામાં કે ઉગ્રતામાં એ પોતાના પાપની કથની ખુદ પોતે જ જાહેર ન કરી દે. વર્ષોથી એણે શણગાર નહોતા સજ્યા, ન તો એ રિસાઈ હતી, ન તો રાજાએ એને મનાવી હતી. આ મહેલમાં જાણે બધી ચીજ ખોવાઈ ગઈ હતી. દાસદાસીઓ પણ છાયાની જેમ ઘૂમ્યા કરતાં હતાં.

એક દિવસ ખબર આવી કે એક સાધુએ પૂરનના કૂવા પર મુકામ કર્યો છે. વર્ષોથી આ કૂવામાંથી કોઈએ પાણી નહોતું ખેંચ્યું. આસપાસનો બગીચો સુકાઈ ગયો હતો. એટલે સુધી કે કૂવાનાં પાણી પર લીલ જામી ગઈ હતી. લોકો આ અપશુકનિયાળ બાગમાં ફરવા પણ નહોતા આવતા. પણ સાધુના આવ્યા પછી કૂવામાંથી લોકો પાણી લેવા લાગ્યા. બાગ હર્યોભર્યો થઈ ગયો અને શ્રદ્ધાળુ લોકોનાં ટોળાં જામવા લાગ્યાં. સાધુનો મહિમા રાજમહેલ સુધી પણ પહોંચ્યો. લોકો કહે છે કે રાજમહેલના કાંગરે એક સફેદ કાગડો બેઠો. ઇચ્છરાં અને લૂણા બંનેને લાગ્યું કે જાણે બેટાએ માના સાદ દીધો. એમણે ઉઘાડા પગે સાધુનાં દર્શને જવાનું નક્કી કર્યું.

રાણી ઇચ્છરાં બાર વર્ષથી ભોંયરામાં પડી રહેલી. આજે પહેલી વાર પોતાના શોકમહેલમાંથી ગુલાબી પોશાક પહેરી બહાર નીકળી. આ ખબર સુવાસની માફક આખા શહેરમાં ફેલાઈ ગઈ. ગાડીવાન ગાડી જોડી રાજમહેલના પ્રવેશદ્વારે હાજર થયો. પણ પાગલ મા, મોહના દોરે ખેંચાઈ ઉઘાડે પગે જ અથડાતીકુટાતી જતી હતી. એની આંધળી આંખો પણ પોતાના પુત્રના બાગનો રસ્તો ઓળખતી હતી.

આગળ આગળ રાણી, પાછળ પાછળ ઘોડાગાડી. રાણીના આવવા પહેલાં જ રાણીના સમાચાર પૂરનના કૂબા સુધી પહોંચી ગયા હતા.

પોતાની માને પોતાના તરફ અથડાતીકુટાતી આવતી જોઈને સાધુ પોતાના આસનેથી ઊભો થઈ ગયો. અડધે સુધી એ માની સામે ગયો અને પોતે એનો હાથ ઝાલી લીધો. આ રીતે માદીકરો ચાલ્યાં જતા હતાં ત્યાં ઇચ્છરાંએ કહ્યું, 'તારો સ્પર્શ તો મારા દીકરા જેવો છે. તું તો મારો જોગી દીકરો છે.'

સાધુ પણ દ્રવિત થઈ ગયો. એને પણ વર્ષો પછી માનો સ્પર્શ પ્રાપ્ત થયો હતો. એણે કહ્યું :

'મા, હું તારો જોગી દીકરો છું.'

પૂરનના બગીચાની માફક, પૂરનની મા પણ હરીભરી થઈ ગઈ. એની આંખની રોશની પાછી આવી ગઈ અને એની છાતીમાંથી દૂધની ધાર ફૂટી નીકળી.

ઇચ્છરાંની પાછળ પાછળ જ સલવાન અને લૂણા ચાલ્યાં આવતા હતાં. જોનારાઓને લાગ્યું જાણે હિમથી ઠુંઠવાયેલાં વૃક્ષ ચાલ્યાં આવતાં હોય. પૂરન એમને પણ શું પોતાના સ્પર્શથી હર્યાભર્યા કરી દેશે ? પોતાના વૃદ્ધ ઉદાસ પિતાને પોતાની તરફ આવતા જોઈ પૂરન પોતાના આસન પર ઊભો થઈ ગયો. સલવાન ધૂણી પાસે પહોંચ્યો એટલે એણે નમીને નમસ્કાર કર્યા. રાજા આશ્ચર્યમાં પડી ગયા. એણે કહ્યું :

'જોગી, મારા પર આટલો બોજ ન નાખો. હું તો તમારી ધૂણીમાંથી એક ચપટી ભભૂત લેવા આવ્યો છું. તમારી કૃપાનો યાચક છું.'

'રાજા, આ ધૂણી તમારી જ બક્ષેલી છે. જે જોઈએ તે લઈ લો.'

રાજા આશ્ચર્ય અનુભવતો હતો. એનાથી કશું બોલાતું નહોતું, પરંતુ પુત્રવિહોણી લૂણા શી રીતે ચૂપ રહે ? એ બોલી,

'જોગીરાજ, જો કૃપા કરવી હોય તો બસ, રાજાને એક પુત્રનું દાન દઈ દો.'

સાધુએ કહ્યું, 'રાજાને એક પુત્ર તો પહેલેથી જ છે.'

રાજાની આંખોમાંથી આસું સરી પડ્યાં. એ બોલ્યો, 'પુત્ર હતો, હવે નથી. જો હોય તો આજે જ હું એ કુકર્મીને પાછો લઈ આવું. વાંઝિયા મરવા કરતાં તો...' સાધુએ વાત કાપતાં કહ્યું, 'ના, રાજા, તારો પુત્ર આજે પણ છે, એ કુકર્મી પણ નથી અને તું એને ઘરે પાછો લાવી શકે તેમ પણ નથી.'

રાજા જાણતો હતો કે સાધુઓ જૂઠું ન બોલે. એણે ક્રોધભરી નજરે લૂણા તરફ જોયું. લૂણા તો પહેલેથી જ પૂતળાની માફક બેઠી હતી. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. એક તો સાધુના ચહેરા પર એટલું તેજ હતું કે એની સામે જૂઠું બોલવાની હિંમત કેમ થાય ? અને રાજાની આંખમાં પણ ક્ષોભ ભર્યો હતો. વળી રાણી પોતે પુત્રનું વરદાન માગવા સાધુના મુકામે આવી હતી. એણે રડતાં રડતાં

પોતાનો ગુનો કંબૂલ કર્યો, 'પૂરનનો કંઈ વાંક નથી. મારી અક્કલ જ બહેર મારી ગઈ હતી. હું એના રૂપનું તેજ ન ઝીલી શકી. હું ધર્મમાંથી ચળી ગઈ.'

રાજાએ તલવાર ખેંચી લૂણાની ગરદન ઉડાવી દેવાનો પ્રયાસ કર્યો. પણ પૂરને એનો હાથ પકડી લીધો અને કહ્યું, 'રાજા, જે કાંઈ પણ થયું તે સારું જ થયું. શા માટે નારાજ થાય છે ! તારો પુત્ર આજે પણ જીવતોજાગતો છે અને તારી સામે પ્રત્યક્ષ બેઠો છે.'

સૌએ એની સામે ધારી ધારીને જોયું અને ઓળખવાનો પ્રયત્ન કર્યો તો એમને જોગીના ચહેરામાં રાજકુમારનું મોં દેખાયું. એમણે સાધુને આલિંગનમાં લેવાનો પ્રયાસ કંર્યો, પણ સાધુ પોતાની ધૂણીમાંથી સળગતું લાકડું લઈ ઊભો થઈ ગયો. એણે કહ્યું, 'રાજા, અમે મોહમાયાનાં બંધન તોડી ચૂક્યા છીએ. હવે આપણે ફરીને બાપદીકરો નહીં બની શકીએ. નિરાશ ન થા. તારો પુત્ર જ્યાં પણ જશે, તારા કુળનો મહિમા વધારશે. જ્યાં પૂરન જોગીની ચર્ચા થશે, ત્યાં રાજા સલવાનનું નામ પણ લેવાશે. રાજપાટ તો આથમતી છાયા છે, પણ ધર્મની વાતો યુગયુગાંતર સુધી અટલ રહે છે.'

લૂણા બોલી, 'મારા કારણે રાજમહેલ સૂનો છે. જ્યાં સુધી રાજાનો પુત્ર મહેલમાં નહીં જાય, ત્યાં સુધી હું પણ મહેલમાં પગ નહીં મૂકું. જોગી બેટા, જ્યાં સુધી તું ઘરે પાછો નહીં આવે, ત્યાં સુધી મારા માથેથી કલંક નહીં જાય. જો માફી આપી જ છે, તો પૂરેપૂરા ગુનાની માફી દઈ દે. આપણા ઘરે ચાલ.'

જોગીએ ભિક્ષાના ખપ્પરમાંથી ચોખાનો દાણો ઉઠાવી લૂણાની હથેળી પર મૂકી દીધો અને કહ્યું, 'મા, જા, તારે ઘરે પાછી જા. તારી સાથે સાથે તારો દીકરો પણ ઘરે જશે. તારી કૂખ પણ આ બાગની માફક હરીભરી થઈ જશે.'

રાજાએ કહ્યું, 'પૂરના ? તું પણ ઘરે પાછો આવી જા ! તારા વિના વેરાન ઘર ફરી નહીં વસે.'

પૂરને જવાબમાં કહ્યું, 'રાજા, અમે ઘરે પાછા ન ફરી શકીએ. તારા માટે અમે મરી ચૂક્યા છીએ. અને મારા મોંમાંથી જે શબ્દો નીકળ્યા છે તે પણ અટલ છે. તારે ઘરે પુત્ર થશે. પણ એને પણ તું ઘરમાં નહીં રાખી શકે. મા ઇચ્છરાંની જેમ મા લૂણા પણ પોતાના પુત્ર વિના રડશે, વલોપાત કરશે.'

થોડા સમય પછી લૂણાની કૂખે રસાલૂનો જન્મ થયો. જ્યોતિષીઓએ કુંડળી જોઈ સલાહ આપી કે આને પણ બાર વર્ષ સુધી એનાં માબાપથી જુદો રાખવામાં આવે. આનાં ગ્રહનક્ષત્ર પણ પૂરનનાં ગ્રહનક્ષત્ર જેવાં હતાં. પંડિતોએ કહ્યું, 'આ રાજકુમાર વીર, બળવાન પણ થશે અને સાધુની માફક નિર્લેપ પણ થશે.'

રસાલૂને ભોંયરામાં રાખવામાં આવ્યો. દાસ-દાસીઓ અને નોકરચાકરને એની

સેવામાં મૂકવામાં આવ્યાં. બાર વર્ષનો ખર્ચ પણ આપી દેવામાં આવ્યો. જે દિવસે રસાલૂ જન્મ્યો, તે જ દિવસે, રાજાના ઘોડારમાં એક ઘોડાનો જન્મ થયો. એનું નામ પાડવામાં આવ્યું ફૌલાદી. એના પાલનપોષણની વ્યવસ્થા પણ રસાલૂ સાથે કરવામાં આવી.

રસાલૂ દિવસે દિવસે મોટો થવા લાગ્યો. બાર વર્ષ પૂરાં થયાં ત્યારે એ ભોંયરામાંથી બહાર નીકળ્યો : એ જેટલો સુંદર હતો તેટલો જ તંદુરસ્ત પણ હતો. નિષ્ણાતોએ એને રાજકાજ સંબંધી બધી વિદ્યા શીખવી. ઘોડેસવારી, તીરંદાજી, તલવારબાજી અને ભાલાં ચલાવવામાં એ એકદમ નિપુણ હતો. ઘરની બહાર એ શિકાર રમતો અને ઘરમાં શેતરંજ.

જ્યારે એ યુવાન થયો ત્યારે રમત રમતમાં ગિલોલ ચલાવવા માંડ્યો. ગામની સ્ત્રીઓ કૂવે પાણી ભરવા જતી ત્યારે રસાલૂ ગિલોલથી એમના ઘડા ફોડી નાખતો. આંખના પલકારામાં જ ઘડામાં દસબાર કાણાં પાડી દેતો. ઠેર ઠેર પાણીની ધાર વહેવા લાગતી. સ્વપ્ન જેવું દશ્ય ખડું થઈ જતું. પણ રસાલૂના આ મનોરંજનથી ગામને ખૂબ નુકસાન થતું હતું. સ્ત્રીઓએ લૂણાના મહેલે જઈ ફરિયાદ કરી. લૂણા પોતાના લાડકા દીકરાને ના ન પાડી શકી. એણે લોકોને ઘડાને બદલે ગાગર લઈ આપી. પણ રસાલૂ માથી વધુ ચાલાક નીકળ્યો. હવે એણે હાથમાં ગિલોલને બદલે તીરકામઠું લીધું. એ તીર મારી ગાગરમાં કાણાં પાડી દેતો. પ્રજા ખૂબ દુઃખી થઈ ગઈ. હવે ફરિયાદ રાજા સુધી પહોંચી. રાજા પોતાના એકમાત્ર દીકરાને રોકી ન શક્યો. પણ પ્રજાનું દુઃખ પણ એનાથી ન જોવાયું. એણે પોતાના પુત્રના મોંને મળતું એક પૂતળું બનાવડાવ્યું અને એનું મોં કાળું કરી રાજમહેલની બહાર રાખી દીધું. રસાલૂ શિકાર રમી પાછો આવ્યો ત્યારે એણે રાજમહેલના દરવાજે પૂતળું જોયું. કાળું મોં, ભૂરા પગ, એ રાજાના ક્રોધને જાણી ગયો. એ સમજી ગયો કે મહેલમાં એના અન્નજળ પૂરાં થઈ ગયાં છે. એણે પોતાનો દેશ છોડી દેવાનો નિશ્ચય કરી નાખ્યો.

રાજકુમારના દેશવટાની ખબર આખા ગામમાં ફેલાઈ ગઈ. હિંમતવાન છોકરાઓ રાજકુમારની સાથે ચાલી નીકળ્યા. સૌએ પાકો નિશ્ચય કરી લીધો કે પોતાના દેશથી બહાર નીકળી કેવળ પોતાની હિંમતના જોરે જ કંઈક કરી બતાવશે. આ છોકરાની માતાઓ પાછી લૂણાના મહેલે પહોંચી. ત્યાં જઈ વિનંતી કરી કે તમારા છોકરાને રોકો. પણ તીર કમાનમાંથી છટકી ગયું હતું. રસાલૂ અને એના સાથીદારો શહેરથી ઘણા દૂર નીકળી ગયા હતા. લૂણા મહેલની અગાસીએ ચડી પોતાના મુસાફર પુત્રને જોવા લાગી. પણ ધૂળમાટીનાં વાદળ સિવાય કશું ન દેખાયું.

લૂણાએ વિલાપ કરતાં સાદ દીધો :

વે તૂં ચલિઉં દેસ બગ્ગાને પુત્ત રસાલૂઆ,
વે તૂં મુડ આ કિસે બહાને પુત્ત રસાલૂઆ,
કલગી તેરી મિટ્ટી ચ રૂલ ગઈ,
તેરે નક્શ ના જાણ-પછાણે, વે પુત્ત રસાલૂઆ ।
તિખ્ખો છુરો કલેજે ધાણી
જા બેઠી દિલ દે ખાને, વે પુત્ત રસાલૂઆ ।
પિચ્છે તાં છડુ ગિઓં, બલદિયાં લાટાં,
વે તૂં બન્ન ગિયો અગ્ગ દે ગાનેં, વે પુત્ર રસાલૂઆ ।

(બેટા રસાલૂ, તું અજાણ્યા દેશમાં ચાલ્યો ગયો છે. બેટા રસાલૂ, કોઈ પણ બહાનું કાઢી પાછો આવી જા. તારી કલગી ધૂળમાં રગદોળાઈ ગઈ છે. તારું મોં ઓળખાય એવું રહ્યું નથી. તેજ છરી દિલ-સોંસરવી ઊતરી ગઈ છે, બેટા રસાલૂ, તારી પાછળ તું ભભકતી જ્વાળાઓ મૂકી ગયો છે, આગનાં ગીતો બાંધી ગયો છે.)

રસાલૂએ શહેર તરફ પીઠ કરી, પછી પાછું વાળી જોયું જ નહિ. સિયાલકોટથી નીકળી એ ગુજરાત પહોંચ્યો, ત્યાં એક ગુર્જર રાજા રાજ્ય કરતો હતો. રાજાએ શહેરની બહાર આવી રસાલૂનું સ્વાગત કર્યું અને પૂછ્યું :

કિસ રાજે દા પુત્તર હૈં,
તે કી હૈ તેરા નામ ।
કેહડા તેરા દેસ સોણિયાં
કેહડા નગર ગ્રામ ?

(તું કયા રાજાનો પુત્ર છે ? તારું નામ શું છે ? ઓ સુંદર નવયુવાન, તારો દેશ કયો છે ? કયા નગરગામથી તું આવ્યો છે ?)

રસાલૂએ જવાબ આપ્યો :

મૈં રાજે સલવાન દા પુત્તર
મેરા નામ રસાલ
મેરા તાં હુણ દેસ ના કોઈ
પિયો દા દેસ સિયાલ ।

(હું રાજા સલવાનનો પુત્ર છું. મારો હવે કોઈ દેશ નથી. પિતાના દેશનું નામ સિયાલ છે.)

ગુર્જર રાજા સમજી ગયો કે રસાલૂ ખૂબ સ્વમાની છોકરો છે. એણે કહ્યું, જો પોતાનું જોર જ અજમાવવું હોય તો જેલમ તરફ જા : એ દેશના ચતુર્થાંશ પર તમારા લોકોનો હક છે. તારા પિતા ઘણાં વર્ષો સુધી નિ:સંતાન રહ્યા અને એમણે

કદી પોતાનો હક જમાવ્યો જ નહીં.'

ફૌલાદી ઘોડાની પીઠ પર બેસી રસાલૂ આગળ ચાલ્યો ગયો. એણે બે મણનું કામઠું હાથમાં ઝીલી લીધું. આ કામઠામાંથી એક જ સમયે ત્રણ તીર છોડી શકાતાં હતાં અને એ તીર નિશાન વીંધી પાછાં આવતાં હતાં. રસાલૂએ જેલમનો કિલ્લો પલકવારમાં જ જીતી લીધો. પોતાના સાથીઓમાંથી એકને ત્યાંનો રાજા બનાવી પોતે આગળ ચાલી ગયો. બીજા સાથીદારો એની સાથે જવા તૈયાર થયા તો એણે કહ્યું, 'તમે લોકો અહીં જ રહો. તમારા વિના એ એકલો કેવી રીતે રાજ ચલાવશે ? બાકીની મુસાફરી હું એકલો જ પૂરી કરીશ. મારા ફક્ત બે જ સાથીદાર હશે. એક મારો ઘોડો ફૌલાદી અને બીજો મારો પોપટ શાદી.'

રસાલૂની વિજયયાત્રા આગળ વધતી ગઈ. આ બાજુ રાજા સલવાન વૃદ્ધ થતો જતો હતો. કોણ જાણે ક્યારે કાયામાંથી પંખેરું ઊડી જાય અને સિંહાસન ખાલી જ રહી જાય. રાજાએ દીકરાની પાછળ સંદેશો પાઠવ્યા. સંદેશાવાહકોને ખબર પડે કે આજે રસાલૂ અમુક જગ્યાએ છે, ને એ લોકો ત્યાં પહોંચે કે રસાલૂ ત્યાંથી પણ આગળ બીજે સ્થળે પહોંચી જતો. પિતાનો સંદેશ પુત્ર સુધી પહોંચી નહોતો શકતો. પછી લૂણાએ સંદેશો મોકલ્યો, પણ એય રસાલૂ સુધી ન પહોંચ્યો. અંતે મા ઇચ્છરાંએ પોતાના પુત્ર પૂરનના નામનું ધ્યાન ધરી રસાલૂને સંદેશ મોકલ્યો. પરમાત્માની કૃપાથી આ સંદેશો રસાલૂ સુધી પહોંચી ગયો અને એ પોતાના ઘર તરફ પાછો વળ્યો. રાજા સલવાને પોતાન પુત્રનો વિવાહ નાની ઉંમરમાં જ પોતાના વજીર મોતીરામની પુત્રી સાથે કરી દીધો હતો. રસાલૂ પોતાના ઘરે પાછો ફરી રહ્યો હતો. શહેરની બહાર કૂવે પાણી ભરતી યુવતીઓ પરસ્પર મજાક-મશ્કરી કરતી હતી. એમણે રસાલૂએ મસ્ત મનમોજીની માફક પસાર થતો જોયો અને એક છોકરીએ ટોણો માર્યો :

વે ઘોડી દે અસવારા
ફંડે તાં તેરે ઉડન હવા વિચ
સાંભ લૈ કુડી દે વાંગ
હાય વે ઘોડી દે અસવારા
જે ફંડિયાં તો તેનૂં ફડિયા કિસે ને
પુટન્ન નહીં દેની લાંઘ

(અરે ઘોડીના અસવાર ! તારા વાળ હવામાં ફગફગી રહ્યા છે. છોકરીની માફક વાળ ઓળી લે. અરે, ઘોડેસવાર ! કોઈ તને વાળથી પકડી લેશે તો એક ડગલુંય આગળ નહીં જવા દે.)

રસાલૂએ પટાક દઈ જવાબ દીધો :

જાં તાં અપની મોડ લૈ બોલી
નહીં તાં હોણ ના દેવાં તેરા કાજ
ટુટ્ટ જાયે તેરા ચૂડા-બીડા
ધરિયા રહ જાયે દાજ

(કાં તો તારા બોલ પાછા ખેંચી લે, નહીં તો હું તારાં લગ્ન નહીં થવા દઉં, તારો ચૂડો પણ ફૂટી જશે અને દહેજ પણ પડ્યો રહેશે.)

છોકરીને એક તો પોતાના રૂપનું ગુમાન હતું. બીજું એ વજીરની પુત્રી હતી. એ ભલા પોતાના બોલ શું કામ પાછા ખેંચે ? એણે ખૂબ અભિમાનથી રસાલૂ તરફ જોયું અને પીઠ ફેરવી લીધી.

ઘરે પહોંચતા જ રસાલૂએ પોતાનાં માબાપને કહ્યું, 'મને જે કામ માટે બોલાવ્યો છે, એ કામ ઝટ પતાવી દો. મારાથી તમારી ચાર દીવાલોમાં ઝાઝો સમય કેદ નહીં રહેવાય.' માબાપને થયું કે દીકરાનાં લગ્ન કરી લઈએ. ઘરમાં વહુ આવશે તો એનું મન લાગી જશે. બીજે જ દિવસે રાજા જાન જોડી મોતીરામને ઘરે પહોંચ્યા. છોકરીએ સોળે શણગાર સજ્યા અને મંડપમાં આવીને બેઠી. બ્રાહ્મણે બેયની છેડાછેડી બાંધી. ચાર ફેરા થઈ ગયા. હજી ત્રણ બાકી હતા. હવે વધૂએ પાછળ અને વરે આગળ રહેવાનું હતું. પોતાની વધૂથી આગળ જતાં પહેલાં રસાલૂએ મોં ફેરવી વધૂને જોઈ. આંખો ચાર થઈ અને બંનેએ એકબીજાને ઓળખી લીધાં. આંખના પલકારામાં જ રસાલૂએ મ્યાનમાંથી તલવાર કાઢી અને છેડાછેડીની ગાંઠ દૂર ફગાવી દીધી. વીજળીની ઝડપે આંગણામાંથી દોડી એ બહાર ઊભેલા ફૌલાદી પર ચડી બેઠો. જાનૈયાસામૈયા જોતા જ રહી ગયા. પણ રસાલૂ શહેરથી દૂર નીકળી ગયો હતો. પિતાએ બૂમ પાડી, 'માથે તિલક તો લગાવી જા. આજથી અહીંનો રાજા તું છે.'

ચાલતાં ચાલતાં રાજા એક સઘન જંગલમાં પહોંચ્યો. ત્યાં અનહદ ગરમી હતી, પણ ખૂબ તીવ્ર સુવાસ ફેલાયેલી હતી. થોડેક આગળ જઈને જોયું તો ચંદનનું એક ઝાડ બળતું હતું. થોડી વાર પછી વૃક્ષમાંથી બળતી પાંખે એક હંસ નીકળ્યો, અને રાજાના પગ પાસે પડ્યો. એને જોઈ રાજાનું દિલ દ્રવી ઊઠ્યું. એણે હંસને પૂછ્યું, 'વૃક્ષને આગ લાગતામાં જ તું કેમ ન ઊડી ગયો ?' હંસે જવાબ દીધો, 'આખી જિંદગી જે વૃક્ષનો મેવો ખાધો, શીતળ છાયાનો આનંદ લીધો, એના માથે જ્યારે મુશ્કેલી આવે ત્યારે મારાથી શી રીતે ભાગી જવાય ?' રસાલૂએ પોતે પરિશ્રમ કર્યો, નદીનો પ્રવાહ વૃક્ષ તરફ વાળ્યો અને પરમાત્માને પ્રાર્થના કરી કે આ વૃક્ષનું

દુઃખ દૂર કરો. આગ બુઝાઈ ગઈ એટલે હંસે ફરી વૃક્ષ પર જઈને બેઠો. હંસ અને ચંદનના વૃક્ષનો પ્રેમ જોઈ રાજાનું દિલ ભરાઈ આવ્યું, પણ એ પોતે તો સર્વ સ્નેહપ્રેમ તોડીને આવ્યો હતો. રસાલૂ આગળ વધ્યો એટલે હંસે કહ્યું :

કલમુકલ્લા ભોરે પાલિયોં, કલ્લે તેરે રાહ
કલમુકલ્લે જંગલ થાની, કલ્લા-કલ્લા જા.

(તું ભોંયરામાં એકલો રહીને ઊછર્યો છે. તારો માર્ગ એકલો છે, એકાંત જંગલમાં તું એકલો જ જા.)

રાજા ચાલતો જ ગયો. જંગલ પૂરું જ નહોતું થતું. બીજે દિવસે સવારે રસાલૂને રસ્તામાં એક સાપ મળ્યો. આંધીમાં જે રેતી ઊડેલી, એનાથી એની આંખો આંધળી થઈ ગયેલી. ઘોડાના ડાબલા સાંભળી સાપે અનુમાન કર્યું કે કોઈ માનવી અહીંથી પસાર થઈ રહ્યો છે. એણે વિનંતી કરી :

એની રાહીં લંઘાર્દયા, ગલ્લ સાડી સુન જા,
જે તૂં મેહરાં વાલડા સાડી અકખ કંકર કઙ્ઢ જા
ધરમિયાં ધરમ કમા

(આ રસ્તેથી ગુજરનાર, મારી વાત સાંભળતો જા, જો તું કૃપાળુ હો તો મારી આંખમાંથી કાંકરી કાઢ, હે ધર્મી, પુણ્ય કમાઈ લે.)

સાપ તો મનુષ્યજાતિનો વેરી હોય છે; પણ ઘરેથી આટલે દૂર આવી, રાજા વેર-વિરોધની વાતો ભૂલી ગયો હતો. રાજાએ પોતાના હાથેથી વાસક નાગની આંખમાંથી કાંકરી કાઢી. નાગની આંખો સારી થઈ ગઈ. રાજા આગળ વધ્યો કે સાપ ફેણ ફેલાવી એના માર્ગમાં ઊભો રહી ગયો. રાજાએ પૂછ્યું, 'આ શું ? ઉપકારનો આ બદલો ?' નાગે શીશ ઝુકાવી દીધું અને કહ્યું, 'મારી તો એટલી જ વિનંતી છે કે આજની રાત મારા ઘરે રહી જાઓ.' રસાલૂએ વિનંતી માની લીધી. એની ગૂફામાં જઈ એ વીર બહાદુરે આખી રાત નાગ સાથે એક જ પલંગ પર સૂઈને વિતાવી. બીજે દિવસે સવારે નાગ બીજા શિકારની શોધમાં ઘાસમાં ગાયબ થઈ ગયો અને રસાલૂ પોતાના રસ્તે પડ્યો.

જંગલ પસાર કરી રસાલૂ એક નીલા શહેરમાં પહોંચ્યો. શહેરની બહાર એક વૃદ્ધા બેઠેલી. એ ક્યારેક હસતી હતી, ક્યારેક રડતી હતી. રસાલૂએ એને એનું દુઃખ પૂછ્યું. પણ વૃદ્ધા તો પહેલાંની માફક હસતી અને રડતી જ રહી. એ કંઈ ન બોલી. રસાલૂએ પણ એનો પીછો ન છોડ્યો. અંતે માજીએ કહ્યું, 'આ શહેર પર એક દૈત્યનો કબજો છે. એ રોજ એક માણસનું ભક્ષણ કરે છે. કેટલાક શહેર છોડી ભાગી ગયાં છે, કેટલાકને દૈત્ય ખાઈ ચૂક્યો છે. બાકીના લોકો પોતાના મૃત્યુની

રાહ જોઈ બેઠા છે. મારે સાત દીકરા હતા એમાંથી છને તો દૈત્ય ખાઈ ચૂક્યો છે. આજે સાતમાનો વારો છે. હું બચી ગઈ એ વિચારે હસું છું અને મારી નજર સામે સાતેસાત દીકરા મરી પરવાર્યા એ વિચારે રડું છું.' રાજાએ વૃક્ષ, પક્ષી અને નાગનું ભલું કર્યું હતું. આજે માનવી પર ઉપકાર કરવાની તક હતી. આ તકમાં જાનનું જોખમ હતું. રાજાએ નિશ્ચય કરી લીધો કે માજીના દીકરાની જગ્યાએ હું દૈત્યનું ભોજન બનીશ.

રસાલૂ ઘોડે ચડી જંગલ તરફ ચાલી નીકળ્યો. શહેરના લોકો દૈત્યના ભક્ષણ માટે ગાડું ભરી રોટલા અને એક સાંઢ પણ મોકલતા હતા. એ લોકો પણ રાજાની સાથે હતા. દૈત્યે જ્યારે એક ઘોડેસવારને પોતાની તરફ આવતો જોયો તો ખુશ થયો કે બીજી ચીજો સાથે આજે એક ઘોડો પણ આરોગવા મળશે. એણે સૌથી પ્રથમ ઘોડા પર જ હાથ માર્યો પણ રસાલૂએ આંખના પલકારામાં જ તલવારથી એનો હાથ કાપી નાખ્યો. ચીસ નાખી દૈત્ય પોતાના ઘર તરફ ભાગ્યો. પણ એને બચવાનો કોઈ ઉપાય નહોતો. દૈત્ય વૃક્ષોની પાછળ સંતાઈ જતો, પણ રસાલૂનાં તીર ઝાડને વીંધી એના સુધી પહોંચી જતાં. એણે પોતાનાં બાળકોને રાજાનો સામનો કરવા મોકલ્યાં, પણ કેટલાકને રાજાની તલવારે ઉડાવી દીધા, કેટલાક એને દોરડે બંધાઈ ગયા. પછી દૈત્ય પોતાના ઘરમાં લોઢાની સાત કડાઈઓની પાછળ જઈ સંતાઈ ગયો. બહાદુર રસાલૂએ એક જ તીરથી સાતેય કડાઈ વીંધી દૈત્યને ખતમ કરી નાખ્યો. દૈત્યના આખા કુટુંબને મારી નાખવાથી રાજાની વાહ વાહ થઈ ગઈ. આખા શહેરના લોકો, રાજા સહિત રસાલૂનાં દર્શને આવ્યા. શહેરના લોકો રસાલૂને રોકવા ઇચ્છતા હતા; પણ એના પગમાં ચક્ર હતું જે એને જંપીને એક સ્થળે બેસવા નહોતું દેતું. ત્યાંના રાજાની કુંવરી શૌંકની એના રૂપ પર મોહી પડી. પણ રાજાનું ધ્યાન એના તરફ જતું જ નહોતું. રસાલૂ જવા લાગ્યો તો શૌંકની ખૂબ ઉદાસ થઈ કહેવા લાગી :

ચન્નન ચીરાં, ચિખ બહાં, ફૂક લગાવાં અગ્ગ,
વે સોહને પરદેસિયાં, મૈં મરાં તેરે ગલ્લ લગ્ગ ।

(ચંદનના લાકડાં કપાવી હું ચિતા પર ચડી બેસીશ. એમાં ભાગ લગાવી દઈશ. હે સ્વરૂવાન પરદેશી, હું તારે કંઠે વળગી મરી જઈશ.)

પરંતુ આટલો પ્રેમ પણ રાજાને રોકી ન શક્યો. એનામાં પણ એક પ્રકારનો યોગ આવતો જતો હતો. એના મોંમાંથી એમ જ નીકળ્યું, 'તમે સૌ વસતા ભલા, જોગી રમતા ભલા'.

ત્યાંથી ચાલતાં ચાલતાં રાજા અટક પાસે નદીકિનારે સિરીકોટ પહોંચ્યો. ત્યાંના રાજાનું નામ સિરકપ હતું. આ રાજાને પણ એક અજબ શોખ હતો. એ આવતા-

જતા મુસાફર પરદેશીઓના શિરનું સાટું કરી ચોપાટ રમતો અને એમને છળકપટથી હરાવી એમનું માથું કાપી લેતો હતો. રાત્રે જ્યારે રાજા આ શહેરમાં પહોંચ્યો ત્યારે એના ઘોડાની ખરી એક હાડપિંજર સાથે ભટકાઈ. રાજા સમજી ગયો કે આ શહેરના રસ્તામાં મડદાં પડ્યાં છે. અહીં ખેર નથી. એ ઓળખી ગયો કે આ તો જુગારી સિરકપનું ગામ છે. રસાલૂ તો પોતાનો જીવ મુઠ્ઠીમાં લઈ ફરતો હતો. એણે નિશ્ચય કરી લીધો કે એ સિરકપ સાથે જ ચોપાટ રમશે. સવાર પડતાં જ રાજા રસાલૂ મહેલ તરફ ઊપડ્યો. આવો સ્વરૂપવાન ઘોડેસવાર રાજાનો શિકાર બનશે એ વિચારથી જ શહેરના લોકો ઉદાસ થઈ ગયા. એક સુંદર યુવતીએ ઘોડાની લગામ પકડી લીધી અને કહ્યું :

નીલે ઘોડે વાલિયા રાજા, નીવેં નેજે આ,
અગ્ગે રાજા સિરકપ્પ હે, સિર લૈસો ઓહ લાહ,
ભલા ચાહેં જે આપના, તાં પિચ્છે મુડ જા ।

(આસમાની ઘોડાવાળા રાજા, નજીક આવ. આગળ રાજા સિરકપ્પ છે. એ તારું માથું ઉતારી લેશે. જો પોતાનું ભલું ઇચ્છતો હો, તો પાછો ફરી જા.)

પણ રાજાએ ઘોડાને એડી લગાવી અને આગળ ચાલ્યો ગયો. એ શહેરના લોકોને પણ રાજા રસાલૂનું રૂપ જોઈ ખૂબ દયા ઊપજી. દરેક જણે પોતાની અક્કલ પ્રમાણે રાજાને બાજી જીતવાના ઉપાય બતાવ્યા. એની સલામતીની દુઆ માગતાં કોઈએ મંત્ર પઢ્યા, પ્રાર્થના કરી. એક પુરુષે પ્રેમપૂર્વક પાળેલી પોતાની બિલાડી રાજાના ખિસ્સામાં મૂકી દીધી અને કહ્યું :

ઠહર વે રાજા ભોલિયા, સાડી ઇતની ગલ્લ સુન જા,
જદોં ડાઢી ભીડા આ બને, તેરી પેશ ના જાવે કા,
દાહિના દસ્ત ઉઠાએ કે અપની જેબ ચ પા ।

(હે ભોળા રાજા ! જરા ઊભો રહે, અમારી આટલી વાત સાંભળતો જા. જ્યારે તારા પર ખૂબ મુસીબત આવે અને તારું કંઈ પણ ન ચાલે તો જમણો હાથ ઉઠાવી તારા ખિસ્સામાં નાખી દેજે.)

રસાલૂએ રાજાના મહેલ પર જઈ સાદ દીધો, આજે તમારી સાથે ચોપાટ રમવા કોઈક આવ્યું છે. મહેલના પ્રવેશદ્વારે ચૌદ નગારાં પડ્યાં હતાં. રાજાને પડકાર ફેંકનાર પુરુષે આ નગારાં વગાડી રાજાને ચેતવી દેવો, એવો નિયમ હતો. અને આ નગારાં કંઈક એવી રીતે બન્યાં હતાં કે એક વાર વાગવાથી બહુ વાર સુધી ગુંજ્યા કરતાં અને સાંભળનારનું માથું ભમી જતું. ભમી ગયેલ માથાવાળો ભલા, બાજી શું જીતે ! ચોકીદારે રસાલૂને નગારાં પર થાપ મારવાનું કહ્યું. રાજા

એક પછી બીજા નગારા પર એવી જોરદાર થાપ મારવા લાગ્યો કે નગારાં ફાટી ગયાં અને ગુંજી ન શક્યાં.

પ્રવેશદ્વારની આગળ સિરકપ્પની સત્તર પુત્રીઓના હીંચકા હતા. એ સૌ જનારનું મન એકાગ્ર ન થવા દેતાં. એમણે રસાલૂને કહ્યું, 'અમને હીંચકા નાખીને જાઓ.' રાજાએ કહ્યું, 'મારી પાસે એટલો સમય નથી. બધાને સાથે જ ઝુલાવીશ.' સત્તર છોકરીઓ સાથે હીંચકે ચડી ગઈ. રસાલૂએ જોરથી હીંચકો નાખી હીંચકો આકાશે ચડાવી દીધો. નીચે આવતા હીંચકા પર એવી જોરદાર તલવાર વીંઝી કે હીંચકો વચ્ચે જ કપાઈ ગયો, અને છોકરીઓ ઘાયલ થઈ ધરતી પર પડી.

રસાલૂ દીવાનખાના તરફ આગળ વધ્યો. પરંતુ એની પહેલાં જ ફાટેલાં નગારાં અને ઘાયલ દીકરીઓના સમાચાર રાજાને પહોંચી ચૂક્યા હતા. હવે રસાલૂ નહીં, પણ સિરકપ્પ ગભરાઈ ગયો હતો. એની એકાગ્રતા ખંડિત થઈ ગઈ હતી. દાવ શરૂ થયો એટલે સિરકપ્પ બોલ્યો,

દીવે દે નિમ્મે ચાનણ ચૌપડ
રાજે ખેડુન દો
આ ની સઈયે હોણિયે, તૂ મેરે વલ હો
હુકમ જોરાજે સિરકપ્પ દા, નરદા મન્નન સો

(દીવાના ઝાંખા ઉજાસમાં બે રાજા ચોપાટ રમવા બેઠા છે. સખી હોણી આવ, તું મને સાથ દે. રાજા સિરકપ્પનો હુકમ પાસાઓ પણ માને છે.)

સિરકપ્પ પાસા ફેંકવા જ જતો હતો કે રાજા રસાલૂ બોલ્યો, 'રાજા, તારી તો શરૂઆત જ ખોટા શુકનથી થઈ છે. બધાં કામ પરમાત્માના નામથી શરૂ થવાં જોઈએ.'

દીવે દે નિમ્મે ચાનણ ચૌપડ
રાજે ખેડન દો
આ ની માતા હોણિયે, તૂ મેરે વલ્લ હો
હુકમ જો સચ્ચે સાહબ દા, નરદાં મન્નન સો

ચોપાટ રમતી વખતે રાજા સિરકપ્પે પોતાની ડાબી-જમણી બાજુ પોતાની રાણી અને દીકરી બંનેને બેસાડી દીધાં, એ બેય પોતાના રૂપના જોરે રમનારનું ધ્યાન પોતા તરફ ખેંચી લેતાં હતાં. ખેલાડી રાણી તરફ જુએ તો કુંવરી સોગઠી હટાવી દેતી અને કુંવરી તરફ જુએ તો રાણી સોગઠી હટાવી દેતી. પણ રસાલૂની એકાગ્રતા તો જોગી જેવી હતી. રૂપમાં એ રાણી અને રાજકુમારી કરતાંયે સવાયો હતો. દાવ શરૂ થયો તો કોઈ ચરિતર કામ ન આવ્યાં. રસાલૂ તો જાણે અચલ

સમાધિમાં બેઠો હતો. રાજા સિરકપ્પ પહેલો દાવ હારી ગયો.

બીજો દાવ શરૂ થયો. રાણી અને રાજકુમારી તો પોતાની હાર કબૂલી ત્યાંથી ઊઠી ગયાં. એમની જગ્યાએ ઉખાણાં પુછનાર આવી બેઠો. રસાલૂ જેવી કોઈ ચાલ વિચારતો કે ઉખાણાં પુછનાર કોઈ ને કોઈ મુશ્કેલ કોયડો મૂકી દેતો. પહેલું ઉખાણું હતું :

અઠ પત્તન, નૌ બેડિયાં, ચૌદહ ઘુમ્મન ઘેર,
જે તૂં રાજા જતી સતી તાં પાની કિતને સેર ।

રાજાએ એક જ સાથે ચાલ પણ ખેલી અને કોયડાનો જવાબ પણ વાળ્યો :

અઠ પત્તન, નૌ બેડિયાં, ચૌદહ ઘુમ્મન ઘેર,
અંબર તારે ગિન દસ્સી, મૈં દસ્સાં પાની ઉતને સેર
જિન્ની જંગલ લકડી, પાની ઉતને સૈર

(આઠ ઘાટ, નવ બેડી, ચૌદ વમળ છે. તું પહેલાં આકાશનાં તારા ગણી બતાવ, એટલા જ શેર પાણી નદીમાં હશે. જંગલમાં જેટલાં લાકડાં છે એટલા શેર પાણી નદીમાં છે.)

એક પછી બીજું ઉખાણું રજૂ થતું. રાજા એથી પણ મુશ્કેલ જવાબ આપતો. ઉખાણાં નકામાં થતાં જોઈ, ઉખાણાં પુછનારને પોતાના જીવની ફિકર થવા માંડી. ત્યાંથી ખસી જવામાં જ એમને પોતાની સલામતી લાગી. સિરકપ્પ બીજો દાવ પણ હારી ગયો.

હવે છેલ્લો દાવ હતો. સિરકપ્પ પાસે હજી પણ એક કપટ બાકી હતું. દાવ શરૂ થયો કે સિરકપ્પે પોતાની પઢાવેલી ઉંદરડી બહાર કાઢી. આ ઉંદરડી ચોપાટ પર દોડાદોડ કરી સોગઠી હલાવી નાખતી હતી. રસાલૂના દાવ ઊંધા પડતા હતા પણ ખબર નહીં કઈ શુભ ઘડીએ એને ચાહનાર કોઈ વ્યક્તિના શબ્દો યાદ આવ્યા :

ઠહર વે રાજા ભોલિયા, સાડી ઐની ગલ્લ સુન જા
જદોં ડાઢી ભીડા આ બને, તેરી પેશ ના જાવે કા
દાહિના દસ્ત ઉઠાઈ કે અપની જેબ ચ પા

રાજાએ પોતાનો જમણો હાથ ખિસ્સામાં નાખ્યો. ખિસ્સામાંથી બિલ્લી બહાર નીકળી આવી. સિરકપ્પની ઉંદરડી દરમાં ઘૂસી ગઈ. દાવ ફરીને રસાલૂના પક્ષમાં ઢળવા લાગ્યો. સિરકપ્પ ગભરાઈને બોલ્યો :

ઢલ વે પાસે ઢાલવેં, ઇત્થે બસંતા લોક,
સિરાં ધડાં દીયાં બાજીઆં, જેહડી સિરકપ્પ કરે સો હોગ ।

રસાલૂએ પાસો ફેંક્યો અને બોલ્યો :

ઢલ વે પાસે ઢાલવેં, ઇત્થે બસંતા લોક,
સિરાં ધડાં દીયાં બાજીઆં, જિહડી રબ્બ કરે સો હોગ ।

(હે પાસા પડ પોબાર ! અહીં લોકો વસે છે અને ધડમાથાના દાવ ખેલાયા છે. જે ઈશ્વરે ધાર્યું હશે તે જ થશે.)

રાજા સિરકપ્પ શિરની બાજી પણ હારી ગયો. એ જ વખતે એક માણસે આવી ખબર આપી કે તમારે ઘરે એક પુત્રીએ જન્મ લીધો છે. રાજાએ હુકમ આપ્યો કે એ કુલક્ષણીને તરત મારી નાખો. પણ રસાલૂએ કહ્યું, 'જે રાજા પોતાનું શિર હારી ચૂક્યો હોય એ બીજાના શિરચ્છેદનો હુકમ શી રીતે આપી શકે ! આ રાજકુમારીને હું મારી સાથે લઈ જઈશ.' રસાલૂ હજી પણ લગ્નમાં બંધનમાં બંધાવા નહોતો માગતો. આજે જન્મેલી છોકરી યુવાન થતાં સુધી એ આઝાદ જિંદગી વિતાવી શકે તેમ હતો. રસાલૂએ સિરકપ્પને જાનની માફી આપી, પણ એ શરત મૂકી કે હવે પછી એ જુગાર નહીં રમે. મહેલમાં આટલી વાર બેસવાથી રસાલૂને થયું કે જાણે એનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે. એ ફરીને ખુલ્લી હવામાં આવીને ઊભો રહ્યો. એ કેદખાના પાસેથી પસાર થતો હતો ત્યાં કેદીઓએ બુમરાણ મચાવ્યું :

હોર રાજે મુર્ગાબિયાં, તૂ રાજા શાહબાજ,
બંદીવાનાં દે બંદ ખલાસ કર, તેરો ઉમ્ર દરાજ ।

(બીજા રાજાઓ તો મામૂલી છે. તું શાહબાજ છે. કેદીઓને બંધનમાંથી મુક્તિ આપ, તું દીર્ઘાયુ થા.)

રાજા રસાલૂએ પોતાના હાથે જ બંદીગૃહના દરવાજા ખોલી દીધા. રાજા રસાલૂને આશીર્વાદ દેતા કેદીઓ બહાર આવવા માંડ્યા. રાજા ત્યાંથી નીકળી ખેડી-મૂરતીના પહાડોમાં આવી ગયો. ત્યાં એણે એક મહેલ બનાવ્યો. મહેલની સામે આંબાનું એક ઝાડ રોપ્યું અને બોલ્યો, 'જ્યારે આ આંબે મોર આવશે ત્યારે રાજકુમારી કોકિલા ભરપૂર યુવાન થઈ જશે. ત્યારે હું એની સાથે લગ્ન કરીશ.'

રસાલૂ કદી ઘરે ઠરીને બેસી ન શક્યો. એને તો શિકારમાંથી જ ફુરસદ નહોતી મળતી. જ્યારે સહેજ પણ નવરાશ મળતી ત્યારે કોઈ ખૂબ જોખમી કામ શરૂ કરી દેતો. આંબે ક્યારે મોર આવ્યા, કોકિલા ક્યારે યુવાન થઈ, એણે ક્યારેય ધ્યાન ન આપ્યું. રાજા સાધુપુરુષ હતો. એના મહેલમાં કોકિલા સિવાય બીજી કોઈ રાણી દાખલ ન થઈ. બિચારી કોકિલા તો પોતાની ઉંમરના કોઈ પુરુષ કે સ્ત્રી સાથે વાત કરવા વ્યાકુળ થઈ ગઈ. રાજાની રગે-રગમાં શક્તિનું બેસુમાર પૂર આવ્યું

હતું. પોતાની શક્તિ પાસે એને કોકિલાનું યૌવન પણ બાલિશ લાગતું હતું. એટલે બન્યું એમ કે રાજા અને રાણી વચ્ચે પ્રીત ન પેદા થઈ શકી. ન તો એ લોકો હળીમળીને બેઠાં, ન દિલભર વાતો કરી. બંને એકબીજાં માટે પરદેશી જ રહ્યાં.

એક દિવસ રાજા રસાલૂ શિકાર રમવા ગયો હતો. એની પાછળ એક બીજો રાજા શિકાર ખેલતો ખેલતો આ મહેલ તરફ આવી પહોંચ્યો. કોકિલા અગાસીએ એકલી ઊભી ઊભી આસપાસની હરિયાળી નિહાળી રહી હતી. નીચે એક અજાણ્યાને જોઈ એણે કહ્યું :

મહલાં હેઠ ફિરંદિયા, સાધ ફિરે કે ચોર

(મહેલ નીચે ઘૂમનાર, તું સાધૂ છે કે ચોર ?)

નીચેથી રાજા બોલ્યો :

ચોરાં મેલે કપડે, સાધાં નવે નકોર

(ચોરનાં કપડાં મેલાં હોય છે. સાધુઓનાં એકદમ નવાં.)

નીચે ઊભેલા રાજાનું નામ હોડી હતું. કોકિલાનું એકદમ નવું તાજું યૌવન જોઈ રાજા મોહિત થઈ ગયો. એના મોંમાંથી અનાયાસ નીકળી ગયું :

અલ્લીયાં દાખાં પક્કીયાં, ચો ચો પૈન અનાર

(કાચી દ્રાક્ષ પાકી ગઈ છે, દાડમ રસથી ભરાઈ ગયાં છે.)

કોકિલા હજી પોતાના સત પર ટકી રહી હતી. એણે કહ્યું :

ઐસા કોઈ ન જમ્મિયા જો આવે રાજે દે દરબાર

(રાજાના દરબારમાં આવે એવો હજી કોઈ જન્મ્યો નથી.)

હોડીએ મહેલમાં જવા પ્રયત્ન કર્યો, પણ દરવાજે પહાડ જેટલો મોટો પથ્થર પડ્યો હતો. એને હટાવી રસાલૂ અંદર જતો હતો. હોડીએ ખૂબ જોર કર્યું, પણ પથ્થર ચસક્યો પણ નહીં. હોડીએ ઇચ્છ્યું કે પક્ષી બની કોકિલા પાસે પહોંચી જાઉં, પણ એ એના હાથની વાત નહોતી. એણે કોકિલાને કહ્યું, 'નીચે દોરડું નાખી દે' અંતે કોકિલા પીગળી ગઈ. એ પોતે પણ એકલી રહીને કોઈ સાથે વાતચીત કરવા વ્યાકુળ થઈ ગઈ હતી. એણે દોરડું ફેંક્યું અને રાજા હોડી ઉપર ચડી આવ્યો. એ પછી બિચારી કોકિલા પોતાનું સત કાયમ ન રાખી શકી. રસાલૂ જંગલમાં શિકાર ખેલતો રહ્યો અને કોકિલા રંગમહેલમાં રંગરાગ કરતી રહી.

બીજે દિવસે હોડી જવા તૈયાર થયો ત્યારે કોકિલા રડી પડી. હોડીએ એનાં આંસુ લૂછ્યાં ત્યારે કોકિલાનું કાજળ એના હાથમાં લાગી ગયું ત્યારે રાજાએ સોગંદ ખાધા, 'હું જલદી પાછો આવી જઈશ. જેટલો સમય તારાથી દૂર રહીશ, તારું

કાજળ હાથથી દૂર નહીં થવા દઉં. આ હાથથી કશું ખાઈશ નહીં, પીશ નહીં, આ હાથ ધોઈશ નહીં, આ હાથે કોઈ કામકાજ નહીં કરું.'

રાજા રસાલૂ પાછો ફર્યો ત્યારે એને લાગ્યું કે રાણીની હિલચાલ કંઈક જુદી જ હતી. વાળની લટો વીખરાયેલી, હાર તૂટેલો, પથારી ચોળાયેલી.

રાજા બોલ્યો :

કિન્ન મેરા ખૂહા ગેડિયા, રાણી કિસને ભન્ની નિસાર
ઘડિયોં પાની કિસ લ્યા કિસ સુટ્ટે ખંધાર
કૌન મહલાં વિચ દૌડિયા મહલી પઈ ધસકાર
સેજ મેરી કૌન લેટિયા, ઢિલ્લી પઈ નિવાર

(હે રાણી ! મારો કૂવો કોણે ચલાવ્યો, કોણે ઈંટ તોડી, ઘડાથી પાણી કોણે ભર્યું, કોણ એમાં થૂક્યું. મહેલમાં કોણ દોડ્યું હતું જેના પગનો અવાજ થયો ? મારી પથારીમાં કોણ સૂતું હતું, કે પાટી ઢીલી પડી ગઈ ?)

રાણી એક દિવસમાં જ ખૂબ ચાલાક થઈ ગઈ હતી. એણે કમાલની ચતુરાઈથી જવાબ દીધો :

"મૈંને હી કુઆં ચલાયા, મૈંને હી નિસાર તોડી
ઘડેમેં સે પાની મૈંને હી લિયા, મૈંને હી થૂંક ડાલે
મૈંના ને મેઢિયાં ખોલી હૈં, તોતેને હાર તોડા હૈ
મૈં બાવલી હોકર ભાગી થી, જિસસે મહલકા ફર્શ ધંસ ગયા ।
શૂલ કી સતાઈ મૈં હી સેજ પર લેટી થી,
જિસસે નિવાર ઢીલી પડ ગઈ ।"

રાજા ત્યારે તો ચૂપ થઈ ગયો પણ આજે એના મનમાં સંદેહનો અંકુર ફૂટી નીકળ્યો. આજે એને પોતાની જ રાણી પોતાનાં વસ્ત્રોમાંથી બહાર નીકળતી દેખાઈ. એના યૌવનમાં કોઈક અલૌકિક આગ ભડકી ઊઠી હતી, બીજે દિવસે સવારે વહેલો જ એ શિકારે નીકળી પડ્યો. પણ હવે એની એકાગ્રતા ખંડિત થઈ ગઈ હતી. નિશાન સીધું નહોતું જતું. એને થયું જાણે કોઈએ એના જોડામાં પથ્થર સંતાડી દીધો છે. કોઈ અદીઠ વેરી અંદર ઘૂસી ગયો છે. એ બપોરે જ ઘર તરફ પાછો આવી ગયો. ત્રીજા પહોરે મહેલ નજીક પહોંચ્યો તો જોયું કે એક પુરુષ દોરડેથી નીચે ઊતરી રહ્યો છે. અને કોકિલા ઉપર ઊભીં ઊભી એને વિદાય આપી રહી છે. રાજાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો પણ એણે જીવ કઠણ કરી એને પડકાર્યો. હવે હોડી અને રસાલૂ એકબીજાની સામસામા આવી ગયા હતા. રસાલૂએ કહ્યું, 'આજે તારો વારો પહેલો છે. વાર કર.' હોડીએ તીર છોડ્યું પણ હજી હમણાં જ સહશયન

ભોગવી આવેલ હોડીના તીરમાં કોઈ તાકાત નહોતી. રસાલૂએ એને ફટકારી દૂર ફેંકી દીધો. રસાલૂ બોલ્યો, 'થોડો શ્વાસ ખાઈ લે. હજી એક વધુ દાવ લે.' હોડીએ બીજી વાર તીર ચલાવ્યું. રસાલૂએ એને પણ ઢાલ પર ઝીલી લીધું. રસાલૂની એકાગ્રતા બરાબર હતી. એણે જોરદાર એક જ ઘા કર્યો અને હોડી ભાંગીને નીચે પડ્યો.

કોકિલા ઉપર ઊભી જોઈ રહી હતી. એ સમજી ગઈ કે હવે મારી ખેર નથી. એણે રંગમહેલની અટારીએથી છલાંગ લગાવી દીધી. રસાલૂએ પોતાના હાથે હોડી અને કોકિલાની લાશ પોતાના ઘોડા પર બાંધી દીધી અને ઘોડાને જંગલ તરફ ભગાડી દીધો. વિદાય સમયે કેવળ એટલું જ કહ્યું, 'યાર ફૌલાદી, તારો અને મારો આટલો જ સાથ હતો. આજથી મારે મારું જીવન બદલવું પડશે.'

હવે એને પોતાનાં માબાપ યાદ આવ્યાં. સાથે એ પણ, જે ફેરા ફરતાં તજીને આવ્યો હતો. એને થયું જાણે સિયાલકોટ એને સાદ દે છે. એણે સૂના મહેલના મુખ્ય દરવાજા પાસે પડેલો પહાડ જેવો મોટો પથ્થર સરકાવી દૂર ફગાવી દીધો. દરવાજો ખોલી નાખ્યો પણ પોતે એ જ પગલે પાછો વળી ગયો પોતાના શહેર તરફ.

દુલ્લા ભટ્ટી

બલવંત ગાર્ગી

અકબર બાદશાહનો જમાનો હતો. લાહોર શહેર નજીક સાંદલબાર તાલુકાના મુસલમાન ભટ્ટી રાજપૂતોએ બાદશાહને મહેસૂલ આપવાનો ઇનકાર કરી દીધો હતો. અંતે તંગ થઈ મોગલ ફોજ ચડી આવી અને સરદાર ફરીદ અને એના પિતાને પકડીને લઈ ગઈ. મોં બાંધીને એમને બાદશાહની સામે રજૂ કરવામાં આવ્યા.

બાદશાહે સવાલો પૂછ્યા તો ફરીદે અકડાઈને જવાબ દીધા અને મોગલોને ગાળો આપી. બાદશાહનો ક્રોધ ભડકી ઊઠ્યો. એણે હુકમ આપ્યો : 'જલ્લાદો ! આ બંડખોરોનાં માથાં ઉતારી શહેરના મોટા દરવાજે ટાંગી દો. એમની ચામડી ઉતરતી એમનાં શરીરમાં ભૂસું ભરી દો.'

બાપ-બેટા બંને મરાયા એ સમયે ફરીદની બીબીને – એનું નામ લદ્ધી હતું – પાંચ મહિનાનો ગર્ભ હતો. ચાર માસ પછીના રવિવારે એને પુત્ર જન્મ્યો. એનું નામ દુલ્લા રાખવામાં આવ્યું.

દુલ્લાનો ચહેરો ચમકદાર હતો. કપાળ વિશાળ અને આંખો ચમકદાર હતી. દાયણ એનું રૂપ જોઈ સ્તબ્ધ થઈ ગઈ. એનું કપાળ જોઈ બોલી, 'આ શૂરવીર બેટો પોતાના બાપનો બદલો લેશે.'

માએ ખુશ થઈ પોતાના દીકરાના માથા પરથી સોનામહોરો ઓવારી, પણ સાથે જ એનું દિલ કંપી ઊઠ્યું.

એ જ દિવસે અકબર બાદશાહને ઘરે પણ શાહજાદાનો જન્મ થયો. એનું નામ એમણે શેખૂ રાખ્યું જે પાછળથી જહાંગીરના નામે પ્રસિદ્ધ થયો. બાદશાહની ઇચ્છા હતી કે એમનો પુત્ર મોટો થઈ ન્યાયપ્રેમી અને શૂરવીર બને. જ્યોતિષીઓએ નક્ષત્રોની ગણતરી કરી જણાવ્યું, 'હજૂર ! પહેલાં દાનપુણ્ય કરો, અને લોકો પર કૃપા પરસાવો. પછી તમારા રાજમાં એક એવી રાજપૂત માની શોધ કરો જેને ત્યાં એ જ દિવસે પુત્ર જન્મ્યો હોય. જો શાહજાદો એ માનું દૂધ પીને મોટો થશે તો બહાદુર અને વિજેતા બનશે.'

બાદશાહે તપાસ કરી. એક સાંઈબાબાએ દરબારમાં આવી જણાવ્યું,

"શહેનશાહ ! જે ફરીદ ભટ્ટીને તેં માર્યો હતો એની બીબી લદ્ધી યુવાન અને તાકાતવાન છે. પુરુષ સમાન હિંમતવાન. એને ઘરે જે દિવસે શાહજાદાનો જન્મ થયો, તે જ રવિવારે પુત્ર જન્મ્યો છે.'

આ સાંભળી બાદશાહ ખૂબ ખુશ થયો. એણે એ બહાદુર માને પોતાને ત્યાં લાવવાને બદલે શેખૂને શાહી રુઆબથી ત્યાં મોકલી દીધો. લદ્ધીને શાહજાદાને ઉછેરવાનું કામ સોંપવામાં આવ્યું અને એને માટે એક સુંદર મહેલ બનાવવામાં આવ્યો. શેખૂ અને દુલ્લા – બંને છોકરા લદ્ધીનું દૂધ પી ભાઈઓની માફક મોટા થયા. બંને એકસાથે કુસ્તી લડતા, તીર-કામઠાં ચલાવતા અને ઘોડેસવારી કરતા. પરંતુ આ રમતોમાં દુલ્લા હમેશાં શેખૂથી ચડિયાતો થતો.

બંને બાર વર્ષના થયા કે અકબરે શેખૂ અને દુલ્લાને દરબારમાં બોલાવ્યા. હુકમ અપાયો કે મોટા મેદાનમાં તંબૂ નાખવામાં આવે અને એ બંને વચ્ચે તીરંદાજીની સ્પર્ધા કરવામાં આવે. આખું શહેર આ સ્પર્ધા જોવા ઊમટી પડ્યું. ઉસ્તાદોએ બંનેને બે જુદા જુદા રંગનાં તીર આપ્યાં, જેથી કોઈ ગેરસમજ ન થાય. શેખૂનાં તીર આમતેમ ચાલ્યાં જતાં હતાં. પણ દુલ્લાનાં તીર નિશાન પર ચોંટી જતાં હતાં. પછી ઘોડેસવારી અને તલવારબાજીની સ્પર્ધા થઈ. દુલ્લા દરેક વખતે જીતી ગયો.

બાદશાહના કપાળે ઉદાસીનતાની છાયા પથરાઈ ગઈ અને મન પાછું પડી ગયું. એમણે લદ્ધીને બોલાવીને પૂછ્યું : 'સાચું કહે, શું વાત છે ? મારો દીકરો કેમ હારે છે ? તેં એને દૂધ પાયું હતું કે નહીં ? સાચું બોલજે, નહીં તો આજે તારી જાનની ખેર નથી.'

લદ્ધીએ હાથ જોડી જણાવ્યું, 'મેં એને દીકરાની જેમ પાળ્યો છે. પોતાનું દૂધ પાયું છે. મારો વાંક માત્ર એટલો છે કે જમણા સ્તને દુલ્લાને ધવડાવતી હતી અને ડાબા સ્તને શાહજાદાને.'

બાદશાહે થોડી વાર વિચારીને કહ્યું, 'તારો વાંક માફ કરું છું, કારણ કે તે શાહજાદાને ઉછેર્યો છે. અને એટલે હું તને સોનામહોરો ઇનામમાં આપું છું. જા, જઈને દુલ્લાને સંભાળ. એને સરસ રીતે ભણાવ. મોટો થશે ત્યારે હું એને દરબારમાં બોલાવી જાગીર આપીશ.'

લદ્ધી ગામમાં આવી અને દુલ્લાને કાજી પાસે લઈ ગઈ. એને મિષ્ટાન્ન ભેટ ધરીને કહ્યું કે તેઓ દુલ્લાને ઇસ્લામની તાલીમ આપે અને પ્રામાણિકતાના માર્ગે ચાલવાની દિશા બતાવે.

કાજીના અંધવિશ્વાસુ ભણતરથી કંટાળી દુલ્લાએ એમને માર્યા અને પછી સુથાર પાસે ગયો અને એક ગિલોલ બનાવવાનું કહ્યું. દુલ્લાનાં અંગોમાં સ્ફૂર્તિ અને

ઊભરાતી લાપરવાહી હતી. એણે ગામના છોકરાઓને ભેગા કર્યા અને પોતે એમનો સરદાર બની બેઠો. સ્ત્રીઓ જ્યારે કૂવે પાણી ભરવા જતી, ત્યારે એ બધા મળી એમના ઘડા ફોડતા. ગામમાં દુલ્લા અને એના સાથીઓ છેડછાડ કરતા, એથી ગામની સ્ત્રીઓ તંગ થઈ ગઈ હતી.

એક દિવસ નંદી મિરાસને ટોણો માર્યો, 'અરે સ્ત્રીઓના ઘડા ફોડતો શું ફરે છે ? જો આવો શૂરવીર જ છે, તો બાપદાદાનો બદલો કેમ નથી લેતો ? જા, જઈને અકબર બાદશાહને લલકાર, એણે તારા બાપનું માથું કાપી મોટા દરવાજે ટાંગી દીધું હતું.'

આ સાંભળતાં જ દુલ્લાનું દિલ ઊકળી ઊઠ્યું. સ્ત્રીઓની દુનિયા છોડી એનો હાથ કટાર પર ગયો અને રાઠોડી લોહી એની નસોમાં ધબકવા માંડ્યું. એ સીધો પોતાની મા પાસે ગયો અને કટાર તાણી બોલ્યો, 'સાચું કહે, મારો બાપ કઈ રીતે મર્યો હતો ? મને કોઈએ ટોણો માર્યો છે.'

મા ડરી ગઈ. એણે પુત્રની પ્રજળતી આંખમાં બદલાની જ્વાળા દેખી. દુલ્લાએ ફરી કહ્યું, 'જો સાચું નહીં કહે તો હું તારું માથું વાઢી નાખીશ. કહે, મારો બાપ કઈ રીતે મર્યો હતો ?'

વિધવા માએ રડી રડીને બધી વાત કરી, પોતાના દીકરાને છાતી-સરસો ચાંપી લીધો અને એનું કપાળ ચૂમી બોલી, 'મેં તને ખૂબ મુશ્કેલી વેઠી ઉછેર્યો છે. બાદશાહ સામે ટક્કર ન લઈશ.'

દુલ્લાનાં નસકોરાં ફૂલી ગયાં અને એ ગુસ્સાથી બોલ્યો, 'હું કાયર નથી. મારા બાપનો બદલો લઈશ. મને મારા બાપની કોઈ નિશાની આપ.'

માએ ઘરની પાછળની ઓરડીનું તાળું ખોલ્યું. આ ઓરડી એણે દુલ્લાથી છુપાવી રાખી હતી. દુલ્લાએ અંદર જઈ, ખૂણામાં રાખેલ ભાલો ઉઠાવી લીધો. આ એના બાપનો ભાલો હતો – આગ જેવો સળગતો. મા સમજી ગઈ કે દુલ્લા જરૂર બદલો લેશે. એને ડર પણ લાગતો હતો અને અભિમાનથી એનું મસ્તક ઊંચું પણ હતું. ઓરડીમાં તલવાર, ખંજર અને ભાલા રાખેલાં હતાં. એક તરફ મોટું નગારું હતું. માએ ગાયનું કાચું દૂધ મગાવી નગારા પર છંટકાર્યું. દુલ્લાએ નગારા પર થાપ મારી તો આખું ઘર ગુંજી ઊઠ્યું. આ અવાજ ગલી અને ગામનાં આંગણાંઓમાં ગુંજી ઊઠ્યો અને બાર કોશ સુધી સંભળાયો.

નગારાનો અવાજ દુલ્લાની વીફરેલી મર્દાનગીનો અવાજ હતો. એક લોહિયાળ પડકાર – જે અકબરના મહેલની દીવાલ સુધી પહોંચ્યો. બાદશાહને ખબર પહોંચી ગઈ કે સાંદલબારમાં સોળ વર્ષ પછી આ નગારું બોલ્યું છે. મોગલ સલ્તનતમાં આવો ગુસ્તાખીભર્યો અવાજ ઉઠાવવાની હિંમત કોની હતી ?

દુલ્લાએ પાંચસો તલવાર અને ભાલાં પોતાના સાથીઓને વહેંચી દીધાં અને પહેલો હુમલો પોતાના મોસાળ પર કર્યો. જ્યારે એના બાપનું માથું કાપવામાં આવ્યું ત્યારે એના મામાઓ એની મદદે નહોતા આવ્યા. એ વાતનો એને ગુસ્સો હતો. એ એવાં સોગંદ લઈને નીકળ્યો કે લૂંટનો કોઈ માલ એ પોતાન પાસે નહીં રાખે. એ મોસાળનાં પશુઓ લૂંટી લાવ્યો અને પોતાના ગામના હજામ, ચારણ અને બ્રાહ્મણોમાં વહેંચી દીધાં.

પછી દુલ્લો સિંહ થઈ ગયો. ઇલાકામાંથી જે લૂંટારો પસાર થતો, દુલ્લો એનો સામનો કરી એનો માલ અને હથિયાર પડાવી લેતો. એની બહાદુરી અને દરિયાદિલીની પ્રશંસા દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. આખા પ્રદેશની છોકરીઓ એના પર મોહિત થઈ ગઈ.

દુલ્લાના મનમાં એક વિચિત્ર બેચેની અને ગુસ્સાની આગ ભડકે બળતી હતી. એની લૂંટફાટનો ઉદ્દેશ ચોરી કરવાનો નહોતો. પણ પોતાનો પ્રભાવ જમાવવાનું એક બહાનું હતું. બંડખોરીની ધજા ફરકાવવાનું કારણ એ હતું કે મોગલ દરબાર લાચાર થઈ એની સાથે ટક્કર લે.

એને ભેટ ધર્યા વિના એના માર્ગમાંથી કોઈ પસાર થઈ શકતું નહીં. એણે અલી સોદાગરના પાંચસો ઘોડા લૂંટી લીધા. મૈદા શાહુકારના ધનથી લદાયેલાં ખચ્ચર છીનવી લીધાં. અકબરના દરબારમાં રોજ દુલ્લાની નવી નવી ફરિયાદો પહોંચવા માંડી. તંગ આવીને અકબરે એક ખાસ જાસૂસને બધી બાબતની તપાસ કરવા મોકલ્યો.

જાસૂસ જ્યોતિષીનો વેશ લઈ દુલ્લાના ગામમાં પહોંચ્યો. દુલ્લાએ ભટ્ટને માનપાન આપ્યાં. પણ જ્યારે એને ખબર પડી કે આ તો કોઈ જાસૂસ છે, ત્યારે એનાં દાડીમૂછ મૂંડાવી એને પાછો મોકલી દીધો. જાસૂસે આખો અહેવાલ બાદશાહને કહી સંભળાવ્યો. બાદશાહને ગુસ્સો આવ્યો. દુલ્લાની આ હિંમત ! એણે હુકમ કર્યો કે જે કોઈ દુલ્લાને જીવતો કે મરેલો હાજર કરશે, એને મોતીઓ, દરદાગીનાથી નવાજવામાં આવશે.

મિરજા નિઝામુદ્દીન ફોજ લઈને દુલ્લાના ગામ તરફ રવાના થયા અને એના સિપાઈઓએ સાંદલબારના સીમાડે પહોંચી તંબૂ તાણ્યા. ગામની ગુજરી સુંદરી પણ બીજી યુવાન કન્યાઓની માફક દુલ્લા પાછળ ઘેલી હતી. એ ખૂબ હોશિયાર, ચાલાક અને સુંદર હતી. દૂધ વેચવાના બહાને એ લશ્કરની છાવણીમાં ગઈ અને એવું જાણી આવી કે મિરજા નિઝામુદ્દીન દુલ્લાની મરમ્મત કરવા આવ્યો છે.

દુલ્લાને આ માહિતી મળી કે એણે પોતાના સાથીઓને એકઠા કરી લીધા અને લડાઈ શરૂ કરી દીધી. એની માએ ખૂબ વિનવણી કરી કે મોગલ ફોજ સામે બાથ

ન ભીડવી, પણ સ્વાભિમાની દુલ્લા એક વાર અકબરને બતાવી આપવા માગતો હતો કે સાંદલબારના ભટ્ટી રાજપૂત કોઈની સામે માથું નમાવવા તૈયાર નથી.

લડાઈ કેટલાય દિવસ ચાલી અને નિઝામુદ્દીનની ફોજે પીછેહઠ કરી.

આ સાંભળી, અકબરે શેખૂને મોટી ફોજ સાથે મોકલ્યો કે એ જઈને દુલ્લાનું માથું કાપી આવે.

શેખૂની ફોજ ચડી આવી અને સાંદલબારમાં મોગલોનાં નગારાં વાગ્યાં. લદ્ધીનું દિલ ધ્રુજી ગયું. એણે શેખૂને ઉછેર્યો હતો. એક તરફ એના પેટે જન્મેલો દુલ્લો હતો, તો બીજી તરફ એનું દૂધ પી ઊછરેલો શેખૂ. બંનેમાં એનું સ્વાભિમાની રાજપૂત દૂધ હતું. જે એકને બીજા સામે નમવા નહોતું દેતું.

લદ્ધીએ કાળાં કપડાં પહેરી લીધાં અને શેખૂ પાસે જઈ ઝોળી ફેલાવી. એને જોઈ શેખૂનું દિલ પીગળી ગયું. એણે માને વચન આપ્યું કે જો દુલ્લો હજી પણ બંડ છોડી દે તો એ બાદશાહ પાસે એના જાનની માફી મેળવી લેશે.

માએ દુલ્લા પાસે શાંતિની ભીખ માગી પણ હવે દુલ્લા અને શેખૂ વચ્ચે લોહીની નહેર હતી – પોતાના બાપદાદાના લોહીની. એણે માની વાત ન માની અને શેખૂને લલકાર્યો, 'જો તું અકબરનો બેટો હોય અને હું ફરીદનો બેટો હોઉં, તો મેદાનમાં આવી જા. મારી સાથે એકલે હાથે લડ.'

લડાઈ શરૂ થઈ. દુલ્લાની તલવારમાં વીજળી હતી. શેખૂમાં પણ મોગલ લોહીનું જોશ હતું. એકદમ આખી જિંદગીનો રોષ ઊભરાઈ આવ્યો. પહેલાં સેંકડો વાર એ રમત રમતમાં દુલ્લા સાથે લડ્યો હતો. દુલ્લા એનાથી આગળ રહેતો હતો. હવે શેખૂ એ હકીકત તોડવા આગળ વધી વધીને વાર કરતો હતો. તલવાર ચમકતી રહી. લોહી ઝબકતું રહ્યું. પણ શેખૂને હારતો જોઈ મિરજા નિઝામુદ્દીન અને એના સિપાઈ દુલ્લા પર તૂટી પડ્યા. છેલ્લો વાર શેખૂએ કર્યો. એનું ખંજર દુલ્લાની છાતી સોંસરવું નીકળી ગયું અને લોહીની ધાર ફૂટી નીકળી.

સાંદલબારનો બંડખોર અને સ્વાભિમાની દુલ્લા હમેશ માટે મોતને ખોળે પોઢી ગયો.

લડાઈમાં દુલ્લાની ચોક્કસ હાર થઈ હતી, પણ લોકોનાં દિલમાં એ હમેશ માટે સ્થાન પામી ગયો. એના સ્વાભિમાનનાં ગીતો ગવાયાં અને એની બહાદુરીની વાતો પ્રચલિત થઈ ગઈ. એના ગામનું નામ પણ તે દિવસથી દુલ્લેવાલ પડ્યું.

જીઉણા મૌડ

દલીપકૌર ટિવાણા

'ઘર-ઘર પુત્ત જમ્મદે જુઊણા મૌડ ના કિસે બન જાણા' – અર્થાત્ દીકરાઓ તો ઘેર ઘેર જન્મે છે, પણ જીઉણા મૌડ કોઈ નહીં બની શકે.

આ બહુ જૂની વાત નથી, ન તો નરી કાલ્પનિક કથા છે. વીસમી સદીની શરૂઆતનો દિવસ હતો. ગરમીની ઋતુ હતી. બપોર એની ટોચે હતી.

સંગરૂર જિલ્લાના મૌડ ગામમાં એક નવાગંતુક જમીનદાર ખડ્ગસિંહનું ઘર પૂછતો પૂછતો આવ્યો.

આ ઘર તો ખડ્ગસિંહનું જ હતું, પણ આ સમયે એ ઘરે નહોતો. ઘરે એમનો પુત્ર જીઉણસિંહ હતો.

નવાગંતુક 'સત્ સિરી અકાલ' કહી ખાટલા પર બેસી ગયો.

'હું કાળા પાણીએથી આવ્યો છું...' નવાગંતુકે કહ્યું.

જીઉણા દૂધ લઈ આવ્યો...મુઠ્ઠીભર સાકર નાખીને.

'કિશનાએ સંદેશો પાઠવ્યો છે કે ભાઈ, જો તું મારી માનો જાયો હો તો ડોગરને જીવતો ન મૂકતો. એણે મને દગાથી પોલીસને હાથે પકડાવી દીધો છે અને કાળા પાણીએ મોકલી દીધો છે. એના પર બદલો વાળજે.'

જીઉણાએ સંદેશો સાંભળ્યો અને તણખલાથી જમીન ખોતરવા લાગ્યો.

'તારો ભાઈ તો બધી બાજુએથી વંચિત રહ્યો, અને આ સાલો મોજ ઉડાવે ! અને વળી ભાઈનો બદલો ન લેવાયો એવું કલંક આખી જિંદગી માટે શા માટે માથે લઈ લેવું ! જો સ્વાભિમાન ન હોય તો માનવી સાવ ઢોર જેવો છે. દુનિયામાંથી શું લઈ જવાનું છે ? જોજે, ઘરમાં સ્ત્રીઓને આ વાતનો અણસાર સરખો ન આવે. સ્ત્રીઓ રડી-કકળીને પુરુષોને કમજોર બનાવી દે છે. કિશના ખૂબ ઉદાસ બેઠો હતો. મેં કહ્યું, તારો સંદેશો પહોંચાડીને જ મારે ઘરે જઈશ. અને વળી એ મારો સગો કાકો હતો. મારા બાપુને ચોરામાં એણે ગાળ દીધી હતી. ચાર પહોરની અંદર જ એનું માથું ચોરે ટાંગી દીધું. વીસ વર્ષ કાળા પાણીની સજા ભોગવી આવ્યો. આપણું શું ઘસાઈ ગયું, હવે કોઈ સાલો, એમ તો નહીં કહી શકે કે બાપને ગાળ ખવડાવી, તમે લોકો ઘરમાં ઘૂસી ગયા હતા...' નવાગંતુક બોલતો ગયો.

એ જ રાત્રે જીઉણા ઘર છોડી ચાલ્યો ગયો. જઈને ડાકુઓ સાથે ભળી ગયો.

એની મા પોશ પોશ આંસુએ રડતી રહી. બાપ માથું ઝાલીને બેસી ગયો. હજી તો એને કિશનાનું દુઃખ પણ વિસારે પડ્યું નહોતું. સિંહ જેવા યુવાન પુત્રને એ કાળા પાણી માટે ગાડીમાં બેસાડી આવ્યો હતો. કોને ખબર જીવતે જીવ ફરી એનું મોં જોવા મળશે કે નહીં. એ તો વિચારતો હતો, ચાલો, હવે આરામથી જીવીશ.

કિશનાને કારણે પોલીસ એને રોજ હેરાન કરતી. કોણ જાણે કેટલીયે વાર પોલીસવાળાએ એને અને જીઉણાને થાણે લઈ જઈ ફટકાર્યા હતા અને કિશનાના ઠેકાણા વિશે પૂછ્યું હતું. પણ એ શું કહે ? કિશનાના ઠેકાણાની ભલા, એને કંઈ ખબર હતી ?

જ્યારથી કૂવા પાસેની ઓરડીમાં કિશના પાસે ગમે તેવા લોકો આવવા માંડ્યા હતા ત્યારથી જ એ પોતે તો કિશના સાથે ઝઘડતો રહેતો હતો. ત્યારે એ ત્યાં જ ઘડા દાટી દારૂ ગાળવા માંડ્યો હતો. ખાનદાન કુટુંબનાં પુત્રપુત્રીનાં લક્ષણ છોડી કિશના, નાચવાવાળા જેવા શોખીન બની આવારા ભટક્યા કરે, એ વાત એને બિલકુલ પસંદ નહોતી. કદાચ બાપના આ કલેશને કારણે જ એ ઘરબાર છોડી ડોગર અને ખડિયાલના જયમલ સાથે મળી મારફાડ કરવા માંડ્યો હતો.

જે દિવસે કિશના અને એના સાથીઓએ ગામના વાણિયાની જ જાન લૂંટી હતી એ દિવસે કિશનાનો બાપ ખૂબ દુઃખી અને શરમિંદો થઈ ગયો હતો. ગામના લોકોએ એને ચોરે બોલાવીને કહ્યું હતું કે તારા દીકરાનાં આ કામ સારાં નથી. બાસદેવ સરદાર આ વાતની માહિતી થાણે આપી આવે, એવી ગામલોકોની વાતમાં એણે પોતે સંમતિ આપી હતી. આ જ વાતને આધારે થાણેદારે મૌડા ગામમાં ચોકી બેસાડી દીધી હતી.

જ્યારે કિશનાને ખબર પડી તો એ પોતાના સાથીદારોને લઈ ગામ પહોંચ્યો. એણે ચોરા પર ઊભા રહી બાસદેવને ગાળો આપી, ગોળીબાર કર્યા. ચોકીના સિપાઈઓ ડરીને ભાગી ગયા અને કિશના અને એના સાથીઓએ બાસદેવની હત્યા કરી નાખી.

સરકાર કડક થઈ ગઈ. પોલીસ એના બાપ અને ભાઈ જીઉણાને પકડીને લઈ ગઈ. એમને ખૂબ માર્યા. કિશનાના નામે ઇનામ જાહેર કરવામાં આવ્યું. એમના ઘરે તાળું મારી દેવામાં આવ્યું.

કિશનાએ જયમલને કહ્યું, 'તું મારો ભાઈ છે. મને મદદ કર. પોલીસનું પેટ ભર અને મારો પીછો છોડાવ.' પણ જયમલે કહ્યું, 'મારી પાસે કશું નથી.' કિશનાએ કહ્યું, 'આપણે આટલી ધાડ પાડી છે, કેટલીય જાનો લૂંટી છે, સ્ત્રીઓના કેટલા દાગીના ઉતરાવ્યા છે, સુનામના જૈનોનાં ઘરેથી કેટલોય માલ લાવેલા.

ધડામના શાહુકારને ત્યાંથી કેટલું રોકડ મળેલું. આ બધામાંથી મેં તો હજી મારો ભાગ પણ નથી લીધો.'

જયમલે કહ્યું, 'મારી પાસે જે કંઈ હતું એ બધું ખતમ થઈ ગયું છે.' કિશના ત્યાંથી ચૂપચાપ ચાલ્યો ગયો પણ એણે આ વાત મનમાં ભંડારી રાખી.

જયમલની પત્નીએ પણ એને સમજાવ્યો, કે કોઈની અનામત ગપચાવવી ખૂબ ખરાબ છે. લોકો તો મિત્ર ખાતર જાન પણ ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય છે અને તું લાલચમાં ફસાઈ ગયો છે. મિત્રનો વિશ્વાસઘાત કરનારને તો બંને લોકમાં સ્તાન નથી મળતું. હું તને હાથ જોડું છું. જો કિશનાના દિલમાં કુવિચાર આવી ગયો, તો તારી ખેર નથી.'

પણ જયમલે કંઈ કાને ન ધર્યું. એ બોલ્યો, 'બકવાસ ન કર, આવા મલંગ તો કેટલાય જોઈ નાખ્યા.'

થોડા દિવસ પછી કિશનાએ જયમલને આવીને કહ્યું કે, 'એક જાન લૂંટવી છે, મારી સાથે ચાલ.' જયમલ લલચાઈ ગયો. ગામ બહાર આવીને કિશનાએ એને કહ્યું, 'તેં મારો વિશ્વાસઘાત કર્યો છે, પણ હું તને દગાથી નહીં મારું. સામે આવીને લડી લે. હું તને મારી નાખીશ.' જયમલે ગોળીબાર કર્યા, કિશનાએ ચુકાવી દીધા. પછી કિશનાએ એવું નિશાન તાક્યું કે ગોળી જયમલની છાતી ચીરીને નીકળી ગઈ.

જયમલને મારી, કિશનાએ એના ઘરે જઈ, એની પત્નીને કહી દીધું કે મેં જયમલને મારી નાખ્યો છે.

જ્યારે ડોગરને આ વાતની ખબર પડી તો એણે કહ્યું કે, 'આ ખૂબ ખરાબ થયું. જેને એક વાર દોસ્ત કહ્યો એની પીઠ પાછળ દગો કરવો પાપ છે.' હવે કિશનાનો કોઈ ભરોસો નહીં.

ચતરા સાથે સંદેશો પાઠવી ડોગરે કિશનાને ફોસલાવી લીધો. એને કહ્યું, 'તારા બચાવનો કોઈ ઉપાય શોધીએ.' એની ખૂબ મહેમાનગતિ કરી. બકરો રાંધ્યો, શરાબ પાયો. મન ભરીને શરાબ પીધા પછી જ્યારે કિશના ઊંઘી ગયો ત્યારે ડોગર બહારથી તાળું મારી બલાડાના થાણે પહોંચી ગયો. ઘણા પોલીસો આવી પહોંચ્યા. ઘરને ઘેરો ઘાલ્યો અને આ રીતે કિશના પકડાઈ ગયો.

વિલાયતમાં રાણીને તાર કર્યો કે કિશના ડાકુ પકડાઈ ગયો છે. હુકમ આવ્યો કે એને જનમટીપની સજા કરી કાળા પાણીએ મોકલી આપો.

એ જ કિશના ભાઈનો આજે જીઉણા મૌડને સંદેશો મળ્યો હતો. શંકા તો જીઉણાના મનમાં પહેલેથી જ હતી, પણ હવે નિશ્ચિત થઈ ગયું કે ડોગરે મિત્રદ્રોહ કર્યો હતો અને પોતે જ કિશનાને પકડાવ્યો હતો.

એ રાત્રે વૃદ્ધ બાપને ઊંઘતા મૂકી, ખભે દાતરડું નાખી, ગામને પ્રણામ કરીએ ત્યાંથી નીકળી પડ્યો.

સવાર જંગલમાં પડી. સામે એક ગોરો શિકાર ખેલી રહ્યો હતો. એક તરફ બંદૂક મૂકી એ પાણી પીવા લાગ્યો કે જીઉણાએ ઝપટ મારી બંદૂક ઉઠાવી લીધી અને ગોરાનો શિકાર કરવા નિસાન તાક્યું. ગોરાએ હાથ જોડ્યા, કરગર્યો, એ ધ્રુજી રહ્યો હતો. જીઉણાને દયા આવી ગઈ. એણે કહ્યું, 'જા ભાગ, વાંદરા !' ગોરો ઘોડા પર સવાર થઈને ભાગ્યો.

આગળ પહોંચ્યો તો ડાકુઓએ જીઉણાનું દિલભર સ્વાગત કર્યું. માથે ચડાવ્યો. એક તો એ કિશનાનો ભાઈ હતો, બીજું એની પાસે આવી ઊંચા પ્રકારની બંદૂક હતી અને ત્રીજું, એ તગડો યુવાન હતો.

જીઉણાએ એક જ શરત રાખી. મારા ગામ તરફ કોઈ મેલી આંખ ન ઉઠાવે. મારા ગામની મા-બહેન સૌની મા-બહેન થશે. બાકી ચારે જિલ્લામાં ડાકુઓનો સાથ લઈ એણે ધરતીકંપ જગાવી દીધો. ઠેર ઠેર ધાડ પાડી અમીરોને લૂંટ્યા, જાનો રોકી, સોનીઓને બરબાદ કર્યા. સ્થળે સ્થળેથી પોલીસોને જીઉણા મૌડની લૂંટફાટના અહેવાલો પહોંચતા હતા. પોલીસ એનો પીછો કરતી હતી. પણ જીઉણા મૌડ હાથ નહોતો આવતો. અંતે એના માથે ઇનામ જાહેર કરવામાં આવ્યું. બધા લોકો એના નામથી કંપતા હતા, પણ એના પોતાના ગામના લોકોએ એને કહી રાખ્યું હતું, તું અમારો દીકરો છે, ખુશીથી ગામમાં આવ-જા કર. જ્યારે પોલીસ આવે ત્યારે આમતેમ છુપાઈ જજે.

લૂંટનો માલ એ કડિયાલના વાણિયા કાશીરામને આપતો. થોડા દિવસો પછી કાશીરામના મનમાં બેઈમાની આવી ગઈ. એ પોલીસને કહી આવ્યો, ફલાણા દિવસે જીઉણા મૌડ મારે ઘરે આવશે. પોલીસ આવી પહોંચી. જીઉણા પણ આવી રહ્યો હતો કે એક વૃદ્ધા દોડતી ગઈ ને જીઉણાને ગામની બહાર મળી કહેવા લાગી, 'ઓ જીણ જોગીઆ ! તું કોનો વિશ્વાસ કરી બેઠો ? વાણિયાની જાત તો પાઈ પર પ્રાણ દઈ દે ! આગળ તો પોલીસ બેઠી છે.'

એ વખતે તો જીઉણા પાછો વળી ગયો પણ પોલીસ ચાલી ગઈ પછી એણે કાશીરામને ખૂબ માર્યો. કાશીરામ ખૂબ રડ્યો, કકળ્યો, પગે હાથ મૂક્યો ત્યારે બિચારાનો જાન છૂટ્યો.

એક દિવસ જીઉણા લોંગોવાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. ગામ નજીક ત્રીજનો મેળો જામ્યો હતો. ત્યાં જ જઈ પહોંચ્યો. જમીન પર ચાદર પાથરી દીધી અને વહુદીકરીઓને હુકમ આપ્યો, 'સૌ દાગીના ઉતારી ઉતારીને મૂકતા જાઓ.' જોરાવર પાસે કોનું ચાલે ? દિલ પર પથ્થર મૂકી, સૌ ઘરેણાં કાઢી કાઢીને મૂકતાં

જતાં હતાં. જોરાવર પાસે કોનું ચાલે છે ? એક સ્ત્રી બોલી, 'અરે વીરા ! મારાં સાસરિયાંતો બહુ ઝઘડાળુ છે. કહેશે, જા જઈને તારા બાપ પાસેથી દાગીના ઘડાવી લાવ ! મારા બાપે તો લગ્ન વખતે પણ જમીન ગીરવે મૂકી માંડ કામ ચલાવ્યું હતું. અરે ભાઈ, હું તો તારી બહેન જેવી છું.'

જીઉણાના મનમાં કોણ જાણે શું થયું, એણે બધી વહુઓ, છોકરીઓને કહ્યું, 'લઈ જાઓ, બધાં પોતપોતાનાં ઘરેણાં !' ચાદર ઝાટકી ત્યાંથી ચાલી નીકળ્યો.

આગલા ગામમાંથી પસાર થતાં એને ખ્યાલ આવ્યો કે એને તો ખૂબ ભૂખ લાગી હતી. આસપાસ નજર દોડાવી. એક છોકરી રોટલા લઈ ખેતર તરફ જતી હતી. પાસે જઈને બોલ્યો, 'બહેન, રોટલા ખવડાવીશ ?

'હો...વે ભાઈ !' કહીને છોકરીએ માથેથી છાશનો લોટો ઉતાર્યો. કપડામાં વીંટાળેલા રોટલા ખોલ્યા, ડુંગળી છોલી અને પાંદડામાં અથાણું મૂક્યું. ઝાડની છાયામાં બેસી જીઉણા મૌડને રોટલો ખવડાવ્યો.

'જીવતી રહે બહેન !' કહી જીઉણાએ એને પચ્ચીસ રૂપિયા આપ્યા અને એને માથે હાથ ફેરવી ચાલ્યો ગયો.

થોડા દિવસ પછી એણે, દૌલેઆલ ગામમાંથી કોઈનો ખૂબ કીમતી ઘોડો ઉઠાવ્યો. પાછળ ખેંચવાને લીધે ખીલો ઊખડી જીઉણાના નાક પર લાગ્યો, ઘા પડી ગયો અને નિશાન પડી ગયું.

ઘોડા પર સવાર થઈ એ ડોગરને ગામ પહોંચ્યો. એણે ચોકીદાર સાથે સંદેશો કહેવડાવ્યો 'જો બાપનો બેટો હો, તો સામે આવી જા. મારા ભાઈને દગાથી પકડાવ્યો હતો, પણ હવે નવા જમથી બચીને ક્યાં જશે ?'

સંદેશ સાંભળીને ડોગરનું લોહી ઊકળી ઊઠ્યું. એણે બંદૂક ભરી દીધી. કારતૂસનો પટ્ટો ખભા પર રાખી દીધો અને ઘોડી પર જીન બાંધી દીધું. એ બોલ્યો, 'આજે જીઉણા મૌડનું મોત જ એને અહીં સુધી લાવ્યું છે.'

જતી વખતે ડોગરની ઘરવાળીએ એને રોક્યો અને કહ્યું, 'તું ન જા. રાત્રે મને ખૂબ ખરાબ સપનાં આવે છે – ગામમાં આગ લાગી ગઈ અને તું વચ્ચે ભરખાઈ ગયો. કોઈ એ મારી કુરતી સોંસરવી જંજીર ઉતારી દીધી.'

પણ ડોગર બોલ્યો, 'તું ફિકર ન કર, સાલો જીઉણો મારી સામે શું ચીજ છે ! કિશનાને તો કાળા પાણીએ પહોંચાડ્યો, અને આનેય જો જહન્નમમાં ન પહોંચાડું તો એય શું યાદ કરશે ?'

જ્યારે એ ઘરેથી નીકળ્યો ત્યારે કૂતરાએ કાન ઝટકાર્યા અને આગળ જતાં શબ દેખાયું. એનું મગજ ફરી ગયું, પણ એણે ધ્યાન ન આપ્યું. હજી બહુ દૂર નહોતો ગયો અને આગળ એક પંડિત મળી ગયો. ખેતરમાં ડાબી બાજુ તેતર બોલ્યું

અને દૂર એક વિધવા સ્ત્રી છીંકો ખાઈ રહી હતી. શુકન તો બધા જ ખરાબ થયા હતા.

ડોગરે કમ્મરે ખોસેલી શરાબની અડધી બોટલ કાઢી મોંમાં ઊંધી વાળી દીધી અને ખાલી બોટલ જોરથી ફેંકી દીધી. મૂછ પર તાવ દઈ એ મેદાનમાં આવી પહોંચ્યો.

જીઉણો બોલ્યો, 'ડોગરા ! વીર કદી કોઈને દગાથી નથી મારતો, પહેલાં તું વાર કર.'

ડોગરાએ ગોળીબાર કર્યા. જીઉણાની ઘોડી નીચે બેસી ગઈ અને ગોળી માથા પરથી પસાર થઈ ગઈ. ડોગરે ફરી ગોળી ચલાવી. જીઉણાએ નિશાન ચુકાવી દીધું અને બીજી જ ક્ષણે નિશાન સાધી ડોગરને ઘોડી પરથી પાડી દીધો.

ડોગરના ઘરે રોકકળ શરૂ થઈ ગઈ. પેલી તરફ કોઈ એ મૌડ ગામમાં જઈને કહી દીધું કે જીઉણાએ ડોગરને મારી કિશનાનો બદલો લઈ લીધો છે. લોકો કહેવા લાગ્યા, 'ખમ્મા, આવા ભાઈને. ભાઈ હો તો આવો.'

જીઉણાને પકડવા બલાઢાથી પોલીસ નીકળી પણ જીઉણા આટલી જલદી હાથ આવે તેમ નહોતો.

ડોગરને માર્યા પછી, એક રાત્રે જીઉણા પોતાને ઘરે પહોંચ્યો. જઈને બાપ સામે માથું નમાવ્યું.

'શા માટે મારા ધોળામાં ધૂળ નાખે છે ? આનાથી તો તું ન જન્મ્યો હોત તો જ સારું હતું. હું વાંઝિયો જ સારો હતો. ગમે ત્યારે પોલીસ ગામમાં આવી પહોંચે છે. બહેન-દીકરીઓને બહાર નીકળવાનું મુશ્કેલ થઈ ગયું છે.'

જીઉણાએ કહ્યું, "બાપુ, શા માટે ગુસ્સો કરો છો ! મેં મારું કામ પુરું કરી લીધું છે. કહો તો કાલે થાણે હાજર થઈ જાઉં."

'થાણે..... ના..... ના... એ લોકો તો તારા લોહીના તરસ્યા ફરે છે. તને ઠાર કરી દેશે. સરકારે તારા માથે પાંચસોનું ઇનામ રાખ્યું છે. આપણા ગામવાળા સારા છે. નહીં તો ક્યારનુંય કોઈક પોલીસમાં તારી ખબર આપી આવ્યું હોત. તું સવાર પડતાં પહેલાં જ અહીંથી ચાલ્યો જા. હું હમણાં તારા માટે રોટલા લાવું છું. મારા ઘરનું નામ તો તારે લઈને જ છે. હું તો આજે મર્યો કે કાલે મરીશ.'

થોડાક દિવસો પછી જીઉણા અને એના સાથીઓએ એક જાન ઘેરી લીધી. વહુનાં ઘરેણાં-દાગીના ઉતરાવી લીધાં. જાનૈયા પાસેથી બધા રૂપિયાપૈસા કઢાવી લીધા. નાકના નિશાનથી જાટ ઓળખી ગયો કે આ તો જીઉણા મૌડ છે. હાથ જોડી જાટે વિનંતી કરી. 'જમીન ગીરો મૂકી આ છોકરાનાં લગ્ન લીધાં છે. વહુને ઘરેણાં-દાગીના માગીને પહેરાવ્યાં છે. ઈશ્વરના સોગંદ, તું તો અમારો જાટ ભાઈ છે.

શાહુકારોને લૂંટને, જેમણે આ લૂંટ ચલાવી છે !'

આ સાંભળી જીઉણા મૌડે, ઘરેણાં-દાગીના બધું પાછું સોંપી દીધું. પોતાની પાસેથી એક હજાર રૂપિયા આપ્યા અને 'સત્ સિરી અકાલ' કહી, ત્યાંથી ચાલ્યો ગયો. જાટ કહેવા લાગ્યા, 'જીવતા રહે જીઉણા મૌડ-ભાઈ અમારો !'

એક દિવસ જીઉણાને ખબર નહીં શું સૂઝ્યું કે નાભાના રાજા હીરાસિંહના મહેલમાં જઈ એની ઘોડી ઉઠાવી લાવ્યો. બંદૂક ખેંચી સંત્રીને ધમકાવ્યો અને આવતાં આવતાં કહેતો આવ્યો, 'મહારાજને કહી દેજે, જીઉણા મૌડ તારી ઘોડી લઈ ગયો છે.'

જીઉણા મૌડ રાજાની ઘોડી કેવી રીતે ઉઠાવી લાગ્યો, એનું બધાને આશ્ચર્ય થતું હતું. રાજાએ એને પાછળ બેસુમાર પોલીસ મૂકી દીધી. અંતે પોલીસે એક જગ્યાએ સૂતેલા જીઉણાને ઘેરો ઘાલી પકડી લીધો.

હસ્સ કે જીઉણા આખદા, ઘોડાં બડી કમાલ
બક્કી સાંભલઓ આપદી મૈં દેખી સૌ ચાલ.[1]

બીજે દિવસે મહારાજા એને જેલમાં મળવા આવ્યા. પૂછ્યું, 'શું ખબર છે ?' જીઉણાએ કહ્યું, 'કેદીઓ માટે લોખંડનાં પિંજરાં બનાવડાવો. આવી જેલમાંથી તો એ ભાગી જઈ શકે.' મહારાજા હસી પડ્યા અને બોલ્યા, 'અચ્છા, તો ભાગી બતાવ !' કારણ કે મહારાજા જાણતા હતા કે આવા સખત પહેરામાં, ચણિયાળા દરવાજામાંથી, જેલની ઊંચી દીવાલો ઠેકી, ભલા કોઈ કેવી રીતે ભાગી શકે ?

એ જ રાત્રે જીઉણા જેલમાંથી ભાગી ગયો. જીઉણા મૌડનું નામ લઈ લોકો ઠેર ઠેર ધાડ પાડવા માંડ્યા. પોલીસ પણ ડરની મારી જલદી એ સ્થળે પહોંચતી નહોતી.

એક દિવસ એક બ્રાહ્મણ એક છોકરીને સાસરેથી લાવી રહ્યો હતો. જંગલમાં બદમાશોએ એને ઘેરી લીધો. જ્યારે છોકરીએ જોયું કે સાઠ વર્ષના બ્રાહ્મણનું પેલા બદમાશો પાસે કંઈ ચાલતું નથી, ત્યારે એના મોંમાંથી ચીસ નીકળી ગઈ. દેવયોગે જીઉણા મૌડ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. એણે જઈ બદમાશોને ઘેરી લીધાં.

'તું કોણ છે, વચ્ચે દખલ કરવાવાળો ?' એક જણ બોલ્યો.

'હું છું તારો બાપ, જીઉણા મૌડ !' એ ગરજી ઊઠ્યો.

બદમાશો માંડ્યા થર થર કાંપવા અને એના પગમાં પડી ગયા. એણે એમને જૂતાં મારી છોડી દીધા અને બ્રાહ્મણ તથા પેલી છોકરીને એમના ઠેકાણે પહોંચાડી દીધાં. બ્રાહ્મણે એને સો સો આશીર્વાદ આપ્યા અને એને ગાય-ગરીબોનો રક્ષક કહી

---

1. જીઉણા હસીને કહે છે, ઘોડી બહુ શાનદાર છે. તમારી ઘોડી સાંભાળો હું તો ખાલી એની ચાલ જોતો હતો.

ઘેર ઘેર જીઉણા મૌડનાં ગુણ ગાવા માંડ્યો.

એ સામે કવિઓએ કવિત જોડ્યું

જીઉણા મૌડ સાધ ગઉ ગરીબ દી કરે સેવા,
ખબ્બી ખાનાં દી અલખ મુકાઉંદા જી ।
જેડે બાદશાહ દે ઘર કરે ચોરી,
પર્ચા છાપ કે પહલાં લગાંવદા જી ।
શીહની માં ને જમ્મેયા શેર જીઉણા,
નહીં લુક્ક કે વક્ત લંઘાવદા જી ।[1]

એક દિવસ જીઉણા મૌડના મનમાં આવ્યું કે દેવી મા દરેક જગ્યાએ મારી રક્ષા કરે છે. એનાં દર્શન માટે જવું જોઈએ.

એણે બધા રાજાઓને ખબર મોકલ્યાં, 'હું નૈનાદેવીના મંદિરે જઈશ. જેના આશરે મેં ફોજોનાં નાક કાપ્યાં છે, એના પર સોનાનું છત્ર ચડાવીશ. મને પકડવા હિંમતથી આવી પહોંચજો. હું મોતથી મોં સંતાડવાનો નથી !'

નૈનાદેવીનાં દર્શન જતી વખતે જ્યારે એ પતિયાળા શહેર પહોંચ્યો, તો પોલીસનો વેશ પહેરી, હવાલદાર બની ગયો. અને એણે કિલ્લાની દીવાલ પર જાહેરાત ચોંટાડી દીધી કે જીઉણા મૌડ અદાલત-બજારમાં આંટાફેરા મારે છે; પકડી લે જે પકડી શકે એમ હોય તે. સાંજે સાત વાગ્યે એ સ્ટેશનથી નૈનાદેવી જવા ગાડીમાં ચડશે.'

ઠેર ઠેર પોલીસ ઊભી રહી ગઈ. બધા રસ્તા રોકી લીધા. છતાં જીઉણા મૌડ બધાની આંખમાં ધૂળ નાખી, સાંજના સાત વાગ્યે સાધુના વેશમાં નૈનાદેવી જવા માટે ગાડીમાં ચડી ગયો

પોલીસ પણ સાથે જ ગઈ. બધા ડબ્બાઓમાં શોધ ચલાવી. પણ જીઉણા મૌડ એમને ક્યાંય ન મળ્યો.

ટ્રેનમાંથી ઊતરી પહેલા જીઉણા મૌડ આનંદપુર સાહેબના ગુરુદ્વારામાં દસમા ગુરુને નામે સવાસોની ભેટ ધરાવા ગયો. દસમા ગુરુએ હિંદ ખાતર પોતાના ચાર બાળકો કુરબાન કર્યાં હતાં.

પછી એ નૈનાદેવીનાં મંદિરે પહોંચ્યો. પોલીસે ચારે તરફથી મંદિરને ઘેરી લીધું હતું. એણે દેવીના મંદિરમાં સોનાનું છત્ર ચડાવ્યું. દેવીનાં ચરણોમાં શીશ નમાવ્યું

---

1. જીઉણા મૌડ, સાધુ, ગાય અને ગરીબોની સેવા કરે છે, મોટા અભિમાનીઓના અહંકાર ભાંગે છે. બાદશાહને ઘરે ચોરી કરતાં પહેલાં કાગળ છાપીને લગાવે છે. સિંહણ માએ જીઉણા સિંહને જન્મ આપ્યો છે. એમ સંતાઈને જિંદગીના દિવસો નથી ગુજારતો.

દેવીનાં દર્શન કર્યાં. જીઉણા મૌડે જનમ-મરણના સંશય દૂર કર્યા.

પોલીસે ઘેરો નાનો કર્યો. નાકના ડાઘથી જીઉણા ઓળખાઈ પણ ગયો.

પકડવા ગયા તો જીઉણા સાધુએ ચીપિયો ચલાવ્યો. પાંચ-દસ પોલીસોને મારી ભગાડ્યા. ગોળીઓ છૂટી. જીઉણા પાસે રાઇફલ નહોતી.

અંતે જીઉણાને ઘેરી ગિરફતાર કરી લેવામાં આવ્યો. દેવીને નમસ્કાર કરી એ પોલીસની સાથે ચાલી નીકળ્યો.

અને ફિરોઝપુર જેલમાં લાવવામાં આવ્યો, સેંકડો પોલીસની ચોકી હેઠળ.

રાણીને ફરી વિલાયત તાર ગયો, કે કિશના ડાકુનો ભાઈ જીઉણા પકડાયો છે.

રાણીએ ફાંસીનો હુકમ આપ્યો.

આઠ દિવસ પછી ફાંસીની તારીખ નક્કી થઈ. અફસરે કહ્યું, 'જે મનમાં આવે તે ખાઈપી લે, ઇચ્છા થાય એને મળી લે.'

જીઉણાસિંહે કહ્યું, 'આ જગતમાં કેવળ ખાવાપીવા નથી આવ્યાં. દુનિયા યાદ કરશે કે ભાઈ ભાઈનો હાથ હોય છે. બાકી રહી મળવાની વાત. જેના દિલમાં વ્યાકુળતા હશે, એ પોતે મળવા આવશે.'

જીઉણાની એક બહેન હતી, ગોવિંદી. ખૂબ લાડેલી. મોટા 'લૉર્ડ' સુધી કેસ પહોંચેલો પણ કંઈ ન ચાલ્યું.

આઠમો દિવસ પણ આવી પહોંચ્યો.

સૌને 'સત્ સિરી અકાલ' કહી, જીઉણા મૌડ ફાંસી પર ચડી ગયો.

બહેન ગોવિંદી વિલાપ કરવા માંડી.

'વે તીયાં દે દિવ કીનું ઉડીકાં ગો,
કૌનુ ભેજૂગા સંધારે વે મેરેયા સુરમેઆં વીરા ।'[1]

આવું નામ કમાઈ ગયો દુનિયામાં જીઉણા મૌડ. લોકો પણ દુનિયા રહેશે ત્યાં સુધી એને યાદ કરશે :

ભાવેં ઘર-ઘર પુત્ત જમ્મદે
જીઊણા મૌડ ના કિસે બણ જાણ ।

1. ત્રીજને દિવસે કોની વાટ જોઈશ, મને કોણ 'ભેટ' મોકલશે, મારા વીર !

કૈમા મલકી

ગુલઝાર સિંહ સંધુ

'ગઢ મુગલાને દીઆં નારાં પીછાં ઝૂટદીઆં'[1] ત્રીજનું નૃત્ય પુરજોશમાં હતું. નૃત્ય કરતી કિશોરીઓ પીપળાને છાંયે હીંચકતી કિશોરીઓને, ગિદ્ધાના(પંજાબી નૃત્ય)ના તાલે હીંચકા નાખતી હતી. ગઢ મુગલાનાના, પીપળાના ઝૂલા સરહદી પ્રાંતમાં દૂર દૂર સુધી જાણીતા હતા. કોણ જાણે કેટલીયે પેઢીઓથી આ પીપળો કિશોરીઓને હિંડોળા ઝુલાવતો આવ્યો હતો. એની ડાળો મજબૂત હતી અને પાંદડાંની છાયા સઘન. જમીનદારની પુત્રી મલકી નૃત્યમાં અગ્રણી હતી. એ હીંચકે ચડતી તો વૃદ્ધ પીપળાને મૂળિયાં સુધી હચમચાવી નાખતી.

મલકીના પિતા રાય મુબારક ગામના જમીનદાર જ નહીં, પણ આખા પ્રાંતમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. એમને બે પુત્ર હતા – વૃક્ષના થડ જેવા મજબૂત અને લાઠી જેવા જુવાનજોધ. પુત્રોનાં નામ રાહૂન અને મહરૂન હતાં. એનો ભાઈ દરિયા દિલ્લીમાં અકબરના દરબારમાં સૂબેદાર હતો. સરકારી દરબાર સુધી પહોંચ હોવાને કારણે આ કુટુંબની ઢીંગલી મોંએ ચડાવેલી હતી. રાય મુબારક, દરિયા, રાહૂન અને મહરૂન એકબીજાથી ચાર-ચાર છ-છ વર્ષ નાના હતા. સાથે બેઠા હોય તો બધા ભાઈઓ જ લાગતા. ચારેય પુરુષો પ્રાંતની દીવાલ મનાતા હતા. જ્યારે એ લોકો લાઠી ઝાલી ઊભા થતા તો પવનની દિશા પણ બદલી નાખતા.

માબાપના રુઆબને કારણે મલકી પણ દિલેર હતી. એનું કપાળ પૂનમના ચંદ્ર જેવું ચમકતું હતું. એ કોઈ હીર કે સસ્સીથી ઊતરતી નહોતી. ગામ આખાનું માન અને પ્રાંત સમસ્તનું સન્માન. ભરપૂર યૌવન હોવાથી એને યુવાનીની અદાઓનું ભાન તો હતું, પણ એની ગ્લાનિઓનું નહીં. એને કદી એવું સપનું પણ નહોતું આવ્યું કે યૌવનના હિંડોળાની દોરી કદીક તૂટી પણ શકે. એટલે સુધી કે જે ડાળે હિંચકો બાંધ્યો હોય એ ડાળ જ તૂટીને જમીન પર આવી પડે.

મલકીની મા ગોંદલાંને પુત્રીની યુવાની જાણે કોરી ખાતી હતી. ઘરમાં યુવાન પુત્રી હોય તો કઈ મા સુખે ઊંઘી શકે ? કોઈક નાની શી વાતે મોગલ પરિવારની

---

1. ગઢ મુગલખાનાની સ્ત્રીઓ હિંડોળે ઝૂલી રહી છે.

આબરૂ ધૂળમાં મળી જાય. જ્યાં સુધી યુવાન પુત્રીના હાથ રંગી, એને પોતાને ઘરે વિદાય કરવામાં ન આવે ત્યાં સુધી માના દિલને ટાઢક વળે નહીં. પણ બાપ એવો હતો કે કોઈ વાત જ નહોતો સાંભળતો. એને તો પોતાની પુત્રી ગઈ કાલની બાળકી જ લાગતી હતી. ગોંદલાંને મન કોણ જાણે શું આપત્તિ આવી પડી હતી ! અંતે યુવાની જ તો હતી ! એ વિચારતો, યુવાની કોને નથી આવતી !

બાપે કંટાળીને નાના ભાઈ દરિયાને પત્ર લખાવી નાખ્યો. મલકી જેમ રાય મુબારકની તેમ એની પણ પુત્રી હતી. પુત્રીની આબરૂ સૌની સહિયારી હોય છે. દરિયા સરકારી દરબારમાં કોઈ યોગ્ય વર શોધી શકે એમ હતો. એનાથી બીજો કોઈ ફાયદો હોય કે નહીં, એટલો ફાયદો જરૂર થયો કે મલકીની માએ પોતાનાં ઘરનાંઓને આ વાત કહેવી બંધ કરી.

ગોંદલાંને આ વાતનો આનંદ પણ હતો અને દુઃખ પણ હતું. આનંદ એ બાબતનો હતો કે એની દીકરી માટે વરની શોધ શરૂ થઈ ગઈ હતી. અને દુઃખ એ વાતનું હતું કે જો દરિયાને કોઈ યોગ્ય વર મળી ગયો તો એ પોતાની વાત કહી નહીં શકે. વાત એમ હતી કે સગાંમાં ગોંદલાંની એક બહેન હતી લાલો. એનાં લગ્ન તખ્ત હજારાના સરદાર દુલારા સાથે થયાં હતાં. લાલોના મોટા દીકરાના જન્મ સમયે ગોંદલાં બહેનની પ્રસૂતિ કરાવવા તખ્ત હજારા ગયેલી. બહેનને ઘરે જે પુત્ર જન્મ્યો એનું તેજ સૂરજથી પણ વિશેષ હતું. ગોંદલાંને આ પુત્ર, એનું નામ કૈમા રાખવામાં આવેલું, પોતાના પુત્રો કરતાં પણ વહાલો હતો. એ સહનશીલ હતો, તોફાન ઓછું કરતો હતો. ગોંદલાંની સૂઝ અનુસાર કૈમા ઉત્તમ સ્વભાવનો પુરુષ બનવાનો હતો. ગોંદલાં તેજ સ્વભાવવાળા કુટુંબથી કંટાળી ગયેલી. એણે બહેન લાલોને વચન આપ્યું હતું કે જો ઈશ્વરને મંજૂર હશે તો તખ્ત હજારા અને ગઢ મુગલાનાનો સંબંધ પેઢી દર પેઢી ચાલુ રહેશે. ઈશ્વરની મંજૂરીનો અર્થ એને પોતાનો ખોળો ભરાય, એવો હતો. બે દીકરાના જન્મ પછી એણે પીર પાસે દીકરી માગેલી અને પીરે કદી કોઈને નિરાશ નથી કર્યા. એણે લાલોને વચન આપેલું કે જો એને ઘરે દીકરીનો જન્મ થશે તો એનાં લગ્ન એ કૈમા સાથે જ કરશે. કૈમાના પિતા કે ગોંદલાંના પતિને એમાં શું વાંધો હોઈ શકે ?

એમને વાંધો તો કંઈ ન હોઈ શકે, પણ ગોંદલાં પોતાના પતિના વાંકા સ્વભાવથી પરિચિત હતી. એને જે રસ્તે જવાનું કહો એનાથી ઊંધા રસ્તે જ એ ચાલતો હતો. કોણ જાણે ઊલટા રસ્તે ચાલવામાં એને શી મજા આવતી હતી. આ જ કારણે એણે આ વાત પેટમાં રાખેલી અને લાગ જોઈ, એ વાત કરવા માગતી હતી. ગોંદલાં દરિયાની 'ના'ની રાહ જોવા લાગી. દરિયાની 'ના' આવે તો એ પોતાનું સૂચન સહેલાઈથી મનાવડાવી શકે એમ હતી.

પણ પત્ર પહોંચવાની જ વાર હતી કે દરિયા સફર ખેડીને મુગલાના પહોંચી ગયો. મલકીને કંઈ વરની ખોટ હતી ? આ જવાબદારી ઉઠાવવા એ ઉતાવળો દેખાતો હતો. દરિયા ઘરે આવ્યો કે પુરુષોના ચહેરા ખીલી ઊઠ્યા અને સ્ત્રીઓનાં મન જરા તંગ થઈ ગયાં. ખબર નહીં હવે શું થશે ? મિષ્ટાન્ન બનાવતી વખતે ગોંદલાંના કાન પુરુષોની બેઠક તરફ હતા અને મલકી દીવાલને અઠેલીને બેઠી હતી.

ખબર નહીં દરિયાએ રાય મુબારકને શું કહ્યું કે આખા ઘરમાં શાંતિ છવાઈ ગઈ. સૌ જાણે સ્તબ્ધ થઈ ગયા. આસપાસના વાતવરણથી સ્પષ્ટ જણાતું હતું કે દરિયાની દરખાસ્ત સ્વીકારાઈ નહોતી. આ વાતનો અણસારો ગોંદલાંને પણ આવી ગયેલો અને મલકીને પણ. દરખાસ્ત શું હતી એની પુરુષો સિવાય કોઈને કશી ખબર નહોતી. દરિયાને શું થઈ ગયું હતું એ વિચારે પુરુષો દુખી હતા. 'ભલે વિચારશું' કહી જમીનદારે વાતને બીજો વળાંક આપી દીધો હતો. એ લોકો ખેતીવાડીની વાતો કરતાં કરતાં સૂઈ ગયાં હતાં.

આમ કહેવા ખાતર તો સૌ સૂઈ ગયા હતાં, પણ ઊંઘ્યું કોઈ નહોતું. દરિયાને એ વાતનું દુઃખ હતું કે ભાઈએ એની વાત ન માની અને ભાઈને એ વાતનું દુઃખ હતું કે દરિયા એની પાસે કેવી જાતની વાત સ્વીકારાવવા માગતો હતો. ભત્રીજાઓ પણ બાપને સાથ આપી રહ્યા હતા.

પેલી તરફ ગોંદલાં અને મલકી ઓસરીમાં સૂતાં સૂતાં એકબીજાના દિલના ધબકારા સાંભળી રહ્યાં હતાં. દરિયાની વાત નથી માનવામાં આવી, એ બાબતની તો મા-દીકરીને ખાતરી થઈ ગઈ હતી, પણ એ દરખાસ્ત શું હતી અને એનો અસ્વીકાર થયા પછી હવે શું થવાનું હતું એ વાતની કોઈને કશી ખબર નહોતી.

ગોંદલાંને થતું હતું કે એના હિતમાં આ બરાબર જ થયું છે, પરંતુ જ્યાં સુધી પૂરેપૂરો ઘટસ્ફોટ ન થાય ત્યાં સુધી, વિચિત્ર સ્વભાવવાળા એના પતિ અને એથીય વધુ વિચિત્ર સ્વભાવવાળા છોકરાઓનો શો ભરોસો ? ગોંદલાંએ મલકીના મનમાં કૈમાનું જે ચિત્ર દોર્યું હતું એ ભૂંસી નાખવાનું હવે મલકી માટે શક્ય નહોતું. છોકરીઓને રુઆબ-કડપવાળા ભાઈઓ જ ગમે છે, પણ પતિ તો શાંત સ્વભાવનો હોવો જોઈએ. એ કૈમાને ઘરે સુખ-શાંતિથી રહેશે અને પ્રેમના હિંડોળે ઝૂલશે. મલકી વિચારતી.

કૈમા સગપણમાં રાંઝાનો ભત્રીજો થતો હતો. રાંઝાની વાત હજી ગઈ કાલે જ બની હોય એવી તાજી હતી. રાંઝાનો ભત્રીજો હોવાને કારણે કૈમાના નામ સાથે પ્રેમનો ઇતિહાસ જડાયેલો હતો. મલકીના યુવાન આત્માને કૈમાની ઐતિહાસિક પ્રતિભાએ જકડી લીધો હતો. જાણે એના માથે જાદુમંત્ર થઈ ચૂક્યો હતો. જે

જંગલોમાં અને મેદાનોમાં રાંઝા ઊછરીને મોટો થયો હતો, એનાં સપનાં એ જોઈ ચૂકી હતી. કૈમા રાંઝા જેટલો સ્વરૂપવાન ભલે ન હોય, એનાથી ઊતરતો પણ નહોતો. માએ પણ કહ્યું હતું કે શાંત સ્વભાવનો અને મક્કમ નિર્ણયવાળો હતો.

ગોંદલાંને તખ્ત હજારામાં સંબંધ બાંધવાના અનેક ફાયદા જણાતા હતા. લાલો એની બહેન હતી, એનો હાથ. મલકી જેમ એની દીકરી હતી, એવી જ લાલોની હતી. કૈમા જેવો લાલોનો દીકરો હતો, એવો જ ગોંદલાંનો પણ હતો. અંતે લોહીનો સંબંધ એ લોહીનો, અને પાણી એ પાણી.

પણ દરિયા લોહીને પાણી અને પાણીને લોહી બનાવવાનો નિર્ણય કરી બેઠો હતો. સવાર થતાં સુધીમાં આ વાત આખા કુટુંબમાં ફેલાઈ ગઈ હતી.

દરિયા પોતાની ભત્રીજીને અકબર બાદશાહના ઘરમાં બેસાડવા માગતો હતો, એમ જાણવા મળ્યું. વૃદ્ધ બાદશાહ મલકીના યૌવન અને રૂપ પર મોહી, દરિયાને મોટામાં મોટું માનપાન આપી શકે તેમ હતો. એ પોતાનાં સગાંવહાલાંઓને – ભલે એ રાજપૂત હો – કશી તકલીફ નહીં પડવા દે. દરિયા સૂબેદારમાંથી જનરલ બની શકે તેમ હતું. એ અકબરનો વેવાઈ બનવાનો હતો. કોઈ ભલા પોતાના વેવાઈને પણ પોતાનાથી નીચા સ્થાને રાખે ? દરિયા તો જનરલ બનવાનાં સપનાં માણતો ફરતો હતો. આ વાત ભલે બાદશાહના મનમાં પણ ન આવી હોય, પણ દરિયા બાદશાહની નબળાઈ જાણતો હતો. રાજદરબારનાં બધાં દ્વાર ખૂલી જશે. હજી ગઈ કાલની જ તો વાત હતી કે અકબરે સલીમને ચાહનાર અનારકલીને મરાવી નાખી હતી, કારણ કે એણે બાદશાહનો હુકમ નહોતો માન્યો. પોતાની ભત્રીજી કોઈ અનારકલીથી કમ નથી એ વાતનો દરિયાને પૂરો વિશ્વાસ હતો.

દરિયાની આ વાતને મુગલાના કુટુંબના સૌ પામી ગયા હતા. સવાર થતાં સુધીમાં આખા ઘરને ખૂણે ખૂણે આ ઝેર ફેલાઈ ગયું હતું. સવારે જ્યારે આ ઝેરે મા-દીકરીને ડંખ માર્યો ત્યારે એમણે પણ ઝેર ઓકવા માંડ્યું. ગોંદલાંના હાથે ઊછરીને મોટો થયેલો દરિયા પોતાની ભત્રીજીને કયા રસ્તે દોરવા માગતો હતો ! ગઈ કાલ સુધી મોટી ભાભી પાસે માગીને ખાનાર આજે રાજદરબારમાં પોતાની લાગવગની કેટલી બડાઈ દેખાડતો હતો !

બીજે દિવસે સવારે જ્યારે દરિયા દિલ્લી જવા રવાના થયો તો કોઈએ દુઆ-સલામ ન કહ્યાં. રાય મુબારકને પોતાનાથી ઊંચું ખાનદાન પસંદ નહોતું. મોટા ઘરવાળાં દીકરીઓ પર દોલતનો રુઆબ કરે છે, પોતાના જેવા ખાધેપીધે સુખી જમીનદારોની કોઈ ખોટ નહોતી. આમ પણ લાડમાં ઉછેરેલી દીકરીને આંખથી કેટલે દૂર રાખી શકાય ? પાંચસો કોશ દૂર મોકલેલી દીકરી જીવે કે મરે સરખું જ. જે દીકરા-દીકરી વખત આવ્યે સુખદુઃખમાં ભાગીદાર ન થઈ શકે એનો શો ફાયદો ?

પરંતુ દરિયા તો માત્ર પોતાના સુખની શોધમાં હતો. રાય મુબારકની 'ના'એ એની આશા પર પાણી ફેરવી દીધું હતું. દરિયાને લાગ્યું કે એની જનરલની પદવી તો દૂર રહી, એની સૂબેદારી પણ ઝૂંટવાઈ ગઈ હતી ! જાણે પ્રગતિની સીડી ચડતાં ચડતાં, કોઈએ એને હાથ ખેંચી નીચે ઉતારી દીધો હોય ! એ જમીન પર ઊભો ઊભો ક્રોધથી કંપી રહ્યો હતો. એ આનો બદલો લીધા વિના નહીં રહે, એણે મનોમન ફેંસલો કરી લીધો.

ઘરમાં ફૂટ પડી ગઈ. મલકીનું ચંચળ મન ચિંતામાં ડૂબી ગયું હતું. જમીનદાર ભાઈઓ જ્યારે લડે છે ત્યારે કોઈનું ને કોઈનુ માથું લીધા વિના નથી જંપતા. ભાઈઓના મતભેદથી ખરાબ કોઈ મતભેદ નથી હોતા. બને એકબીજાનાં રહસ્યો જાણતા હોય છે. ઘરનો જાણભેદુ લંકા પાડે.

હવે મલકી હીંચકો ઝૂલવા જતી તો હીંચકાના પાટિયા પર પગ મૂકવાનું એને મન ન થતું. કોઈક રીતે મન મનાવી ચડી પણ જતી તો બેચાર હીંચકા ખાઈ હાંફી જતી. બાજુની સખીઓ જરા પણ ઊંચો હીંચકો ચડાવતી તો એનું દિલ બેસવા લાગતું. ઝાડનાં મૂળ હચમચાવી દેનાર મલકીને પાંદડાંનો ડર લાગવા માંડ્યો હતો. સરકારી જુલમ એનાં મા-બાપનાં મોં સીવી શકે તેમ હતું. કૈમા તખ્ત હજારા બેઠો રહેતો અને અહીં મલકી ચિંતામાં ડૂબીને ગાંડી થઈ હતી. એને હીંચકાવાળું પીપળાનું ઝાડ અને છાપરું જાણે ખાવા ધાતું હતું. જ્યારે મનને જ મજા નહોતી જોઈતી ત્યારે એ તનને શું કરે !

પ્રસંગનો લાભ લઈ ગોંદલાંએ રાય મુબારકને મલકીનું સગપણ કૈમા સાથે ગોઠવવાની વાત કરી. તખ્ત હજારાનો દુલારા સરખી હેડીનો જમીનદાર હતો. સાઢુવેવાઈ થવાને હકદાર હતો. રાય મુબારકની સાળી લાલો પણ ખૂબ શાંત સ્વભાવની હતી. ખૂબ ઓછી આવન-જાવન છતાં રાય મુબારકના મન પર તખ્ત હજારાવાળાના સ્વભાવની છાપ હતી. જ્યારે પણ સાથે શિકાર રમવા ગયેલા ત્યારે પરસ્પર સારું બન્યું હતું. માણસ તો થોડી જ વારમાં ઓળખી લઈ શકાય. રાય મુબારકને તો આ સગપણ યાદ જ નહોતું. જો યાદ હોય તો પછી દરિયાનો આટલો ઉપકાર શા માટે લેત ? દીકરી પણ આરામથી રહે અને ભાઈઓમાં ફાટફૂટ ન પડે. હવે એને પોતાના પર ગુસ્સો આવતો હતો. ગોંદલાંને પણ હવે દુ:ખ થતું હતું કે એણે આ વાત પહેલાં જ કેમ ન કાઢી ! રાય મુબારકના ડરે એણે હજી એટલી વાત દબાવી રાખી હતી કે એણે બહુ પહેલેથી બહેન લાલોને આ વચન આપી દીધું હતું.

જ્યારે કૈમા સાથે સગપણની વાત શરૂ થઈ ત્યારે ઘરમાં સૌ ખુશ હતાં. સમાન કક્ષાનું કુટુંબ હતું. અવિશ્વાસની ગરમ લૂને બદલે વિશ્વાસની ઠંડી હવા પ્રસરવા માંડી.

મલકીના મનમાં દિવસે દિવસે કૈમાની મૂર્તિ ખીલતી ગઈ. જેમ જેમ કૈમા એના દિલમાં સ્થાન મેળવતો જતો હતો તેમ તેમ મલકીને આલીજાહ અકબર પર ગુસ્સો આવતો જતો હતો. દરિયાએ જે પ્રસ્તાવ મૂકેલો એ ભલે એના મનની જ ઊપજ હોય પણ વૃદ્ધ બાદશાહ સાથે ક્ષણભર માટે પણ એનું નામ જોડાય એ મલકીને પસંદ નહોતું. એન બાદશાહ સાથે અને બાદશાહને એની સાથે, અંતે સંબંધ જ શું હતો ? એની આંખ સામે બે તસવીરો ઘૂમ્યા કરતી. રૂપનો સ્વામી કૈમા અને બૂઢો અકબર.

કૈમા સાથે સગાઈ થયા પછી, મલકી રૂપને તખ્ત હજારામાં પણ પ્રસિદ્ધ મળી ગઈ હતી. ગઢ મુગલાનાની સુંદરીને પામવાની હોંશ કૈમાના મનમાં પણ રોજ રોજ વધતી જતી હતી. મલકીનું સગપણ રાય મુબારકે ક્યાંથી તોડીને કર્યું છે એ વાતની જાણ કૈમા અને એના કુટુંબને પડી ગઈ હતી. અકબર બાદશાહની સાથે તુલના થવાથી કૈમા ફૂલ્યો નહોતો સમાતો. પણ જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી એના દિલને ટાઢક વળે તેમ નહોતું. લગ્ન પહેલાં એ મલકીનાં મા-બાપની મરજીને વશ હતો. એમની મરજીમાં દરિયાની મરજી વિઘ્ન નાખી રહી હતી. દરિયાની મરજી કોઈ મામૂલી મરજી નહોતી. એની પૃષ્ઠભૂમિમાં અકબરી વૈભવ અને સરકારી દબાણ પણ સામેલ હતાં. કૈમાને મન થતું કે ઊડીને મલકી પાસે પહોંચી જાય, પણ સામાજિક રીત-રિવાજોનો ગુલામ હોવાથી, એની હિંમત નહોતી ચાલતી.

ઊડીને જવાનું પણ ક્યાં સહેલું હતું ? બે ગામની વચ્ચે બે નદીનું અંતર હતું. તખ્ત હજારા જેલમના કિનારે અને ગઢ મુગલાના સિંધુના કિનારે.

બંનેના મા-બાપને દરિયા પર ભરોસો નહોતો. બંને પક્ષો આ મામલાને વધુ લંબાવવા નહોતા માગતા. દુલારા અને રાય મુબારકનું પરસ્પર આવવાજવાનું વધી ગયું હતું, હવે એ બંને સાથે શિકાર રમવાનાં સપનાં જોઈ રહ્યાં હતાં. જેલમથી માંડીને સિંધુ સુધીની સમસ્ત ધરતી એમની થવાની હતી. તેઓ પોતાની મરજી મુજબ જ્યાં ધારે ત્યાં જઈ શકે એમ હતા. બંનેને બંને નદીઓનાં વાઘ, સિંહ, હરણ, તેતર, બતક અને કૂકડા-કૂકડી પોતાનાં જ લાગતાં હતાં. કલ્પનામાં તેઓ પોતાના શિકારી કૂતરાઓને જંગલી હરણો પાછળ ભાગતા જોવા લાગ્યા.

રાય મુબારકે લગ્નની તારીખ નક્કી કરી લીધી.

'જો તમે મારી સલાહ માનો તો આપણે આ પ્રસંગે દરિયાને ન જ બોલાવીએ એ સારું છે.' ગોંદલાંએ સલાહ આપી.

'અરે બાઈ ! ભલા, એવું પણ ક્યારેય બને ? ભાઈ તો અંતે ભાઈ જ છે ને દરિયા કંઈ નહીં કહે. ઘડીભર માટે એને લાલચ થઈ ગઈ હતી. હવે તો એ બધી ગઈ ગુજરી વાત.' રાય મુબારકે સમજાવ્યું.

'લાલચુ માણસનો કોઈ ભરોસો ન રખાય, છતાં તમારી ઇચ્છા હોય તો...' ગોંદલાંએ વાત પતિ પર નાખી દીધી. દીકરાઓએ પણ બાપની હા-માં હા ભણી દીધી. કોઈને દબાણ કરવું ઠીક ન લાગ્યું. એ લોકો દરિયાથી ડરતા પણ હતા. આમંત્રણ મોકલાવાઈ ગયું.

લગ્નની તૈયારી થવા માંડી. અહીં મલકીના ઘરને રંગરોગાન થવા લાગ્યાં, ત્યાં કૈમાના ઘરને. અહીં દહેજ તૈયાર થતો હતો ત્યાં પણ વરની સામગ્રી તૈયાર થતી હતી. અહીં અસ્તબલને સજાવવામાં આવતું હતું, ત્યાં ઘોડા-ઘોડીને. અહીં મલકીનું દિલ ધબકી રહ્યું હતું, ત્યાં કૈમાનું.

લગ્ન દિવસે દરિયા પણ આવી ગયો. એ ખચ્ચરો પર અંગૂરી શરાબ લાદીને આવ્યો હતો. એની પાસે શાહી આતશબાજી હતી અને શાહી ગાલીચા હતા. એના ચહેરા પર વીતી ગયેલી વાતોની કોઈ અસર દેખાતી નહોતી. દીકરી સૌની સહિયારી હોય છે. દીકરીનો દોષી નરકમાં જાય છે.

લગ્નની રાત્રે ગઢમુગલાનાના જમીનદારને ઘરે જામ છલકતા હતા. બુઝુર્ગોનું જૂથ હવેલીમાં દારૂની મોજ માણતું હતું અને છોકરીઓ નવા બનેવીને ઘરમાં ઘેરીને બેઠી હતી. ગોતી સંભળાતાં હતાં. સાસુ પોતાના જમાઈને આખ્ખો લાડુ ખાવાનો આગ્રહ કરી રહી હતી. સાળીઓ મજાક-મશ્કરીમાં મસ્ત હતી.

લગ્ન થઈ ચૂક્યાં હતાં. કૈમા-મલકી એકબીજાનાં થઈ ચૂક્યા હતા. કોઈને કોઈ વાતનો વસવસો નહોતો. અંગૂરી શરાબ લાવવાને કારણે, દરિયા બંને ઘરોમાં મુખ્ય બનીને બેઠો હતો. એ સાકી હતો, બાકીના લોકો પીનારા હતા. રાય મુબારકની હવેલીમાં બૉટલોના બૂચ ખૂલી રહ્યા હતા અને ઘરમાં લગ્નના 'ગિધ્યા' ના ઠમકારા પડતા હતા.

કૈમા સાળીઓથી છૂટી હવેલીમાં આવ્યો કે એક પછી એક કેટલાય જામ ગટગટાવી ગયો. થોડાક લગ્નનો ઉત્સાહ હતો, થોડોક લગ્નનો થાક. ઘૂમટામાંથી મલકીના ચહેરાની જે ઝલક દેખાયેલી એનો નશો પણ ઓછો નહોતો. થોડી જ વારમાં એ પણ બીજા લોકો સાથે ભળી ગયો. સમય જતાં સૌ ઢળી પડ્યા. શું જાનૈયા કે શું સામૈયા ! કેવળ દરિયા હોશમાં હતો. જે પોતે તો શરાબ પીતો નહોતો અને પીએ તોપણ પીતો ઓછું અને છલકાવતો ઝાઝું. ઢોળતો તો એથી પણ વધારે.

લાગ જોઈને દરિયાએ રાય મુબારક, રાહુન, મહરૂન, દુલારા અને કૈમાને કેદ કરી લીધા. ગામની બહાર એણે સિપાઈઓ બેસાડી રાખ્યા હતા, એના હુકમની જ વાર હતી અને સિપાઈ આ પાંચેયને બાંધીને સાથે લઈ ગયા. કેદીઓ પણ હોશમાં નહોતા અને બીજા લોકોએ ભાનમાં ન હતા.

વિજેતા દરિયા દિલ્લી તરફ રવાના થઈ ગયો.

બીજે દિવસે મોડી સવારે લોકોને ખબર મળ્યા કે 'ગિદ્ધા'નો કોલાહલ, જામોનો ખખડાટ અને આતશબાજીમાં રાતોરાત કેવું અંધારું વ્યાપી ગયું છે. ગામના જમીનદારની સાથે સાથે વરરાજા, વરના પિતા અને ભાઈઓને પણ કેદ કરી લેવામાં આવ્યા હતા. કોઈને સમજાતું નહોતું કે કોણ ક્યાં જાય ! બેલગામ લોકોને સંભાળનાર કોઈ નહોતું. બાદશાહનો ડર હતો અને રાજદરબારનો ભય હતો. દરેક વ્યક્તિ બેઆબરૂ સહન કરવા તૈયાર હતી. ગઢ મુગલાનામાં પહેલી વાર કોઈએ બેઇજ્જતીને આટલી બેશરમીથી સહી લીધી હતી. આખું ગામ ચૂપ હતું. તખ્ત હજારાના ગણ્યાગાંઠ્યાં જાનૈયા શું કરે ? દરિયા પાસે કેટલી ફોજ છે, એની કોઈને શું ખબર ?

ગાંદોલાંએ રડી રડીને માથાના વાળ ખેંચી કાઢ્યા. મલકીનું આક્રંદ જોયું જાય તેવું નહોતું, છતાં લોકો એ જોઈ સાંભળી રહ્યા હતા. આખું ગઢ મુગલાના જોઈ રહ્યું હતું, બધા જાનૈયા જોઈ રહ્યા હતા.

કૈમા ગયો ત્યારે મલકીએ એનું મોં સૂદ્ધા જોયું નહોતું. એ પતિના જીવતેજીવ વિધવા થઈ ગઈ હતી.

પરંતુ મલકીનો નિશ્ચય અટલ હતો. એ કૈમાની થઈ ચૂકી હતી અને કોઈ માડીનો જાયો એને કૈમાથી વિમુખ કરી શકે તેમ નહોતો. એ દરિયાને કે દરિયાના બાદશાહને શું સમજતી હતી ! જે કામ બળથી થાય એમ નહોતું એ કળથી થઈ શકે એમ હતું. એ સાધ્વી બની કૈમાની શોધમાં નીકળી પડી. પ્રેમીને પામવા માટે એણે રાંઝાનું ભિક્ષાપાત્ર હાથમાં લઈ લીધું. ઘરેથી નીકળતાં એણે માને પણ જાણ ન કરી. એને ડર હતો કે મા પોતાની દીકરીને આવા ભયાનક માર્ગે જવાની મનાઈ કરી દેશે. મલકીનો નિશ્ચય અફર હતો.

દરિયાનાં ફોજ-લશ્કર ઘણાં મોટાં હતાં. બેડીમાં જકડવા છતાં એક એક કેદી સાથે ત્રણ ત્રણ સિપાઈ હતા. મલકીને આ સમાચારો આવનાર મુસાફરો પાસેથી મળતા હતા. મલકીના પિતા અને ભાઈઓનાં વાઘસિંહ જેવાં મોં અને કૈમાની સોહામણી મૂર્તિ દરેકેદરેક મુસાફરના મનમાં વસી ગયાં હતાં. મલકીને એક વાતનો ખૂબ સંતોષ હતો કે બધા જ જીવતા હતા. દુઃખનું તો શું, એક દિવસ આવે તો બીજે દિવસે ચાલ્યું પણ જાય.

મલકીના પગ ફાટી ગયા હતા. એણે સેંકડો માઈલોની મુસાફરી ખુલ્લા પગે કરવાનો નિર્ણય કરી લીધો હતો. વારંવાર એને રસ્તો નહોતો પૂછવો પડતો. સ્થળે સ્થળે માઈલો સુધી પથ્થરો હતા, કોશે કોશે કૂવા અને કિનારે કિનારે વૃક્ષ હતાં. દરેક પડાવે રાતવાસો હતો. જ્યાં ક્યાંય પણ વૃક્ષો ઓછાં હોય ત્યાં તિરાડથી ફાટેલા એના પગ તપેલી માટીમાં બળવા માંડતા. એ દોડીને ખેતરની ધારે ઊગેલા

ઘાસ પર ઊભી રહી જતી. પગને થોડો આરામ આપી, ફરી પાછી ચાલવા માંડતી. ક્યાંક ભોજન મળી જતું, ક્યાંક ખાવા ન પણ મળતું. ઘોર નિરાશાની આ હાલતમાં આશાનું એક જ કિરણ હતું, કે કૈમા જીવતો હતો. નહીં તો દરિયાનો શો ભરોસો ? ક્યાંક પણ મારીને દાટી દે તો ! ક્યારેક એ કાફલા સાથે ભળી જતી. ક્યારેક પાછળ રહી જતી. એકાદ વાર ચોરીછૂપીથી એણે કૈમાને જોયો પણ હતો. ખૂબ પરવશ લાગતો હતો, ખૂબ લાચાર. મલકીના પિતા અને ભાઈઓની પણ આ જ હાલત હતી.

મલકીની આ મુસાફરી હજથી પણ વિશેષ હતી. હજ કરવા જતી વખતે, એ આશા પૂરી થવાની સંભાવના હોય છે, અહીં એ પણ નહોતી.

પડાવો પસાર કરતો કાફલો કુરુક્ષેત્રના મેદાન પાસે થાનાસર જઈ પહોંચ્યો. મલકી પણ પાછળ પાછળ જઈ પહોંચી.

થાનાસરમાં મલકીને એક ભક્તાણી સાથે મિત્રતા થઈ ગઈ. મલકી આ ભક્તાણીના ડેરે ભભૂત લેવા ગઈ હતી. ભક્તાણી વાતવાતમાં જ મલકીનું દુઃખ જાણી ગઈ હતી. એની સઘળી વ્યથા સાંભળ્યા બાદ ભક્તાણીએ મલકીને સલાહ આપી કે એ અકબર બાદશાહની રાજપૂત રાણીની પુત્રી જમુનાને મળે. ભક્તાણીને વિશ્વાસ હતો કે જો રાજકુમારી જમુના ધારે તો બધું જ થઈ શકે.

મલકી જમુનાના મહેલે ભિક્ષા માગવા ગઈ ત્યારે જમુના એનું યૌવન અને સૌંદર્ય જોઈ મોહિત થઈ ગઈ. આ ઉંમરે સાધ્વી બનનાર આ સૌંદર્યવતીનું કોઈ ને કોઈ રહસ્ય જરૂર હોવું જોઈએ. એણે મલકીને મહેલમાં બોલાવી લીધી. જમુનાએ પૂછ્યું ત્યારે એણે કૈમા સાથેના પોતાના લગ્નની દર્દભરી આખી કથની કહી સંભળાવી. જમુનામાં એને એવું કોઈ દૈવી સ્વરૂપ દેખાયું કે, એના કાકા એને અકબર બાદશાહના અંતઃપુરમાં રખાવી, બઢતી મેળવવા ઇચ્છતા હતા એ વાત પણ એણે ન છુપાવી.

અંતઃપુરવાળી વાત સાંભળતાં જ જમુનાના મન-પ્રાણમાં ઝાળ લાગી ગઈ. કોઈક મલકીની એની માની શોક્ય બનાવવા માગતું હતું. શોક્યનાં દુઃખ જમુના ભૂલી નહોતી. એ પોતાના બાપના ઘરડે ઘડપણનાં પ્રેમ-પ્રકરણો પણ ભૂલી નહોતી. એણે બાદશાહના હુકમથી અનારકલીને કતલ થતી પણ જોઈ હતી, માત્ર એટલા ખાતર કે એ વૃદ્ધ પિતાને બદલે એના યુવાન પુત્ર પર મોહિત થઈ ગઈ હતી. જેણે અનારકલીની કતલ કરાવી, એ મલકીના અંતઃપુરમાં દાખલ થયા પછી, જમુનાના મા સાથે શી ભલાઈ કરે એમ હતો ? મલકીની આ વાત સાંભળી એને થયું કે જાણે એની મા સાધ્વી બની ભીખ માગી રહી છે અને એને સ્થાને મલકી રાજદરબારની માલિક બની ગઈ છે. મલકી આવું કરે એમ માનવું જોકે, એને જોયા પછી મુશ્કેલ

હતું, પણ આ વાતનો આધાર મલકી પર નહોતો, કરવા-કરાવવાવાળો તો બાદશાહ પોતે હતો.

રાજકુમારી જમુનાને એક જ વાતનો સંતોષ હતો કે દરિયાની આ ચાલની હજી અકબરને ખબર નહોતી. એમને એટલી તો જાણ હતી કે દરિયા શાહી કુમક લઈને બંડખોરોને કચડી નાખવા ગયો હતો, પરંતુ એમની બહેન આવી સુંદર છે, એટલા ખાતર એ લોકો બંડખોર, એ બાબતની જો બાદશાહને માહિતી હોત તો એ મલકીને પણ ગિરફતાર કરી સાથે લાવવાનો હુકમ આપી દેત. દરિયા મલકીનો બલિ ચડાવવામાં વાર એટલે લગાડી રહ્યો હતો કે એણે વિચારેલું કે એક ઇનામ એ બંડખોરોને હાજર કરીને મેળવશે અને બીજું ઇનામ મલકીને બાદશાહના અંતઃપુરમાં દાખલ કરીને મેળવશે. રાજકુમારી જમુના નહોતી ઇચ્છતી કે આવા પ્રસંગ આવે. એણે દરિયાને બોલાવી હુકમ સંભળાવી દીધો કે બેગુનાહ કેદીઓને છોડી, મહેલમાં મોકલી દેવામાં આવે.

રાજકુમારીનો હુકમ સાંભળી દરિયા પોતાના પડાવ પર ચાલ્યો ગયો. રસ્તામાં એને વિચાર આવ્યો કે બંડખોરોની બાબતમાં રાજકુમારીનો હુકમ માનવો જરૂરી નથી. બાદશાહ દીકરીને સમજાવી દેશે. એણે રાતોરાત કેદીઓને બે પડાવ આગળ લઈ જવાનો નિર્ણય કરી નાખ્યો.

રાજકુમારી જમુનાને મલકી સાથે બહેનપણાં વધી ગયાં. એણે મલકીનો ફકીરી વેશ ઉતરાવી એને શાહી વેશ પહેરાવી દીધો. એ આખી રાત અકબરના અટલ ઇન્સાફની વાતો કરતી રહી. મલકીનું મન તો આ વાતો કરતાં કૈમા તરફ વિશેષ લાગેલું હતું. સવારે જ સિપાઈ કૈમાને લઈને આવવાના હતા.

સવારે જ્યારે દરવાને દરવાજો ખખડાવ્યો ત્યારે મલકી કૈમાને મળવા દોડી, પણ કૈમા ત્યાં નહોતો, દરવાને કહ્યું કે દરિયા તો રાતોરાત કૈમા અને એના સાથીદારોને ક્યાંક બીજે લઈ ગયો છે. દરબારના સૂબેદારની આ હિંમત ? રાજકુમારીનો ગુસ્સો કાબૂમાં રહેતો નહોતો. દરવાન ઊભો ઊભો કાંપી રહ્યો હતો.

જમુના દિલ્લી જવા માટે તૈયાર થઈ ગઈ. એણે મલકીને પણ પોતાની સાથે લઈ લીધી. આખે રસ્તે એ વિચારતી રહી કે બુઢા બાદશાહને આ ઘટના વિશે શી રીતે કહેવું ?

દિલ્લી પહોંચી મલકીને મોં ખોલવાની કે બાદશાહ સામે જવાની પરવાનગી નહોતી. આ કામ રાજકુમારી જમુનાનું હતું. આ એની પ્રતિષ્ઠાનો સવાલ બની ગયો હતો.

સૌથી પ્રથમ રાજકુમારી પોતાની માને મળી. એણે પોતાની માને એ છોકરી પણ બતાવી જે કોઈક દિવસ એની શોક્ય બને તેમ હતી. એણે દરિયાની ચાલ પણ

વિસ્તારથી માને સમજાવી. રાણી અને રાજકુમારીએ મળી એવો નિર્ણય પણ કરી નાખ્યો કે એ બંને બાદશાહને મલકીના સંબંધની વાત જણાવ્યા વિના જ દરિયાનો ખાતમો કરાવી નાખશે.

વૃદ્ધ માની આંતરડી કકળી રહી હતી. બાદશાહના ઉદાર દિલને કારણે એને સુખ પણ મળ્યું હતું અને દુઃખ પણ ઓછાં નહોતાં સહન કરવા પડ્યાં. કોઈકના યૌવન પર મસ્ત થઈ, કોઈક જરૂરી કામના બહાને, બાદશાહ રાતોની રાતો રાણીને મહેલે પાછા નહોતા આવતા, એ ક્ષણો એ ભૂલી નહોતી. જેના બહાને બાદશાહ આખી રાત બહાર વિતાવી દેતા એવાં જરૂરી કામોની એને ખબર હતી. જ્યારથી એ વૃદ્ધ થઈ હતી, ત્યારથી બાદશાહનાં આ કામ પણ વધતાં જતાં હતાં, એનો પણ એને પૂરેપૂરો ખ્યાલ હતો. રાણી હવે પોતાનાં દુઃખોને વધારવા નહોતી માગતી. ઉંમરમાં એની દીકરીથી પણ નાની, એની થનાર શોક્ય એની સામે જ બેઠી હતી.

રાણીને દરિયા ઝેર જેવો લાગવા માંડ્યો. એણે નિશ્ચય કરી નાખ્યો કે એ દરિયાને જડમૂળથી નષ્ટ કરીને જ રહેશે.

જ્યારે બાદશાહને મહેલમાં આવવાનો સમય થયો, ત્યારે રાણીના હુકમથી મહેલના બધા દીપક બુઝાવી નાખવામાં આવ્યા હતા. દીવીઓ તોડી નાખવામાં આવી. રાણીએ પોતાના સાજ-શણગાર ઉતારી ફેંકી દીધા. બાદશાહ આવ્યા ત્યારે રાણી પાટીના પલંગ પર સૂતી હતી.

આ જોઈ બાદશાહ આશ્ચર્યમાં પડી ગયો. રાણીને ફરિયાદનું કારણ મળે એવું કોઈ કામ એમણે આજે કર્યું નહોતું. આ વાત એમનું મન જાણતું હતું. આમ પણ, એમની આ રાણીએ કોઈ બાબત પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો, એવો પ્રસંગ એમના લગ્નજીવનમાં આ પ્રથમ હતો. આજ સુધી એણે કોઈ પ્રકારનો ગુસ્સો જાહેર થવા દીધો નહોતો. આજે એવી શું વાત બની ગઈ ? બાદશાહને આશ્ચર્ય થતું હતું.

બાદશાહ પોતાની રાણી સામે ઝૂકી પડ્યા. એમને ઝૂકેલા દેખી, રાણીએ રાય મુબારક અને એના સાથીદારોને મુક્તિની માગણી કરી. બંડખોરોને મુક્તિ આપવી એ એકલા બાદશાહના હાથની વાત નહોતી. આ નિર્ણય તો દીવાન સભા જ કરી શકે એમ હતું. બંડખોરો અને જાસૂસો દેશના દુશ્મન હતા. બંડખોરોને મુક્તિ આપવા દલીલની જરૂર હતી. રાણી પાસે આની કોઈ દલીલ નહોતી. જો દરિયા પોતે પોતાના ભાઈને બંડખોર કહેતો હોય તો એને ખોટો કઈ રીતે કરી શકાય !

નિર્ણય નાજુક હતો. બાદશાહ અકબરનો ન્યાય આખી દુનિયામાં મશહૂર હતો. એ વગર કારણે કોઈને ફાંસીનો હુકમ શી રીતે આપી શકે ? પરંતુ મલકીને બાદશાહના અંતઃપુરમાં પહોંચાડવાની દરિયાની ચાલ, કારણ રૂપે કહેવી એ તો

પોતે પોતાના પગે કુહાડી મારવા જેવી હતી. બાદશાહ મલકી પર મોહી પડે તો ?

રાણીએ પોતાનું દુઃખ પોતાના ભાઈ બિરબલને કહ્યું. બિરબલ પાસે કઈ સમસ્યાનો ઉકેલ નહોતો ? એણે સમજાવ્યું કે જાટ જમીનદારોમાં પોતાના ભાઈની કતલ કરવી એ તો સાધારણ બાબત છે. સંભવ છે કે પોતાના ભાઈ રાય મુબારકને બંડખોર સાબિત કરવામાં દરિયાની આ જ ચાલ હોય. રાય મુબારક અને એના વારસદારોનાં મોત પછી એમની મિલકત અને ગામની જમીનદારી દરિયાને જ મળે એમ હતું. આવા અધમ વિચારોવાળા દરિયાને ફાંસી આપવી એ જેટલું વાજબી હતું. એટલું જ કૈમા અને એના સાથીઓને મુક્તિ આપવી એ સ્વાભાવિક હતું.

બાદશાહને આથી વધુ કોઈ દલીલની જરૂર નહોતી. એમણે ફેસલો સુણાવી દીધો.

દરિયાને ફાંસી આપતાં પહેલાં એની આખરી ઇચ્છા પૂછવામાં આવી. પરંતુ દરિયાની સર્વ ઇચ્છાઓ મરી ચૂકી હતી. ઊંચી પદવી અને બદલાની ભાવનાએ એના મનમાં જે સ્વપ્ન ખડું કર્યું હતું એ સરી જતું હતું. એની અંતિમ ઇચ્છા, ભલા શું હોઈ શકે ? એણે કૈમા અને મલકીને બોલાવી, મલકીનો હાથ કૈમાના હાથમાં સોંપી દીધો. આ જોઈ, રાય મુબારકના અન્ય કુટુંબીજનોની આંખમાં આંસુ આવી ગયાં. દરિયાની આંખમાંથી પણ આંસુ વહેવા માંડ્યાં. મોટાભાઈની માફી માગી એ ફાંસીના માંચડે ચડી ગયો.

એ રાત્રે યમુનાને કિનારે, કૈમા અને મલકી એકબીજાને પહેલી વાર એકાંતમાં મળ્યાં. ચંદ્રની ચાંદની, નદીનું એકાંત, વહેતા પાણીની શાંતિ અને દરિયાના અંતિમ સમયના પશ્ચાત્તાપે એ બંનેને એકબીજાની વધુ નજીક લાવી દીધાં હતાં.

કૈમાએ મલકીને પોતાના આલિંગનમાં લીધી અને મલકીની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ.

Lasertypeset by M/s First Pager, 'Vedant' 7, Kalpana Colony, Navrangpura, Ahmedabad-380 009 and printed at M/s Tarang Printers, New Delhi.